# બાઇબલ અભ્યાસ

ભાગ ૧૧



## બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ

રેવ. ડૉ. જયાનંદ ભાઈ ચોહાન

9BGB2

# બાઈબલ અભ્યાસ

(બાઈબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ)

## ભાગ - ૧૧

લેખક :
રેવ. ડો. જયાનંદ આઈ. ચૌહાન,
એમ.એ. (જર્નાલિઝમ)
'કનાન', મિશન રોડ, નડિયાદ-૩૮૭ ००૨

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

♦ *પ્રકાશક :*
**ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

♦ *લેખક :*
**રેવ. ડો. જયાનંદ આઈ. ચૌહાન,**
*એમ.એ. (જર્નાલિઝમ), યુ.એસ.એ.*

♦ **પ્રથમ આવૃત્તિ :** જૂન, ૧૯૯૯

♦ **પ્રત :** ૧૦૦૦

♦ **કિંમત :** રૂ. ૧૫-૦૦

♦ *મુદ્રક :*
**જેન્સન કોમ્પ્યુટર્સ,**
એન-૪ બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી, મ્યુ. સ્નાનાગાર સામે,
ખોખરા, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
**ફોન : ૨૧૬૨૪૪૧**

# અર્પણ - ૧



જન્મ તા. ૧૬-૭-૧૯૨૦
મરણ તા. ૧૧-૯-૧૯૯૦

## શ્રી. શામજીભાઈ ડાહ્યાભાઈ પરમાર

સ્વ.શ્રી. શામજીભાઈ ડાહ્યાભાઈ પરમારના સ્મરણાર્થે તેમનાં પત્ની શ્રીમતી સંતોષબહેન એસ. પરમાર, પુત્રી કુ. કરુણાબહેન એસ. પરમાર, પુત્ર શ્રી. અરવિંદભાઈ શામજીભાઈ, રાજકોટ તરફથી રૂ. છ હજાર પૂરા આ પુસ્તકના પ્રકાશન પેટે ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને સપ્રેમ ભેટ આપવામાં આવ્યા છે.

# અર્પણ - ૨



આનંદીબેન કેશવલાલ કાપડિયા
જન્મ તા. ૩-૩-૧૯૦૩
મરણ તા. ૨૨-૬-૯૨



આર્થર સેમ્યુલ દેસાઈ
જન્મ તા. ૬-૧૦-૧૯૨૮
મરણ તા. ૧૦-૯-૯૦



રમાકાંત સેમ્યુલ દેસાઈ
જન્મ તા. ૨-૧૦-૧૯૩૮
મરણ તા. ૫-૧૨-૯૬

આ પુસ્તકના પ્રકાશન માટે કુ. ઊર્મિલાબહેન કાપડિયા
તરફથી સ્વજનોની સ્નેહસ્મૃતિમાં
રૂા. ૧૫,૦૦૦/- ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીને
ભેટ આપવામાં આવ્યા છે.

# બે શબ્દો કહી લઉં..

આ "બાઈબલ અભ્યાસ" આપ સૌની સેવામાં ધરતાં આનંદ અનુભવું છું. લોકોએ પ્રશ્નો પૂછયા મેં પ્રાર્થનાસહિત તેના ઉત્તરો આપ્યા. "ખ્રિસ્તીબંધુ" દ્વારા એ પ્રશ્નોત્તરાવલી ક્રમશઃ ૧૯૭૫થી ચાલતી આવી. કદાચ ૧૯૪૬થી કહું તોય સાચું. એના દસ ભાગ અગાઉ બહાર પાડી શકાયા હવે આ અગિયારમો.

ખાનગી પત્રવ્યવહાર દ્વારા તો આ અગિયાર ભાગો કરતાં કરતાંય કેટલાયે ગણા જવાબો લખ્યા છે. જાણકારીનો દાવો કરવાની ધૃષ્ટતા નથી. આ તો હું લાભ્યો તેમાં બીજાંને ભાગીદાર બનાવું એ જ ભાવના છે. ત્યારે ૧૯૪૨ની સાલ હતી. બાઈબલના ખુલાસા, ઈત્યાદિ સંબંધીના ઘણા બધા પ્રશ્નો મનમાં હતા. મેં ઘણા મિત્રોને પૂછયું, લખ્યું. ખાસ કોઈએ રસ દર્શાવ્યો નહિ. પણ પછી પરમપિતા પરમેશ્વરે ક્રમશઃ પ્રકાશ આપવા માંડયો.

એવાં કંઈક વર્ષોનો અંગત બાઈબલ - અભ્યાસ, અને એ માટે કંઈક રાત્રિઓનાં જાગરણ, મથામણ, ઘૂંટણો પર પ્રાર્થના ! એ બધાંનો લાભ બીજાંને પણ મળે તો કેવું સારું ! એટલે મારી જેમ બીજાંના પ્રશ્નો - મૂંઝવણોમાં સહાયરૂપ બનવા આ પ્રશ્નોત્તરી શરૂ થઈ.

અને બાઈબલ-પ્રેમીઓએ તો હર્ષઘેલા બનીને આ પ્રયાસને વધાવી લીધો. પત્રો લખ્યા, જાતે મળ્યા, આનંદ અને આભાર વ્યક્ત કર્યા.

ખરું કહું? મારા ઉપર મૂકેલાં આ ભાવના અને ભરોસા માટે મેં છૂપો ક્ષોભ અનુભવ્યો. આનંદ તો થયો જ. તમ સહુનો કેટલો બધો આભાર માનું ?

આ કટારોને "ખ્રિસ્તીબંધુ"નાં ભૂતપૂર્વ તંત્રીશ્રી શ્રીમતી જયવંતીબહેન જે. ચૌહાને અને ૧૯૮૮થી શ્રી. આલ્બર્ટ ભાભોરે ઉદારભાવે તથા ધીરજથી માસિકમાં સ્થાન આપી ઉત્તેજન આપ્યું, માટે એમનો પણ આભાર.

'છેલ્લે, પ્રભુ પવિત્ર આત્માએ સહાય અને સમજબુદ્ધિ આપી એ માટે, અને તેમનાં અદ્ભુત વચન (બાઈબલ) માટે ત્રૈક ઈશ્વરનો આભાર માનું છું.

રેવ. ડૉ. જયાનંદ આઈ. ચૌહાન
૮-૧૧-૯૮

□

# વિષયાનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | અર્પણ-૧ | III |
| | અર્પણ-૨ | V |
| | બે શબ્દો કહી લઉં | VI |
| ૧. | શેતાન અને પાપનું અસ્તિત્વ | ૧ |
| ૨. | જળપ્રલયનો વિસ્તાર અને પાણીનું ઓસરવું | ૩ |
| ૩. | ગેપ થિયરી (અવકાશ મત) | ૫ |
| ૪. | ઈશ્વર, શૈતાન અને યોબ (અયૂબ) વચ્ચે વાદવિવાદ અને સંવાદ | ૬ |
| ૫. | સમરુની સ્ત્રીના પૂર્વજ | ૯ |
| ૬. | બોળ, અગર | ૧૧ |
| ૭. | યહૂદી પ્રજા માટે તારણનો નવો ઝરો ખોલવામાં આવશે ? | ૧૩ |
| ૮. | દેવ કે ઈશ્વર કે પરમેશ્વર ? | ૨૩ |
| ૯. | ઈસુબાપ કહેવાય ? | ૨૬ |
| ૧૦. | ભગવાન શબ્દ વાપરી શકાય ? | ૨૮ |
| ૧૧. | ત્રીજું વિશ્વયુદ્ધ, કાળિંગો અને નકલંક અવતાર | ૨૯ |
| ૧૨. | પ્રભુ ઈસુના પુનરાગમન સમયે શું શું થશે ? | ૩૭ |
| ૧૩. | પવિત્ર આત્માના નામે પ્રાર્થના કરી શકાય ? | ૪૧ |
| ૧૪. | ખ્રિસ્તવિરોધી જન્મ્યો છે ? | ૪૨ |
| ૧૫. | ગુજરાત સમાચાર તા. ૨૯-૬-૯૭ની રવિપૂર્તિમાં "જૈનધર્મ અને ઈસુખ્રિસ્ત" એ વિષે | ૪૩ |
| ૧૬. | પુસ્તકો (ખ્રિસ્તીધર્મને લગતાં) | ૪૮ |
| ૧૭. | પુનરુત્થાનમાં પરણવા-પરણાવવવાનું નથી ? | ૫૩ |

૧૮. બાઈબલમાં આપેલી વસ્તીગણતરી વિષે ૬૨
૧૯. યુફ્રેતિસ નદી અને પ્રભુનું પુનરાગમન ૬૫
૨૦. ખ્રિસ્તવિરોધીનો નાશ ૭૦
૨૧. ઈસુ વિષેની ભવિષ્યવાણી આખી દુનિયામાં ૭૩
૨૨. પિતરને સ્વર્ગમાં તેમ જ પૃથ્વી પર
બાંધવા છોડવાની સત્તા છે. ૭૯
૨૩. રોમન બાદશાહોનાં નામ ૮૩
૨૪. શામશૂનનું પરાક્રમ ૮૬
૨૫. ગુજરાત સમાચાર કંઈક નવું એ શિર્ષક હેઠળ..
નકલંક અવતાર ૮૮
૨૬. બાઈબલ આખું ચમત્કારોથી ભરેલું છે. ૯૬
૨૭. ચમત્કારો ઈશ્વર કરે છે કે શેતાન ? ૯૭
૨૮. દરેક કુળમાંથી બધા મળીને ૧૪૪૦૦૦ ૯૮
મુદ્રિત કરવામાં આવ્યા. પ્રકટીકરણ ૭:૪-૮
ફક્ત દાનના કુળમાંથી કેમ મુદ્રિત કરવામાં
આવ્યા નથી ?
૨૯. યરુશાલેમના કોટના દરવાજામાંથી જે સુવર્ણ ૯૯
દરવાજા તરીકે ઓળખાતો હતો.. એ દરવાજો
ઘણાં વર્ષોથી બંધ જ છે તેનું શું કારણ તે જણાવશો ?
૩૦. પ્રભુ ઈસુની ભવિષ્યવાણી માથ્થી ૨૪:૨
કેવી રીતે પૂરી થઈ છે ? ૧૦૧
૩૧. શિષ્યોને પવિત્ર આત્મા ક્યારે મળ્યો ? ૧૦૨
૩૨. શું પુત્રપ્રસવ દ્વારા સ્ત્રી તારણ પામી શકે ? ૧૦૩
૩૩. જીવનનું પુસ્તક શું છે ? ૧૦૪

| | | |
|---|---|---|
| ૩૪. | પ્રકટીકરણ ૭:૪, ૧૪:૩, એમ બે જગ્યાએ આ વિગત આપવામાં આવી છે ત્યાં એક લાખ ચુમાળીસ હજારને કુંવારા લખવામાં આવ્યા છે તે સમજાવશો. | ૧૦૬ |
| ૩૫. | "તે વિશ્રામવાર (સાબ્બાથ) મોટો હતો" યોહાન ૧૯:૩૧. | ૧૦૯ |
| ૩૬. | પ્રભુ ઈસુના જીવનસંબંધી બહારની સાક્ષી | ૧૧૩ |
| ૩૭. | મૂર્છા અથવા Slaying of the Spirit (આત્માનો ઘા) એ વિષે સમજાવશો. | ૧૧૫ |
| ૩૮. | પ્રભુનું પુનરાગમન અને યરુશાલેમના બનાવો | ૧૧૮ |
| ૩૯. | આપણાં અગાઉનાં વહાલાંઓને પ્રભુના પુનરાગમન વખતે આપણે પાછાં મળીશું. | ૧૨૦ |
| ૪૦. | ભૂમિ તળેનાં કોણ ? | ૧૨૨ |
| * | બાઈબલ અભ્યાસ ભાગ ૧ થી ૧૦માં છપાયેલા પ્રશ્નો અને જવાબ | ૧૨૫ |


□

## લેખકનાં આગામી પુસ્તકો

- ઉત્પત્તિ કે ઉત્ક્રાંતિ ?
- વિશ્વ બનાવો અને પ્રભુનું પુનરાગમન
- દુઃખનો પ્રશ્ન
- ક્ષતિરહિત બાઇબલ
- આટલી બધી ભાષાઓ ક્યાંથી આવી ?
- બાઇબલની કાળમાન પદ્ધતિ
- ગીતોના ગીતનું ભક્તિવર્ધક ભાષ્ય
- લેખકોને માર્ગદર્શન
- અખાતી યુદ્ધ, ઈરાક અને બાઇબલ
- પ્રાર્થનાપરાયણ હાઈડ

# ૧ શેતાન અને પાપનું અસ્તિત્વ

◆ **પ્રશ્ન :**

*શેતાન અને પાપનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું ? શેતાનના મનમાં જે પાપ આવ્યું તે પાપ પૃથ્વી પર કે સ્વર્ગમાં અગાઉ હયાત હશે જ ને ?*

◆ **જવાબ :**

પાપ તે કોઈ ભૌતિક વસ્તુ નહિ કે જેથી તેની પૂર્વ-હસ્તી હોય. ઈશ્વરે આકાશ અને પૃથ્વી છ દિવસમાં બનાવ્યાં. તે પહેલાં પાપની કોઈ હયાતી નહોતી. વળી છ દિવસોના ઉત્પત્તિ સમય દરમિયાન પણ ઈશ્વરે પાપને ઉત્પન્ન કર્યું નથી. એમ, પાપની કે ભૂંડાઈની હસ્તી સ્વર્ગ કે પૃથ્વી પર ક્યાંયે નહોતી. પણ ઈશ્વરે દૂતોને તેમ જ મનુષ્યને બક્ષેલી 'મુક્તેચ્છા'નો અવળો ઉપયોગ કરવાથી પાપ પેદા થયું.

ઈશ્વરે આકાશ અને પૃથ્વી બનાવ્યાં તે અગાઉ કોઈક સમયે દૂતોને બનાવ્યા. (અયૂબ ૩૮:૪-૭). ઈશ્વરને પોતાને છે એવી મુક્તેચ્છાનું દાન ઈશ્વરે દૂતોને પણ બક્ષ્યું. શેતાન પણ એક મુખ્ય દૂત હતો. અને તે 'લ્યુસિફર' તરીકે ઓળખાતો હતો. એટલે પ્રભાતનો તેજસ્વી તારો. મુક્તેચ્છા હોય ત્યાં પસંદગી કરવાના બે માર્ગો હોય જ નહિ તો મુક્તેચ્છા શાની ? મુક્તેચ્છા ન હોય તો દૂત કે માણસ યંત્ર કે પશુ સમાન ગણાય.

લ્યુસિફરે મુક્તેચ્છાથી ઈશ્વર પર પ્રેમ કરવાનું ને તેને આધીન રહેવાનું પસંદ ન કરતાં મુક્તેચ્છાનો અવળો ઉપયોગ કરીને ઈશ્વર

કરતાં પણ મહાન બનવાની ઇચ્છા કરી. એમ લ્યુસિફરના હૃદયમાં પાપનો જન્મ થયો. એમ તે શેતાન બન્યો (ઈશ્વર વિરોધી), વળી તેણે દૂતોમાં ઉશ્કેરણી કરી અને લગભગ ત્રીજા ભાગના દૂતો એ મુક્તેચ્છાનો અવળો ઉપયોગ કરીને શેતાનના પક્ષકાર બન્યા. તે બધા સ્વર્ગમાંથી દૂર કરાયા.

આદમ અને હવાને પણ ઈશ્વરે મુક્તેચ્છાનું દાન બક્ષ્યું, જેથી રાજી ખુશીથી ઈશ્વર પર પ્રેમ કરે, અને તેની ઇચ્છાને પસંદ કરીને ઈશ્વરને પ્રસન્ન કરે. પણ શેતાનની ઈશ્વર સામેની ચઢવણીથી તેઓએ મુક્તેચ્છાની અવળી પસંદગી કરીને ઈશ્વરની ઇચ્છાથી ઊલટું વર્ત્યાં તે જ તેમનું પાપ ! એમ એમની નિર્દોષાવસ્થામાંથી તેઓ પાપી બન્યાં. એમ મનુષ્યજાતમાં પાપી સ્વભાવ દાખલ થયો. (ઉત્પ. ૫:૩)

ઈશ્વર કદીયે પોતાની ઇચ્છા માણસો કે દૂતો પર ઠોકી બેસાડતા નથી. એટલું જ નહિ પણ એક સમયે ઈશ્વર માણસોનો તેમ જ દૂતોનો તેમની મુક્ત પસંદગીઓનો ન્યાય કરશે. (આથી વધુ મારાં પુસ્તકોમાં જુઓ).

☐

## ૨ જળપ્રલયનો વિસ્તાર અને પાણીનું ઓસરવું

◆ **પ્રશ્ન :**

*જળપ્રલયનો વિસ્તાર કેટલો ? અને જો આખી પૃથ્વી પર પાણી હતાં તો પાણી ઊતરીને (ઉત્પ. ૮:૧) કે ઓસરીને (ઉત્પ. ૮:૩) ક્યાં ગયાં ?*

◆ **જવાબ :**

(૧) જળપ્રલયનો વિસ્તાર આખી પૃથ્વી (જુઓ ઉત્પ. ૭:૧૯-૨૦) આખા આકાશ તળેના સર્વ ઊંચા પર્વત ઢંકાઈ ગયા. પર્વતો પર પંદર હાથ સુધી પાણી ચઢયું.

(૨) પાણી ઊતરી ગયાં... ઓસર્યાં. "અને ઈશ્વરે પૃથ્વી પર પવન ચલાવ્યો, ને પાણી ઊતરી ગયાં (ઉત્પ. ૮:૧). પૃથ્વી ગોળ છે, અને ઊંચામાં ઊંચા પહાડોની ઉપર પૃથ્વીનું વાતાવરણ ખૂબ ઊંચે સુધી ખુલ્લું છે. અત્યારના હિમાલયની ઊંચાઈ લગભગ સાડાપાંચ માઈલની ૮.૮ કિ.મી.ની ગણાય છે. અને પૃથ્વીના વાતાવરણનું સૌથી નીચલું પડ (જેને ટ્રોપોસ્ફીયર કહેવાય છે તે) ૧૧ માઈલ (૧૮ કિલોમિટર) ઊંચાઈ સુધી પૃથ્વી પર પથરાયેલું છે ! એ પછી બાજા સાત સ્ફિયર અથવા 'પડ' આવેલાં છે. પછીનું 'થર્મોસ્ફિયર' પડ પહેલા પડ પછી ૨૮૦ માઈલ (૪૫૦ કિલોમીટર) સુધી ઊંચે પથરાયેલું છે. એ પછી એકજોફિયર અને એ પછી પૃથ્વીના વાતાવરણનાં બીજાં ત્રણ 'સ્ફિયરો' (પડો) આવેલાં છે. ઈશ્વરે પવન ચલાવ્યો, એટલે પૃથ્વી પરનાં પાણી વરાળ થઈને ઊંચે ઉપર એ પડોમાં સમાઈ ગયાં.

ઓસર્યાં : ઉત્પ. ૭:૧૧માં આપ્યું છે કે, "નૂહના આયુષ્યના

છસેંમાં વર્ષના બીજા મહિનાના સત્તરમે દિવસે, તે જ દિવસે મોટા જળનિધિના ઝરા ફૂટી નીકળ્યા, ને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં." આકાશમાંથી (અંતરિક્ષમાંથી) પાણીનાં ફોરાં નહિ, પણ અંતરિક્ષનાં દ્વાર ખુલી ગયાં હોય એમ ધસારાબંધ પાણી તૂટી પડયાં. એ ઉપરાંત, જમીનના પેટાળના મહાસાગરોમાંથી ધોધબંધ ઝરા ફૂટી નીકળ્યા.

"દોઢસો દિવસ પછી પાણી ઓસર્યાં" (ઉત્પ. ૮:૭) જમીનની નીચેના પેટાળમાં આવેલા મહાસાગરો અને મહાનદીઓ - જ્યાંથી ઝરા ફૂટી નીકળ્યા હતા તે ઊંડાણોમાં પાણી પાછાં ચાલ્યાં ગયાં, તેથી પૃથ્વી પરથી પાણી ઓસર્યાં. આ 'ઓસર્યાં' શબ્દ હિબ્રૂમાં અજાયબ તકનિકી પ્રયોગ દર્શાવતો શબ્દપ્રયોગ છે. પણ એનું વર્ણન કરવા આપણી પાસે સમય નથી.

☐

# ૩ ગેપ થીયરી (અવકાશ મત)

♦ **પ્રશ્ન :**

*ઉત્પ. ૧:૧ અને કલમ ૨ વચ્ચે લાંબા યુગો આવેલા છે, અને ૧લી કલમમાં બનાવેલાં આકાશ અને પૃથ્વી પાપ પ્રવેશ્યાને કારણે ઈશ્વરે એમનો નાશ કર્યો અને કલમ ૩ થી ૭ દિવસમાં આકાશ અને પૃથ્વીનું નવસર્જન કર્યું એ માન્યતા વિશે શું ?*

♦ **જવાબ :**

એ 'ગેપ થીયરી' કે અવકાશ મત ખોટો છે. ઘણા બધા અભ્યાસકો એ મત માને છે કે વિજ્ઞાનના જે બધા યુગો વિજ્ઞાન માને છે તે આ વચલા 'ગેપ' ગાળામાં સમાવી શકાય છે. પણ આ માન્યતા ખોટી છે. જળપ્રલય અગાઉ કોઈ સમયે પણ ઈશ્વરે આકાશ તથા પૃથ્વીનો નાશ કર્યો નથી.

મારા પુસ્તક 'માર્ગદર્શિકા' (ચિત્રમય બાઈબલ અભ્યાસ માટે)માં "ખાલી ગાળાની માન્યતા" (વિનાશ પુનસર્જન માન્યતાનાં પૃષ્ઠ ૧૩ થી ૨૬ સુધીમાં એ માન્યતા નકારી કાઢી છે તે જોઈ લેવા વિનંતી.

□

# ૪ ઈશ્વર, શેતાન અને અયૂબ વચ્ચે વાદવિવાદ અને સંવાદ

◆ **પ્રશ્ન :**

*૧. શું શેતાન ઈશ્વરને ઉશ્કેરે ? અને શું ઈશ્વર આપણા ઉપર દુઃખ મોકલે ? (યોબ ૨:૩, ૧:૧૧, ૨:૫).*

*૨. શેતાન આપણો જીવ લઈ શકે ? (યોબ ૨:૬)*

◆ **જવાબ :**

વિશ્વમાં અનિષ્ટનો પ્રશ્ન અતિશય જટિલ છે, અને માનવી મગજથી પર છે. અનિષ્ટ એટલે દુઃખ, આફત, માંદગી, મૃત્યુ અને એવી અનેક અન-ઈષ્ટ કે અનિચ્છનીય બાબતો એમાં સમાઈ જાય છે. એનો ઉત્તર દુનિયાની કોઈ ફિલસૂફી કે ઈશ્વરવિદ્યા આ પૃથ્વી પર આપી શકી નથી કે આપી શકશે નહિ. "પૂર્વજન્મનાં કર્મનાં ફળ" એ એનો ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલો તર્ક માત્ર છે.

એમ યોબના પુસ્તકની વાત પણ એવી સમજણ બહારની વાત છે. એમાંથી અનેક પ્રશ્નો ઊભા થાય છે. જેમ કે :

ઈશ્વર શેતાનને કેમ સાંખી લે છે ? એનો નાશ કેમ નથી કરતા? ઈશ્વર કેમ શેતાનને અમૂક પ્રકારની મંજૂરી / છૂટ આપે છે? માણસને નાણી / ચકાસી જોવા ઈશ્વર શેતાનને કેમ વાપરે છે ? અને એવા અનેક પ્રશ્નો.

ઉપર જોયું તેમ ઈશ્વરે માણસને મુક્તેચ્છાનું દાન દીધું છે. એટલે પસંદગી કરવા બે માર્ગ તો જોઈએ જ, નહિ તો મુક્તેચ્છાનો કોઈ અર્થ નથી. અત્યારે તો માણસ આ તરફ પસંદગી કરે કે,

ઊલટી દિશા તરફ પસંદગી ઊતારે. પુનરુત્થાનમાં આપણે સંપૂર્ણ પવિત્ર બનીશું. અને મુક્તેચ્છા રહેવા છતાં રાજીખુશીથી પ્રભુને જ પ્રસન્ન કરીશું, ત્યારે એ નવા આકાશ અને નવી પૃથ્વીમાંથી શેતાન, તેના અપદૂતો અને ભૂંડું આચરનારાઓને સદાકાળના અગ્નિમાં નાખી દેવામાં આવશે. અને પાપની ગંધ સરખી પણ નહિ રહે. મૃત્યુ, માંદગી, શોક, હાડેંસ બધાંનો નાશ થશે. પછી અનિષ્ટનો પ્રશ્ન કદી રહેશે જ નહિ.

ના, શેતાન ઈશ્વરને કદી ઉશ્કેરી શકે જ નહિ. આખી દુનિયા અને શેતાન પણ ઈશ્વરના નિયંત્રણ નીચે છે. વળી ઈશ્વર આપણા પર દુઃખ આવવા દેતો નથી, એ ખરું, પણ જેમ માબાપ પોતાના આડે જતા બાળકને તેના ભલાને માટે શિક્ષા કરે તેમ ઈશ્વર પણ પોતાના આડે જતાં સંતાનને શિક્ષા કરે છે.

જો ખ્રિસ્તને સોંપાયા પછી આપણે પાપ કરીએ, અને પાપ કબૂલાત (૧ યોહા. ૧:૯) ન કરીએ તો પ્રભુ 'સોટી' મારીને આપણને સીધા માર્ગે લાવે છે (હિબ્રૂ ૧૨:૫-૧૧). પણ આવી શિક્ષા યા સોટીને અવગણતા જ રહીએ. અને પાપને માર્ગે ચાલતા જ રહીએ, તો પ્રભુ આપણને આખરે શેતાનને હવાલે સોંપી દે, જેથી શરીરનો નાશ (એટલે કે શારીરિક મૃત્યુ) થાય, પણ આત્મા બચેલો રહે (૧ કોરિંથી ૫:૫). શિક્ષા અને મૃત્યુ માટે ઈશ્વર શેતાનને વાપરે છે.

વળી આપણને નાણી/તપાસી જોવા ઈશ્વર શેતાન દ્વારા આફત યા દુઃખ આવવા દે છે. (યોબનો જ દાખલો લો.) વળી લૂક ૨૨:૩૧, ૩૨ (સંપૂર્ણ "સિમોન, સિમોન, ધ્યાન રાખજે. શેતાને તમને બધાને ઘઉંની જેમ ઝાટકવાને રજા મેળવેલી છે. પણ તારે માટે મેં પ્રાર્થના ગુજારેલી છે કે તારી શ્રદ્ધા ન ખૂટે" વળી જુઓ ૨ શમુ. ૨૪:૧ અને તે સામે ૧ કાળવૃ. ૨૧:૧. (આ વિષે વધુ

સમજવા જુઓ મારું પુસ્તક, બાઈબલ અભ્યાસ ભાગ ૪ પ્રશ્ન ૧ નં. ૩૭)

શેતાન આપણો જીવ લઈ શકે તો હા, પ્રભુ તેને પરવાનગી આપે તો (જુઓ. યોબ ૨:૬,૧ કોરિંથી ૫:૫ શેતાનને કારણે જ પૃથ્વી પર મરણ પ્રવેશ્યું (ઉત્પ. ૨:૧૩, ૩:૪).

□

# ૫ સમરુની સ્ત્રીના પૂર્વજ

♦ **પ્રશ્ન :**

*યોહાન ૪:૧૨માં સમરુની સ્ત્રી પ્રભુ ઈસુને કહે છે : "અમારા પૂર્વજ યાકોબે આ કૂવો અમને આપ્યો અને પોતે, તેનાં છોકરાંએ તથા ઢોરોએ એમાંથી પીધું. તેના કરતાં શું તું મોટો છે ?" તો શું યાકોબ અને તેનો દીકરો યોસેફ સમરુની હતા કે યહૂદી ?*

♦ **જવાબ :**

યોહાન ૪:૪-૬માં આપ્યું છે કે "સમરુનમાં થઈને તેને (પ્રભુ ઈસુને) જવું પડયું. માટે જે ખેતર યાકોબે પોતાના દીકરા યોસેફને આપ્યું હતું તેની પાસે સમરુનના સૈખાર નામે એક શહેર આગળ તે આવે છે. ત્યાં યાકોબનો કૂવો હતો. માટે ઈસુ ચાલવાથી થાકેલો હોવાથી કૂવા પર આવીને એવો જ બેઠો" આ સ્થળ યાકોબે વેચાતું લીધું હતું. (ઉત્પ. ૩૩:૧૯). અને ત્યાં યોસેફનાં હાડકાં દાટવામાં આવ્યાં હતાં. (યહોશુ. ૨૪:૨૨).

યાકોબ અને યોસેફ યહૂદી/ઇઝરાયલી હતા. ઈશ્વરે યાકોબનું નામ બદલીને "ઈઝરાયલ" પાડયું હતું. (ઉત્પ. ૩૨:૨૮)

ઈઝરાયલ રાજ્યના પાછલા દિવસોમાં આશ્શુરના (હાલના ઈરાકના) બળવાન રાજ્યના રાજાઓ ઇઝરાયલ રાજ્ય પર ચઢી આવ્યાં. (સાર્ગોન રાજા. આશ્શુર બાનીપાલ રાજા) અને ઈ.પૂર્વે. ૭૪૦માં મોટા ભાગના લોકોને અહીંથી ઉપાડીને આશ્શુર લઈ ગયા. થોડા જ લોકોને પાછળ રહેવા દીધા (૨ કાળ. ૩૪:૬૯).

અને ખાલી પડેલા સમરુનના મુલકમાં બાબિલોનથી, હમાયથી, અરબસ્તાનમાંથી, અને પાછળથી એલામ અને અન્ય પ્રદેશોમાંથી ત્યાંના લોકોને લાવીને અહીં વસાવ્યા. (૨ રાજા ૧૭:૧૯). આ મિશ્ર પ્રજા યહોવાની પૂજા કરતી થઈ. તેઓ સમરુનીઓ કહેવાયા. તેઓ મોશેનાં પાંચ પુસ્તકોને ફક્ત માને છે.

તેઓ પરદેશીઓ હોવાથી યહૂદીઓ તેમનો સ્વીકાર કરતા નહોતા. તેમની સાથે રોટીબેટીનો પણ વ્યવહાર રાખતા નહોતા.

□

# ૯ બોળ, અગર

♦ **પ્રશ્ન :**

*બોળ અને અગર શું છે? ઈસુના શબ ઉપર કપડાંઓ પર એ મિશ્રણ પ્લાસ્ટર ઓફ પેરિસ જેવું સખત પડ જામી ગયું હતું? પ્રભુ ઈસુ ઊઠયા ત્યારે એ વસ્ત્રોનું ખોખું કબરમાં પડી રહ્યું હતું?*

♦ **જવાબ :**

બોળ, બહુ જાણીતા સદા બહાર અને સુંદર છોડવાઓ ઉપર આ ગુંદર થાય છે. એની અરબી જાત હોય છે, અને પાલેસ્તાઈન (હવે ઈઝરાયલ)ની જાત પણ થાય છે. એનો વપરાશ સુગંધી દ્રવ્ય તરીકે થાય છે. શરીરે મર્દન માટે તે વપરાય છે. વળી ઈજિપ્તમાં મમી બનાવવા માટે અને પાલેસ્તાઈનમાં શબને કફનના વીંટાઓમાં શબ આસપાસ લગાડવામાં આવતું. અભિષેક માટેના પવિત્ર તેલમાં એનો વપરાશ થતો. બહુ જ સુગંધીદાર આ દ્રવ્ય મૃત્યુ અને દુઃખની નિશાની પણ ગણાતી. કન્યાઓ આ બોળની પોટલી છાતી સરસી રાખતી. (ગી.ગી. ૧:૧૩).

'અગર અથવા અગરુ'. આ પદાર્થ પણ અમુક પ્રકારનાં ઝાડોનો ગુંદર છે. ભારત અને ચીનમાં એ ઝાડો થાય છે. ગ્રીક લોકો અને આરબોમાં પણ એનો વપરાશ જાણીતો હતો. બંગાળની પૂર્વ તરફ એનાં બહુ ઊંચાં ઝાડ થાય છે. એનો ગુંદર તેમ જ ઝાડમાંથી નીપજતું તેલ સુગંધી દ્રવ્ય તરીકે વપરાતું. જૂના જમાનામાં યર્દન ખીણવિસ્તારમાં એનાં ઝાડ થતાં, અત્યારે ત્યાં જોવા મળતાં નથી.

"યહૂદીઓની દાટવાની રીત પ્રમાણે" (યોહા. ૧૯:૪૦) પ્રભુ ઈસુના શબને સુગંધી દ્રવ્ય લગાડયાં. નિકોદેમસ સો શેર (સો રતલ એટલે લગભગ ૫૦ કિલો) જેટલું બોળ અને અગરુનું મિશ્રણ લાવ્યો હતો. યહૂદીઓની દાટવાની આ રીત હતી : આઠ આઠ ફૂટ લાંબા લુગડાના કકડાઓ (વીંટાઓ)માં હાથો, પગો અને શરીર પર પેલા સુગંધી મિશ્રણને વીંટવામાં આવતું. એમાં કોઈ ગાંઠ વાળવામાં આવતી નહોતી, અને કંઈ સીવણકામ કરવામાં આવતું નહોતું.

ગુજરાતી બાઇબલમાં (યોહા. ૧૯:૪૦) "શણના લુગડામાં લપેટયું" એમ લખેલું છે તે ભૂલ ભરેલો તરજૂમો છે. હિંદી બાઇબલમાં "મલમલકી પટ્ટિયો સે લપેટા", એ મૂળ ગ્રીક પ્રમાણે બરાબર છે.

આ ચીકણા અઢી મણ વજનના મિશ્રણમાં એ વીંટાઓ કે પટ્ટાઓ સખત ચોંટી ગયા. પ્રભુ ઈસુ પુનઃસજીવન થઈને કબરની બહાર નીકળી ગયા ત્યારે સાપ જેમ કાંચળી આખી જ ઊતારીને નીકળી જાય તેમ ચીપકી ગયેલા પટ્ટાઓ શરીર આકારમાં કબરમાં પડી રહ્યા. માથાનો પટકો જાણે માથે વીંટાળેલો હોય તેમ માથા બાજુ પડેલો હતો. એટલે જ પિતર અને યોહાનને ખાતરી થઈ કે પ્રભુ ઈસુ ઊઠયા છે. (યોહાન. ૨૦:૩-૮)

□

# ૭ યહૂદી પ્રજા માટે તારણનો નવો ઝરો ખોલવામાં આવશે ?

♦ **પ્રશ્ન :**

*દાનિયેલ ૯:૨૪માં જણાવ્યા પ્રમાણે યહૂદીઓના હક્કમાં જે છ જેટલી બાબતો બનનાર છે તે વિષે સમજાવશો ? પ્રભુ ઈસુએ વધસ્તંભ ઉપર સર્વ લોકો માટે ઉદ્ધારનું કાર્ય કર્યું, તેથી કશુંક વધારે યહૂદીઓ માટે કરવામાં આવશે શું ?*

♦ **જવાબ :**

વધસ્તંભ ઉપર જે બલિદાન દીધું તે દ્વારા દુનિયાના સર્વ લોકો માટે ઉદ્ધારનું કાર્ય સ્થાપિત થયું છે, - વિદેશીઓ માટે તેમ જ યહૂદીઓ માટે. પણ અંત સમયે પ્રભુના પુનરાગમન સમયે દુનિયાના એકેએક યહૂદીનો એકસામટો નવો જન્મ થશે. તે સમયે આ છ બાબતો બનશે.

આ છ બાબતો યહૂદીઓના હકમાં બને ત્યાર પહેલાં (વર્ષોનો) "સિત્તેર અઠવાડિયાં" પૂરાં થશે, એ પછી આ છ બાબતો બનશે.

બાબેલના બંદીવાસ (ઈ.પૂર્વે ૬૦૬)થી માંડીને "વિદેશીઓના સમયો" શરૂ થાય છે, અને પાલેસ્તાઈન અને યરુશાલેમ ઉપર વિદેશીઓ હકૂમત ધરાવે છે. વળી ઈ.સ. ૭૦માં તિતસને હાથે પાલેસ્તાઈન જિતાઈ ગયું, અને યરુશાલેમ શહેરનો મહાનાશ થયો. ત્યારથી માંડીને અત્યારના જમાના સુધી યહૂદીઓ દુનિયાના ૧૦૪ દેશોમાં વિખેરાઈ ગયા હતા. જેમ રેલવેના મુખ્ય પાટા ઉપરથી

એન્જિનને કે આખી ગાડીને રેલવે યાર્ડમાં 'શન્ટિંગ' કરી દે, - યાર્ડમાં નાખી મૂકે, - એમ આ લાંબા ગાળા સુધી યહૂદીઓને ઈશ્વરના ઇતિહાસના મુખ્ય પાટા પરથી દૂર કરીને તેને 'યાર્ડ'માં નાખી મૂક્યા છે; અને મંડળી મુખ્ય પાટા પર અત્યારે દોડી રહી છે.

પણ 'સિત્તેર અઠવાડિયાં' વીત્યા પછી યહૂદીઓ (ઇઝરાયલ)ને મુખ્ય પાટા પર લાવવામાં આવશે, અને એ પછી યહૂદીઓનો કાયમી સુવર્ણયુગ આવશે. અને હવે એની પૂર્વતૈયારી ચાલી રહી છે. પ્રભુનાં વચનો પ્રમાણે ઇઝરાયલ પ્રજાને ઇઝરાયલના દેશમાં એકત્ર કરવામાં આવી છે. પણ હઝકિયેલના ૩૭મા અધ્યાયમાં સૂકાં હાડકાંથી ભરેલી ખીણનું સંદર્શન આપ્યું છે તેમ, ઇઝરાયલ લોકો સૂકાં હાડકાં જેવા હતા, તે હવે એકબીજા સાથે જોડાઈને ઉપર ચામડી તથા માંસ આવ્યું છે, પણ પ્રભુએ તેમને હજી સજીવન કર્યા નથી (હઝકિ. ૩૭:૮). હજી એ 'શબ' સમાન છે. શબને હાડકાં, માંસ અને ચામડી હોય છે, પણ જીવ નથી હોતો. એ હાલતમાં અત્યારે યહૂદીઓ છે, - વચનના દેશમાં પાછા આવ્યા છતાં પણ શબને વધારે સમય સુધી રાખી મૂકીએ તો તે સડી ઊઠે, - ગંધાઈ ઊઠે !

એટલે જ હવે ટૂંક સમયમાં જ ઇઝરાયલ લોક ઉપર પ્રભુ જીવનનો શ્વાસ ફૂંકશે, ને તેઓ ખરેખર પ્રભુના લોક બનશે. (હઝકિ. ૩૭:૯). ટૂંક સમયમાં જ પ્રભુ ઈસુ ગગનમાં ઊતરશે, અને તેમની મંડળી ઉપર ગગનમાં ઊંચકી લેવાશે, એ પછી સિત્તેરમું અઠવાડિયું (સાત વર્ષનું સપ્તાહ) શરૂ થશે. એમાં ખ્રિસ્તવિરોધી અગત્યનો પણ ભૂંડો ભાગ ભજવશે. અને આ સાત વર્ષની આખરમાં પ્રભુ ઈસુ પોતાની મંડળી સાથે ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરશે. (ઝખાર્યા ૧૪:૪), ખ્રિસ્તવિરોધીઓનો સંહાર કરશે, અને

યહૂદીઓની અતિ ભયાનક હાલતમાંથી તેઓનો અજાયબ જેવો (ચમત્કારિક) બચાવ કરશે, તે સમયે યહૂદીઓ પ્રભુ ઈસુને ઓળખશે; મહા વિલાપભર્યો પસ્તાવો કરશે. (ઝખાર્યા ૧૨:૯, ૧૦) તે દિવસે પ્રભુ તેમને 'નવું હૃદય' આપશે, અને તે સમયથી તેઓ પ્રભુના પવિત્ર લોક બનશે. એ સમયે દાનિયેલ ૯:૨૪ની છ બાબતો યહૂદીઓના હકમાં પૂર્ણ થશે.

એક જ દિવસમાં ઈઝરાયલ પ્રજાનો નવો જન્મ થશે, અને તેઓ પ્રભુ ઈસુનો પોતાના તારનાર અને મસીહ તરીકે સ્વીકાર કરશે.

એ સમયે નીચેની છ બાબતો યહૂદી પ્રજા માટે બનશે યહૂદી પ્રજામાંથી -

(૧) અપરાધ બંધ પડશે;

(૨) પાપનો અંત લવાશે;

(૩) દુરાચારનું પ્રાયશ્ચિત થશે; અને તેમને માટે

(૪) સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવામાં આવશે;

(૫) સંદર્શન તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરાશે; અને

(૬) પરમપવિત્રનો અભિષેક કરવામાં આવશે.

યહૂદી પ્રજાના હક્કમાં બનનાર આ છ બાબતો સંબંધી આપણે એક પછી એક જોઈએ તે પહેલાં આટલું જ થોડું સમજી લઈએ. અત્યારે મંડળીનો જમાનો છે, અને યહૂદી પ્રજાનો નથી. મંડળી પ્રભુ ઈસુનો સ્વીકાર કરતા વિદેશીઓની, તેમ જ પ્રભુ ઈસુનો સ્વીકાર કરતા યહૂદીઓની બનેલી છે. એટલે, જે યહૂદીઓ પ્રભુ ઈસુનો સ્વીકાર કરે છે, તેઓ મંડળીનું અંગ બની જાય છે, અને એ પછી તેઓ યહૂદી પ્રજા સાથે ગણાતા નથી. વિદેશીઓ સાથે

તેઓ મળી જઈને ખ્રિસ્તની મંડળી બની જાય છે. સંત પાઉલે એ સંબંધી ગલાતી ૩:૨૬-૨૮માં સ્પષ્ટ કર્યું છે : "માટે હવે યહૂદી કે હેલેની (વિદેશી) કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરુષ કે સ્ત્રી કોઈ નથી; કેમ કે તમે બધાં ખ્રિસ્તમાં એક છો." વળી કલોસી ૩:૧૦-૧૧માં પણ સંત પાઉલ એ જ વાત કરે છે : "અને જે નવું માણસપણું તેના ઉત્પન્ન કરનારની પ્રતિમા પ્રમાણે તેના જ્ઞાનને અર્થે નવું કરાતું જાય છે, તે તમે પહેર્યું છે. તેમાં નથી ગ્રીક (વિદેશી) કે યહૂદી, નથી સુન્નતી (યહૂદીઓ) કે બેસુન્નતી (વિદેશીઓ), નથી બર્બર, નથી સિથિયન, નથી દાસ કે સ્વતંત્ર; પણ ખ્રિસ્ત સર્વ તથા સર્વમાં છે."

એમ, યહૂદીઓ મંડળીના આ જમાનામાં ઈસુ ખ્રિસ્તને સ્વીકાર્યા પછી યહૂદીઓ તરીકે રહેતા નથી. પણ 'ખ્રિસ્તની મંડળી' બની જાય છે. તેથી તેઓને યહૂદી પ્રજાને જે આશીર્વાદો અને વચનો અપાયાં છે તેમાં હિસ્સો મળશે નહિ; પણ મંડળીને મળનારા આશીર્વાદમાં હિસ્સો મળશે. યહૂદી પ્રજાને 'યહૂદી પ્રજા;' તરીકે ખાસ પ્રકારના આશીર્વાદ મળનાર છે.

હવે આપણે 'સિત્તેર અઠવાડિયાં' (વર્ષોનાં સિત્તેર અઠવાડિયામાં) વીત્યા બાદ યહૂદીઓના હકમાં બનનાર છ બાબતો એક પછી એક જોઈએ :

### ક. અપરાધ બંધ પાડવામાં આવશે :

પ્રભુ ઈસુ ક્રૂસ પર બલિદાન બન્યા, અને પાપનો અંત આણ્યો. હિબ્રૂ. ૧૦:૧૨માં જણાવ્યું છે તેમ, પ્રભુ ઈસુએ "પાપોને માટે એક પૂરતું બલિદાન સર્વકાળને માટે કરીને" પાપનો અંત આણ્યો છે અને "આપણને હમણાં તેના રક્તથી ન્યાયી ઠરાવવામાં આવ્યા છે" (રોમન ૫:૯). આ આખા જગત માટેના બલિદાનની વાત અહીં આપણે કરતા નથી : પણ યહૂદી પ્રજાના એક પ્રજા તરીકે

(કોઈ યહૂદી વ્યક્તિઓ, વ્યક્તિઓ તરીકે ખ્રિસ્તી બને તેઓ માટે નહિ, પણ યહૂદીઓની સમગ્ર પ્રજા તરીકે) તેઓના અપરાધ બંધ પાડવાની વાત છે. યહૂદી પ્રજાના અપરાધો હજી દૂર કરાયા નથી, કેમ કે તેઓ એક પ્રજા તરીકે ઈશ્વરની 'કૃપાદષ્ટિ' આગળથી દૂર રખાયા છે. તેઓ એક સમગ્ર પ્રજા તરીકે પસ્તાવો કરશે અને ઈશ્વર તરફ ફરશે ત્યારે તેઓના સર્વ અપરાધ દૂર કરવામાં આવશે.

**ખ. પાપનો અંત લાવવામાં આવશે :**

દુનિયાના લોકોનાં પાપની વાત આમાં નથી, પણ 'યહૂદી પ્રજા'ના પાપનો અંત લાવવામાં આવશે. રોમન ૧૧:૨૫-૨૭માં એ વિશે આમ લખ્યું છે : "કેમ કે હે ભાઈઓ ! (તમે પોતાને બુદ્ધિમાન ન સમજો, માટે) વિદેશીઓની સંપૂર્ણતા માંહે આવે ત્યાં સુધી ઇઝરાયલમાં કેટલેક ભાગે કઠિનતા થઈ છે, એ રહસ્ય વિશે તમે અજાણ્યા રહો, એવી મારી ઈચ્છા નથી. અને પછી તો તમામ ઈઝરાયલ તારણ પામશે. લખેલું છે કે, સિયોનમાંથી ઉદ્ધાર કરનાર આવશે; તે યાકોબમાંથી અધર્મને દૂર કરશે; હું તેઓનાં પાપનું નિવારણ કરીશ, ત્યારે તેઓની સાથેનો મારો કરાર (પૂર્ણ) થશે." યહૂદીઓમાંથી પાપનો અંત લાવવાનું પહેલું થવું જોઈતું હતું, પણ એ છેલ્લે થશે; પ્રભુ ઈસુના પુનરાગમન સમયે તેમનાં પાપનો અંત આવી જશે, કેમ કે તેઓ આખી પ્રજા તરીકે તે સમયે ઈસુને અર્પાઈ જશે. એ થાય તે પહેલાં યહૂદી પ્રજા માથેનાં સિત્તેર અઠવાડિયાં પૂરાં થશે, અને પ્રભુ ઈસુનું પૃથ્વી ઉપર પુનરાગમન થશે.

**ગ. દુરાચારનું પ્રાયશ્ચિત કરવામાં આવશે :**

આ વાત વિદેશીઓ કે મંડળી માટે નથી, પણ સમગ્ર યહૂદી પ્રજા માટે છે. સમગ્ર યહૂદી પ્રજામાંથી દુરાચાર દૂર કરવામાં આવશે; અને એને માટે પ્રાયશ્ચિત કરવામાં આવશે. ઈસુના પૃથ્વી

ઉપરના બીજી વારના અવતરણ વખતે એ બનશે. પ્રભુ ઈસુ ગગનથી પૃથ્વી ઉપર ઊતરતા હશે ત્યારે યહૂદીઓ તેમને આવતા જોઈને, (યહૂદી વ્યક્તિઓ તરીકે નહિ, પણ એક પ્રજા તરીકે યહૂદીઓ) વિલાપ અને પશ્ચાતાપ કરશે.

યહૂદીઓ મિસરમાંથી નીકળ્યા ત્યારે તેમની આગળ મોટો સમુદ્ર રસ્તામાં આવ્યો હતો, એટલે તેઓ આગળ વધી શકે તેમ નહોતું. વળી તેમને જમણે તથા ડાબે ઊંચા પર્વત આવેલા હતા, તેથી તેઓ ડાબે કે જમણે વળી શકે તેમ પણ નહોતું. અને તેમનાથી પીછેહઠ તો કરાય તેમ હતું જ નહિ, કારણ, તેમની પાછળ મિસરીઓનું મોટું સૈન્ય તેમને પકડી લઈ જવા આવ્યું હતું. તેમને માટે બચાવનો કોઈ માર્ગ જ નહોતો. આવી ભયંકર પરિસ્થિતિમાં તેમણે ઈશ્વરને પોકાર કર્યો, અને ઈશ્વરે ચમત્કારિક રીતે સૂફ સમુદ્રના બે ભાગલા પાડી દીધા, જેથી યહૂદીઓ સહીસલામત પાર નીકળી જાય.

એમ, પ્રભુ ઈસુના પુનરાગમન સમયે ખ્રિસ્તવિરોધીએ આખી દુનિયાની પ્રજાઓનાં લશ્કરોને યહૂદી પ્રજાની સામે યરુશાલેમ પાસે હાર-માગેદોનના મેદાનમાં એકત્ર કર્યા હશે, ત્યારે યહૂદીઓની આંખ આગળ પોતાનો સત્યાનાશ તરવરતો હશે, એવા મહા ભયંકર સમયે યહૂદી પ્રજા બચાવને માટે પોકારી ઊઠશે. અને તે જ સમયે પ્રભુ ઈસુ ગગનમાંથી પૃથ્વી ઉપર ઊતરતા હશે. અને "પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તે (ખ્રિસ્તવિરોધી)નો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે." (૨ થેસ્સા. ૨:૮). અને યહૂદી પ્રજા તો અચંબો પામીને જોઈ રહેશે કે, આપણો બચાવ કોણે કર્યો ? ત્યારે તેઓ પ્રભુ ઈસુને જોશે, તેના વીંધાયેલા હાથો અને પગો જોશે, ત્યારે તેઓ રડીને કહેશે કે, અમારા બાપદાદાઓ, હા, અમારી પ્રજાએ, જેને મારી નાખ્યા હતા એ જ

આ પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે ! અને તેમણે જ આપણો ઉદ્ધાર કર્યો છે ! એ પછી તો આખીયે યહૂદી પ્રજા પોકેપોક મૂકીને રડશે, અને પશ્ચાતાપ કરશે. ઝખાર્યા ૧૨:૯-૧૧માં એ બનાવનું કેવું હ્રદયદ્રાવક વર્ણન આપ્યું છે !

"વળી તે દિવસે જે સર્વ પ્રજાઓ યરુશાલેમ વિરુદ્ધ ચઢી આવશે તેઓનો વિનાશ કરવાની કોશિશ હું કરીશ. હું દાવિદના વંશજો પર તથા યરુશાલેમના રહેવાસીઓ પર કૃપાનો તથા વિનંતીનો આત્મા રેડીશ. અને મને, જેને તેઓએ વીંધ્યો છે,તેની તરફ તેઓ જોશે; અને જેમ કોઈ પોતાના એકના એક પુત્રને માટે શોક કરે તેમ તેઓ તેને માટે શોક કરશે, ને જેમ કોઈ પોતાના જયેષ્ઠ પુત્રને માટે દુઃખી થાય તેમ તેઓ તેને લીધે દુઃખી થશે. અને મગિદ્દોનની ખીણમાં હદાદરિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ તે દિવસે યરુશાલેમમાં થશે" (ઝખાર્યા ૧૨:૯-૧૧). **તે દિવસે** એટલે પ્રભુ ઈસુના પુનરાગમનને સમયે.

આ પ્રમાણે ભારે પશ્ચાતાપ સહિત યહૂદી પ્રજા એકસામટી પ્રભુ ઈસુનો સ્વીકાર કરી લેશે. અને પ્રભુ ઈસુ તેઓને પોતાની પ્રજા તરીકે સ્વીકારી લેશે. એમ, તેઓના દુરાચારનું પ્રાયશ્ચિત થશે. ઝખાર્યા ૧૩:૧માં જણાવ્યું છે, કે "તે દિવસે દાવિદના વંશજોના તથા યરુશાલેમના રહેવાસીઓનાં પાપ તથા અશુદ્ધતા (દૂર કરવા)ને માટે એક ઝરો ઉઘાડવામાં આવશે."

### ઘ. સદાકાળનું ન્યાયીપણું દાખલ કરવામાં આવશે :

'સદાકાળનું ન્યાયીપણું' એટલે ઈશ્વર અને માણસ વચ્ચે અનુકૂળ વ્યવહાર યા પરિસ્થિતિ સ્થાપવી (યર્મિયા ૨૩:૫, ૬) અને એ વ્યવહાર તથા પરિસ્થિતિ કાયમી બને. એદન બાગમાં આદમ-હવાનું પતન થયા પૂર્વે તેઓનો પરમેશ્વર સાથેનો જે સંબંધ અને વ્યવહાર હતો, તેવો સંબંધ એ ન્યાયીપણું, અને સદાકાળનું

ન્યાયીપણું તો સહસ્ત્રાબ્દી (હજાર વર્ષના) રાજમાં જ સ્થાપન થશે. ઈઝરાયલમાંથી અપરાધો દૂર કરાય તથા પાપનો અંત આવે ત્યારે જ સદાકાળનું ન્યાયીપણું સ્થાપી શકાય.

એ વિશે યશાયા કહે છે : તારા લોક (યશાયાના લોક એટલે ઈઝરાયલ પ્રજા) પર હું મારો હાથ ઉગામીશ, અને જેમ ક્ષારથી (મેલ કપાય છે તેમ) તારો મેલ કાઢી નાખીશ, તારામાંથી બધો ભેગ હું દૂર કરીશ. આદિકાળની પેઠે હું તારા ન્યાયાધીશોને, અને પૂર્વકાળની પેઠે તારા મંત્રીઓને પાછા લાવીશ; ત્યાર પછી તારું નામ ન્યાયનગર ધર્મપુરી કહેવાશે. સિયોન ઈન્સાફથી અને (પ્રભુ પાસે) તેના પાછા ફરનારા ન્યાયીપણાથી ઉદ્ધાર પામશે." (યશાયા. ૧:૨૫-૨૭). વળી જુઓ, યર્મિયા ૨૩:૫-૬.

સિત્તેર અઠવાડિયાં વીત્યા પછી પ્રભુ ઈસુના પૃથ્વી પરના પુનરાગમન સમયે સદાકાળનું ન્યાયીપણું ઈઝરાયલ પ્રજાને માટે સ્થાપવામાં આવશે.

## ચ. સંદર્શન તથા ભવિષ્યવાદ પર સિક્કો મારીને નક્કી કરવામાં આવશે.

આ વાક્યના જુદા જુદા અર્થ કરવામાં આવે છે. અમુક બાઈબલ-અભ્યાસીઓનું કહેવું છે કે, પ્રભુ ઈસુના પુનરાગમન સમયે બધાં ભવિષ્યકથનો પૂરાં થઈ ગયાં હશે, તે સમયે એ બધાંને સાચાં પડેલાં ભવિષ્યવચનો તરીકે સિક્કો અથવા મહોર મારવામાં આવશે.

બીજો મત માને છે કે, બધાં ભવિષ્યકથનો પૂરાં થઈ ગયાં હશે, એટલે તેમની ઉપર મહોર-સિક્કો મારીને રાખી મૂકવામાં આવશે.

ગમે તેમ, પણ ભવિષ્યવાણીઓ ફક્ત યહૂદીઓ મારફતે જ

આપવામાં આવી છે. બાઈબલના બધા જ પ્રબોધકો યહૂદી હતા. અને ઈશ્વરે તે દ્વારા જ ભવિષ્યવચનો આપ્યાં છે.

બાઈબલમાં આપેલાં બધાં ભવિષ્યવચનો પૂરાં થઈ જશે, એ પછી એ બધાં પર મહોર-સિક્કા મારીને બંધ કરી દેવામાં આવશે. પછી ભવિષ્યકથનો કરવાની જરૂર નહિ રહે, કારણ, સહસ્રાબ્દી (એક હજાર વર્ષના રાજ)માં પ્રભુ ઈસુને યહૂદીઓ તેમ જ આપણે મોઢેમોઢ જોઈશું, અને રૂબરૂમાં વાતચીત કરીશું. પછી ભવિષ્યવચનોની જરૂર રહેશે નહિ. "હમણાં આપણે (જોકે) દર્પણમાં ઝાંખું ઝાંખું જોઈએ છીએ, પણ ત્યારે નજરોનજર જોઈશું; હમણાં હું અપૂર્ણ જાણું છું, પણ ત્યારે જેમ હું પોતે જણાયેલો છું તેમ (પૂર્ણ રીતે) જાણીશ" (૧ કોરિંથી ૧૩:૧૨). હા, જ્યારે આપણે અને યહૂદીઓ બધા પૂર્ણપણે જાણનારા બનીશું, ત્યાર પછી સંદર્શનો અને ભવિષ્યકથનોની જરૂર નહિ રહે.

### ૭. પરમપવિત્રનો અભિષેક કરવામાં આવશે.

આ વાક્યમાંના 'પરમપવિત્ર' શબ્દના બે અર્થ કરવામાં આવે છે : કેટલાંક કહે છે કે, પ્રભુ ઈસુ પૃથ્વી પરના પોતાના પુનરાગમન વખતે દુષ્ટોનો નાશ કરશે, ખ્રિસ્ત વિરોધીનો સંહાર કરશે, અને શેતાનને ૧૦૦૦ વર્ષ માટે સાંકળે બાંધી ઊંડાણમાં રાખશે, એ પછી તે (પ્રભુ ઈસુ) યરુશાલેમમાં રહીને આખી પૃથ્વી પર ૧૦૦૦ વર્ષ (સહસ્રાબ્દી)નું રાજ્ય કરશે, અને દાવિદની રાજગાદી પુનઃ સ્થાપશે, તે સમયે (પ્રભુ ઈસુનો, રાજા તરીકે, અભિષેક (રાજ્યાભિષેક) કરવામાં આવશે. પણ આ માન્યતા સામે કહી શકાય કે પ્રભુ ઈસુ તો અભિષિક્ત છે જ, કારણ, તેમનાં નામ મસીહ અથવા ખ્રિસ્ત - એ બંનેનો અર્થ અભિષિક્ત થાય છે જ.

બીજી માન્યતા એમ કહે છે કે, આ તો સહસ્રાબ્દી રાજ્યકાળમાં બંધાનાર મંદિરના પરમપવિત્ર સ્થાનનો અભિષેક

કરવામાં આવશે. બાઈબલમાં કોઈ વ્યક્તિ માટે "પરમપવિત્ર' શબ્દ વાપર્યો નથી, એટલે અહીં એ શબ્દ મંદિર માટે જ વપરાયો છે. "સિત્તેરમા અઠવાડિયાં" દરમિયાન યરુશાલેમનું મંદિર બંધાશે ખરું, પણ સાત વર્ષના અંતભાગમાં એ મંદિર તોડી નંખાશે. પછી સહસ્રાબ્દી રાજમાં, હઝકિયેલ ૪૧મા અને ૪૨મા અધ્યાયમાં વર્ણવવામાં આવ્યું છે. તે મંદિર બંધાશે, અને એનો અભિષેક કરવામાં આવશે. શલોમોન રાજાના સમયમાં યરુશાલેમનું મંદિર બાંધવામાં આવ્યું, અને એની પ્રતિષ્ઠાક્રિયા કરવામાં આવી ત્યારે ઈશ્વરના દશ્ય ગૌરવ (શકીના)થી તે ભરાઈ ગયું. (૧ રાજા ૮:૧૦-૧૧). એમ, ઈશ્વરે એ મંદિરનો અભિષેક કર્યો, એવું જ સહસ્રાબ્દી મંદિરનું પણ થશે. (હઝકિયેલ ૪૩:૧-૬).

આ પ્રમાણે પ્રભુ ઈસુના પુનરાગમન સમયે તેમના પૃથ્વી પરના ઉતરાણ સમયે યહૂદી પ્રજાને માટે દાનિયેલ ૯:૨૪ વાળી છએ છ બાબતો પૂર્ણ થશે. યિર્મેયામાં એ વિશે સુંદર ભવિષ્યવાણી આપી છે : ""પણ યહોવા કહે છે કે, હવે પછી જે કરાર હું ઈઝરાયલના વંશજોની સાથે કરીશ, તે આ છે : હું મારો નિયમ તેઓના હૃદયમાં મૂકીશ, તેઓના હૃદયપટ પર તે લખીશ. હું તેઓનો દેવ થઈશ, ને તેઓ મારા લોક થશે. વળી યહોવાને ઓળખો, એમ કહીને તેઓ હવે પછી દરેક પોતાના પડોશીને, તથા દરેક પોતાના ભાઈને શીખવશે નહિ, કેમ કે નાનાથી તે મોટા સુધી તેઓ સર્વ મને ઓળખશે. હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવા કહે છે."

□

# ૮ દેવ કે ઈશ્વર કે પરમેશ્વર ?

◆ **પ્રશ્ન :**

*"ઘણાં વર્ષો પહેલાં મેં એક લેખમાં વાંચ્યું હતું કે દેવો ઘણા છે. (ઉત્પ. ૬:૨, ૧ કોરિંથી ૮:૫), એટલે આપણે દેવ શબ્દ નહિ વાપરતાં 'ઈશ્વર' શબ્દ વાપરવો જોઈએ. તો આ ઘણા દેવો તથા 'દેવના દીકરાઓ' ક્યા ? પ્રભુ, ઈશ્વર કે ઈશ્વર કે પરમેશ્વર - એ બધા શબ્દોમાં ફરક શું છે ? આપણા તારનાર પ્રભુ ઈસુ, પ્રભુ, દેવ, ઈશ્વર કે પરમેશ્વર શું છે ?"*

◆ **જવાબ :**

એક વાત પ્રથમથી આપણે સમજી લેવી જોઈએ કે કોઈપણ ભાષાના શબ્દો શરૂઆતથી મરજીમાં આવે તેમ, ફાવે તેમ બન્યા છે. તેથી વસ્તુ અને એનું નામ દર્શાવતા શબ્દ વચ્ચે કોઈ પ્રકારનો સંબંધ નથી. જેને આપણે 'ખુરશી' કહીએ છીએ, એને પહેલેથી આપણે 'ખાટલો' કહેતા આવ્યા હોત તો આજે ખુરશીને આપણે ખાટલો કહેતા હોત. ગ્લાસ એટલે કાચ છતાંયે પિતળના વાસણને પિતળનો ગ્લાસ કહીએ છીએ. એમ, વસ્તુ અને એના નામ તરીકે વપરાતા શબ્દ વચ્ચે કોઈ સંબંધ નથી.

બીજી એક સ્પષ્ટતા આપણે પ્રથમ સમજી લેવી રહી કે તરજુમા કરતી વખતે એક ભાષાના શબ્દો બીજા ભાષાના શબ્દોને ૧૦૦ ટકા મળતા આવે એવું બનતું નથી. એક ભાષાના શબ્દોનો ૧૦૦ એ ૧૦૦ ટકા અર્થ આપે એવા સામી ભાષામાં શબ્દ હોતા

નથી.૫૦ ટકા કે, ૨૫ ટકા કે ૧૦ ટકા અર્થ બતાવે એવા શબ્દ હોય છે. એટલે તરજુમામાં શબ્દોની પસંદગી કરવાની હોય છે.

ને બાઈબલનો ગુજરાતીમાં તરજુમો કરતી વખતે શરૂઆતના તરજુમાકારોએ ગ્રીક શબ્દ 'થીઓસ' માટે (દેવોસ) 'દેવ' શબ્દ પસંદ કર્યા સંસ્કૃત અને ગુજરાતીમાં દિવ એટલે ચળકવું પરથી દેવ, દીવો, દેવતા; દેવતાઈ શબ્દ બન્યા છે. પણ ભારતમાં તો ૩૩ કરોડ દેવો છે, જેમ કે વરુણદેવ (પવનદેવ), અગ્નિદેવ, પર્જન્યદેવ, વરસાદ દેવ, સવિતાદેવ, બળિયાદેવ, ચિંથરિયો દેવ, યમદેવ, અને એવા તેત્રીસ કરોડ દેવો. એ બધા ઈશ્વર નથી.

આમ, તેત્રીસ કરોડ દેવોમાં પ્રભુ ઈસુ પણ જાણે કે એ કોટીના ઈશ્વર ગણાઈ જાય એટલે "દેવ" શબ્દને બદલે ઈશ્વર શબ્દ ચઢિયાતો છે. પરંતુ ઈન્દ્રને પણ ઈશ્વર ગણવામાં આવે છે. આમ, ભારતની ભાષાઓમાંથી શબ્દો પસંદ કરીને ખ્રિસ્તી વિચારધારા વહાવવી તે ખૂબ અઘરું બને છે. કારણ, ભારતના હિંદુધર્મમાં પરમોચ્ચ અને વ્યક્તિરૂપ ઈશ્વર જેવું કંઈ જ નથી. "બ્રહ્મ" શબ્દ તે નિર્ગુણ ઈશ્વર યા શક્તિ છે. વળી હિંદુ ષડ દર્શન (છ ફિલસુફીઓ) માંથી બે ફિલસુફી નિરિશ્વરવાદી છે, અને ચાર ઈશ્વરમાં માનનારી છે. પણ તે ઈશ્વર નિર્ગુણ, નિરાકાર અને બિલકુલ પ્રવૃત્તિ રહિત છે.

એટલે ભારતની ભાષાઓમાં બાઈબલના ઈશ્વર માટે કોઈ જ શબ્દ નથી. વળી હિંદુ ધર્મ એ માણસે ઈશ્વરને જાણવા મારેલાં ફાંફાં એટલે કે માણસની શોધ છે. જ્યારે બાઈબલનો ઈશ્વર તે તો તેણે પોતાનું પ્રકટીકરણ માણસને આપ્યું એટલે એવા ઈશ્વર માટે કયો શબ્દ વાપરવો. ભારતની ભાષામાં એને માટે કોઈ શબ્દ નથી. આથી 'ઈશ્વર' શબ્દ કંઈક ચલાવી લેવાય એવો શબ્દ છે. એટલે હવે પછીનાં ગુજરાતી બાઈબલોમાં દેવને બદલે ઈશ્વર શબ્દ આવશે. રોમન કેથલિક તરજુમામાં 'ઈશ્વર' અને 'પરમેશ્વર' શબ્દ

વાપર્યો છે. હિન્દીમાં 'પરમેશ્વર' શબ્દ વાપર્યો છે. પરમેશ્વર એટલે પરમ ઈશ્વર. આ બધા અપૂર્ણ શબ્દો છે. એટલે ઊણો શબ્દ લઈને આપણે એમાં ખ્રિસ્તી અર્થ ભરવો પડે છે.

જેમ કે 'હલવાન' શબ્દ. પ્રભુ ઈસુને 'ઈશ્વરનું હલવાન' કહીએ છીએ. પણ ગુજરાતી ભાષામાં ઘેટાના બચ્ચા માટે કોઈ શબ્દ નથી. 'હલવાન' શબ્દ ગુજરાતી ડિક્ષનેરીઓમાં ફક્ત બકરીના બચ્ચા માટે, એક પ્રકારની કાશ્મીરી શાલ એ માટે વાપર્યો છે.

'દેવના દીકરાઓ' એટલે દૂતો પણ હોઈ શકે, કારણ કે બાઇબલમાં અન્ય સ્થળે દૂતો માટે એ શબ્દ વાપર્યો છે. અને એનો બીજો અર્થ તે પ્રભુ પર પ્રેમ રાખનાર લોકો માટે પણ એ શબ્દ વાપર્યો છે.

□

# ૯ ઈસુ બાપ કહેવાય ?

◆ **પ્રશ્ન :**

*વીસેક વર્ષ પહેલાં મારા પર લખવામાં આવેલું કે તમારી વાર્તામાં આવતો 'ઈસુ બાપ' શબ્દ બરાબર નથી. ઈસુ બાપ ઉચ્ચારવું એ ભૂલ છે. ઈસુ આપણો મિત્ર, સાથી, ભાઈ, સ્વામી કે તારનાર છે.*

◆ **જવાબ :**

હા, ઈસુ આપણા મિત્ર, ભાઈ, સ્વામી કે તારનાર છે, એ બરાબર છે. પણ ત્રૈએક (ત્રૈક) ઈશ્વરત્વમાં ત્રણ વ્યક્તિ છે, - પિતા, પુત્ર, અને પવિત્ર આત્મા. એ ત્રૈક ઈશ્વરત્વમાં પ્રભુ ઈસુ પિતા નથી, પણ પુત્ર છે. એમને માટે 'શબ્દ' પણ વપરાયો છે : 'શબ્દ સદેહ થયો.'

પણ બાઈબલમાં યશાયા ૯:૬માં તેમને પિતા કહેવામાં આવ્યા છે. ત્યાં આમ લખેલું છે : 'કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે, તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે, અને તેને અદ્‌ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, અને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે.'

બાઈબલે જન્મ લેનાર પ્રભુ ઈસુને સનાતન પિતા નામ આપ્યું છે, તો હું કોણ ના કહેનાર ?

ત્રૈકપણામાં ઊંડા ઉતરવામાં સાર નથી. બાઈબલ ત્રૈકપણું શીખવે છે, પણ તે સમજવું આપણા મગજની બહાર છે. ઈશ્વર

ત્રણ વ્યક્તિ (Three Persons) છતાં ઐક ઈશ્વરત્વ છે, અને જુદા જુદા ત્રણ ઈશ્વર નથી (જુઓ લૂક ૧૦:૨૨, યોહાન ૧:૧, ૧૦:૩૦, ૧૪:૯-૧૧).

□

## ૧૦ ભગવાન શબ્દ વાપરી શકાય ?

♦ **પ્રશ્ન :**

*કેટલાક વખત પર ચર્ચામાં એક ભાઈએ મને કહેલું કે આપણા તારનાર પ્રભુ ઈસુ માટે ભગવાન શબ્દ વાપરવો જોઈએ નહિ, કારણ ભગવાન શબ્દ અર્થ ખરાબ તથા બિભત્સ થાય છે, તો હિંદુભાઈઓ કેમ એ શબ્દ (ભગવાન) વાપરે છે, ઈશ્વર કે ઈશ્વર શબ્દ ખાસ વાપરતા નથી.*

♦ **જવાબ :**

ભગવાન શબ્દ હિંદુભાઈઓ વાપરે છે, અને તેઓ ઈશ્વર શબ્દ પણ વાપરે છે. તેઓ 'દેવ' શબ્દ ઓછો વાપરે છે. રોમન કેથોલિક ધર્મગુરુઓ તેમ જ લેમેનો પણ 'ભગવાન ઈસુ'એ બોલવામાં અને લખવામાં પણ વાપરે છે.

☐

## ૧૧ ત્રીજું વિશ્વયુદ્ધ, કાળિંગો અને નકલંક અવતાર !

◆ **પ્રશ્ન :**

*ગુજરાત સમાચારમાં તા. ૨-૫-૯૬ થી ૨૦-૬-૯૬ સુધી દર ગુરુવારે કંઈક નવું એ શિર્ષક હેઠળ : ૧૯૯૯માં ત્રીજું વિશ્વ યુદ્ધ થશે. કાળિંગો (ખ્રિસ્તવિરોધી Anti-Christ) વિનાશ વેરશે, અને નકલંક કલ્કી અવતાર (બાઈબલ પ્રમાણે : 'ખ્રિસ્તનું પુનરાગમન) થશે, વગેરે સંબંધીની નોત્રેડેમસની અને અન્યની ભવિષ્યવાણીઓ આપી છે તે બધાની છણાવટ કરશો, અને એ બધા વિષે બાઈબલનું શું શિક્ષણ છે તે પર પ્રકાશ પાડશો તો આભાર.'*

◆ **જવાબ :**

ઉપર જણાવેલી લેખમાળા તો ખૂબ લાંબી છે. વળી એમાં ઘણા વિષયો આવરી લીધા છે, અને કેટલીક વિરોધાભાસી અગમવાણી અને અર્થઘટન આપવામાં આવ્યાં છે, એ બધું આ એક 'કટારલેખમાં' આવરી લેવું તે અઘરું છે. વળી જુદી વ્યક્તિઓએ જુદા જુદા દ્રષ્ટિબિંદુથી પ્રશ્નો પૂછયા છે એ બધાં દ્રષ્ટિબિંદુઓના અલગ અલગ જવાબ ન આપતાં, બધાના સારરૂપ જવાબ આપું છું. અહીં બધી આપેલી માહિતીમાંથી પોતપોતાનો જવાબ શોધી લેવા વિનંતી છે.

**નોસ્ટ્રાડેમસ (નોત્રદામ) :** (એના વિષે મારા પુસ્તક 'જોષ જોવાનું પાપ'માં લંબાણપૂર્વક આપવામાં આવ્યું છે.) શેતાનના અશુદ્ધ આત્માઓ (evil spirits)ની મદદ દ્વારા જેમ બીજા તાંત્રિકોએ

અગમવાણીઓ લખી છે તેવું જ આ નોસ્ટ્રાદામસ સંબંધી છે. એના પહેલા પુસ્તકની બીજા ચોપાઈમાં તે લખે છે : 'જ્યારે હું (જાદુઈ) લાકડી મારા હાથોમાં લઉં છું, ત્યારે તરત મોજું મારા પગોને અને મારા પોષાકને ભીંજવે છે. હું એ અશુદ્ધ આત્માની વાણીને સાંભળું છું અને હું પૂણી જેવો ફિક્કો બની જાઉં છું, કેમ કે આકાશી પ્રકાશ અને આધિભૌતક દુનિયામાંથી અગમવાણી મારા ઉપર ઊતરી આવે છે.'

એ ઈશ્વરવાણી નહિ, પણ શેતાની દુનિયાની વાણી છે. સમાધિ અવસ્થામાં પ્રેત-દુનિયાનો તે માધ્યમ બને છે. એના તાંત્રિક ખંડમાં ટીપોય પર તાંબાની ચળકતી તાંસળીમાં નિતર્યું પાણી હોય છે. અને હાલના તાંત્રિકો 'કાચના ગોળા'નો ઉપયોગ કરે છે (ક્રિસ્ટલ ગેઝીંગ), એવી જ રીતે તે તાંસળીના પાણીનો ઉપયોગ કરતો, અને 'પ્રેતાત્મા'ઓની દુનિયાનો સંપર્ક સાધતો.

એની એક હજાર ચોપાઈઓ આઠ-દસ ભાષાઓના મિશ્રણમાં લખાયેલી હોવાથી કંઈ સ્પષ્ટ અર્થ નીકળતો નથી. જેને તે અર્થ ઘટાવવો હોય તે ઘટાવી શકાય. ખરો અર્થ કોઈ જાણતું નથી. જુદા જુદા લેખકોએ નોત્રેદામસની ચોપાઈઓના અર્થ તારવેલા એવાં આઠ પુસ્તકો મારી પાસે છે. પણ એમાં અરસપરસ અર્થનો મેળ બેસતો નથી. ચોપાઈઓમાં વાપરેલી ભાષાઓનો શબ્દોનો શંભુ મેળો છે : ફ્રેન્ચ, પ્રોવેન્કલ, જર્મન, ઈટાલિયન, ગ્રીક, લેટિન, હિબ્રૂ, અને યીદ્દિસ. એની આગાહીઓમાંથી થોડીક જ આગાહીઓ ખરી પડી છે. એણે સાલવારી તો આપી નથી, તો ૧૯૯૯માં ત્રીજું વિશ્વયુદ્ધ થશે એવો અર્થ કેવી રીતે ઘટાવી શકાય ? એની કેટલીય ચોપાઈઓ તો વારેવારે જુદા જુદા સંજોગોને લાગુ પાડવામાં આવી છે. કેટલીકનો તો કંઈ જ અર્થ બેસતો નથી.

**ઈશ્વર તરફથી ભવિષ્યવાણીઓ :** આદમ અને હવાએ પાપ કર્યું ત્યારથી જ ઈશ્વરે માનવજાતને ભવિષ્યકથનો આપ્યાં છે. "સ્ત્રીનું સંતાન" (ઈસુ ખ્રિસ્ત) ઉદ્ધાર માટે આવશે, અને બલિદાન બનશે, (ઉત્પત્તિ ૩:૧૩-૨૦). વળી ઈસુ ખ્રિસ્ત પૃથ્વીનો ન્યાય કરવાને હજારોહજારની સાથે આવશે એવું ભવિષ્યકથન હનોખે (ઈ.પૂર્વે ૨૯૮૮માં આજથી ૪૯૮૦ વર્ષ ઉપર) કર્યું હતું. (જુઓ યહૂદાનો પત્ર ૧૪-૧૫ કલમો). બાબિલોની બલઆમ મારફતે પ્રભુ ઈસુ ઇઝરાયલ મારફતે જન્મ લેશે એવી ભવિષ્યવાણી (ઈ.પૂર્વે. ૧૪૨૩માં જુઓ ગણના ૨૪:૧૭, ૧૯) આપવામાં આવી છે.

જળપ્રલય ઈ.પૂર્વે ૨૩૪૮માં એટલે કે આજથી ૪૩૪૦ વર્ષ પૂર્વે થયો, તે પહેલાં ઈશ્વરે જે જે વચનો આપ્યાં હતાં, અને ભવિષ્યવાણીઓ કરી હતી, એ બધું જળપ્રલય પછી નૂહના ત્રણ દીકરાઓ (શેમ, હામ, યાફેથ) મારફતે આંખી દુનિયામાં ફેલાઈ ગયું. કારણ, જળપ્રલય પછી દુનિયાની તમામ વસતી આ ત્રણ દીકરાઓથી થઈ. તારણહાર આવવાના છે, એ વિષેની ભવિષ્યવાણીઓ આખી દુનિયામાં એ રીતે પ્રસરી. અને દુનિયાની સર્વ પ્રજાઓ તારણહારની રાહ જોતી હતી. એટલે તો પૂર્વના "માગી" (જ્ઞાની) લોકો બેથલેહેમ આવ્યા. ચીનમાં પણ ભવિષ્યવાણી હતી કે, "પશ્ચિમથી" આ દિવ્ય પુરુષ આવશે. "ચૂ વંશના લ્યાઓવેન્ગના ૨૪મા વર્ષે ચોથા ચાંદના આઠમા દિવસે રાજાના મહેલને પ્રકાશમાન કરી દેતો પ્રકાશ નૈઋત્ય કોણમાં ચમક્યો. એના પ્રકાશથી અંજાઈને રાજાએ જ્ઞાનીઓને (પંડિતોને) એ વિષે પ્રશ્ન પૂછયા. તેઓએ પુસ્તકો બતાવ્યાં જેમાં જણાવ્યું હતું કે, પશ્ચિમમાંથી એક મહાન રાજા આવશે, જેનો ધર્મ આ દેશમાં પણ પ્રવેશ પામશે."

ગ્રીકોમાં પણ એવી માન્યતા પ્રચલિત હતી. પ્રભુ ઈસુના જન્મ

પૂર્વે ઍસ્ખીલશે લખેલા 'પ્રોમેથિસ'માં લખ્યું છે : "આ શ્રાપના અંતની રાહ ન જોશો, કેમ કે ઈશ્વર પોતે આવશે. અને પોતાના માથા પર તારાં પાપનું દુઃખ તારે બદલે લેશે."

ભારતનાં શાસ્ત્રોમાં પણ છે : "શ્રૃઃ પ્રજાસ્પતીઃ દેવેભ્યામ આત્મનામ યજ્ઞમ્ કૃત્વા પ્રાયશ્ચિતઃ" ઈશ્વર પોતે આવીને પોતાની જાતનું બલિદાન દઈને (આપણાં) પાપનું પ્રાયશ્ચિત કરશે. ભારતમાંનું આ ભવિષ્ય કથન નૂહના ત્રણ પુત્રોને જ આભારી છે. દુનિયામાં પંડનું બલિદાન દઈ લોકો માટે મુક્તિ મૂલ્ય ભરનાર એકમાત્ર પ્રભુ ઈસુ જ છે. બાઈબલમાં તો પ્રભુ ઈસુના પ્રથમાગમન માટે સેંકડો ભવિષ્યકથનો છે, ને એ એકે એક ભવિષ્યવાણી અક્ષરશઃ પૂર્ણ થઈ છે. અને સમયની સંપૂર્ણતાએ એ પ્રભુ ઈસુ આવ્યા, અને લોકો માટે પાપના મુક્તિ-મૂલ્યની ચૂકવણી પણ કરી ખરી.

એ પછી પ્રભુ ઈસુના શિષ્યો પાપમુક્તિના પયગામનો શુભસંદેશ લઈને દુનિયાભરમાં ઘૂમી વળ્યા. ઈ.સ. પહેલી સદીની અધવચમાં સંત થોમા ભારત આવ્યા, અને શુભસંદેશ ફેલાવ્યો. એલેકઝાન્ડ્રિયાથી યહૂદી વેપારીઓની સાથે સીંધુ નદી દ્વારા તે પંજાબ તરફ તક્ષશિલામાં ગયો. ગદનાફાર રાજાએ તેમને આશરો આપ્યો પણ હૂણ લોકોના હુમલાઓએ તક્ષશિલાનો નાશ કર્યો. એટલે સંત સીંધુ નદી મારફતે પાછા આવીને દક્ષિણ ભારતમાં કોરોમંડલમાં (કેરાલામાં) આવ્યા. આસપાસ બધે શુભસંદેશ ફેલાવ્યો અને ભારતમાં જ શહિદ થયા.

તે સમયથી કેરાલામાં સિરિયન ક્રિશ્ચિયન મંડળી અસ્તિત્વમાં આવી છે.

વળી પ્રભુ ઈસુના બીજા એક શિષ્ય સંત બાર્થલમુ એ જ અરસામાં કોકણપટ્ટી વિસ્તારમાં આવ્યા, અને એ વિસ્તારમાં

શુભસંદેશ ફેલાવ્યો. એ દ્વારા ઘણા બધાએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. મુંબઈ યુનિવર્સિટીમાં એક બહેને પી.એચડી.ની ડીગ્રી માટે એ વિષય પર મહાનિબંધ લખ્યો છે. વળી કાઠિયાવાડના (સૌરાષ્ટ્રના) કંઠાર વિસ્તારમાં કોઈ અંજાણ્યા ખ્રિસ્તીઓએ શુભસંદેશ ફેલાવ્યાના અણસાર મળી આવે છે. કદાચ સંત થોમાના સેવાકાર્યના આ આડકતરાં ફળ હોઈ શકે.

સૌરાષ્ટ્રમાં ભાવનગરથી થોડે દૂર કોળિયાકનો મેળો દર વર્ષે ભરાય છે. એને **'નકલંકનો મેળો'** પણ કહેવામાં આવે છે. માળેશ્વરી નદીને બંને કાંઠે શ્રાવણ માસની છેલ્લી રાતે અને ભાદરવાના પહેલા દિવસે આ મેળો ભરાય છે.

આ મેળામાં મોટા ભાગનાં ગીતો, ભજનો, દુહા અને ગરબા 'નકલંક રાજા'ના અને તેમની 'મેઘડી' (મેઘલી) કન્યાનાં ગવાય છે. એ બધાંનો સાર આવો છે : છેલ્લા સમયમાં આકાશથી નકલંક (કલ્કી) રાજા ઊતરશે; તેમની સાથે હજારો હજાર દૂતો આવશે, તે બધાંનો ન્યાય કરશે, અધર્મીઓનો નાશ કરશે, અન ન્યાયીઓ પર તે રાજ કરશે; નાતજાતના ભેદભાવ દૂર થશે; પ્રાણીઓનો હિંસક સ્વભાવ પલટાઈ જશે; ભૂખમરો કે દુકાળ કાયમ દૂર થશે; શાંતિનું સામ્રાજ્ય વિશ્વભરમાં પ્રસરશે; નકલંક રાજા મેઘડી (મેઘલી) કન્યા (મંડળી) સાથે લગ્ન કરશે (વાદળમાં ઊંચકાઈ જનાર મંડળી રૂપી કન્યા સાથે).

આ બધાં જ ભજનો, દુહા અને ગરબા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના હજારોહજાર દૂતો સાથે બીજી વાર પૃથ્વી પર આવનાર છે તેને જ લાગુ પડે છે. પૃથ્વી પર તેમના સંતો અને સેવકોની જેં 'મંડળી' (Church) બનેલી છે તેની સાથે નકલંકના લગ્ન થશે, એટલે કે મંડળી મેઘોમાં (વાદળોમાં) નકલંક પ્રભુ ઈસુને મળવા

ઊંચકાઈ જશે, અને નકલંક રાજાની સાથે રહેશે. જૂનું બધું જતું રહેશે, અને નવાં આકાશ અને નવી પૃથ્વી થશે.

રેવ. રામસિંહ કહાનદાસભાઈએ આ બધાં ભજનો ગ્રંથસ્થ કર્યા છે, અને પુસ્તકનું નામ આપ્યું છે : **"નકલંક અવતાર"** (ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાંથી એની ત્રીજી આવૃત્તિ મેળવી શકાય છે. (સાહિત્ય સેવા સદન, ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬)

એમાંથી કેટલાંક ભજનની કેટલીક કંડિકાઓ તમને ખ્યાલ આવે માટે, રજૂ કરું છું.

(૧) જ્યારે નિષ્કલંક મહારાજ આવશે,
ત્યારે પૃથ્વી પર મોટો ફેરફાર થશે,
વાઘ, બકરી સાથે સાથે રહેશે,
વેર કજિયા ટળીને સંપશાંતિ સ્થપાશે.

(૨) ઝુડિયા, કપટિયાને ટાળશે,
સર્વ ખોટા ધર્મને સંહારશે,
નાતજાત કોઈ નહિ પાળશે,
સકળ જગતમાં જયજયકાર વર્તાવશે.

(૩) દક્ષમે ઈશ્વર નકલંક જાગશે,
વરતાશે જયજયકાર,
મેઘડી રાણીને પ્રભુજી પરણશે,
ને થાશે એકાકાર.

(૪) સંગ (સાથે) સાહેબ પવિત્ર આત્મા.

(૫) છત્રપતિ જાગશે,
ઢોલ ધર્મનાં વાગશે,
કબરોમાંથી જાગશે.

કાયમ લેખાં માગશે,
કુડિયા નરને કાપશે,
સાચા નરને રાખશે.

(૬) નકલંકી સાથે ઘણા દૂતો આવશે,
આપણા ગુરુજીના અગમ ભાખિયાં.

(૭) મંડળીને પરણશે બાવો
(નકલંક) બાળ મુકંદા.

(૮) ઘોરે ઘોરે નર જાગશે,
પૃથ્વીની પીઠે અથાગ.

(૯) વાઘ સાથે વસે ગાય.

(૧૦) જૂની જાંગી વાગશે,
ઝળહળશે સોનેરી નિશાન.
તે દિ સાહેબો મારો બેસશે,
શ્વેત અશ્વને પલાણ.

(૧૧) ખારા સમુદ્ર મીઠા થશે,
તે દિ નિઃવિષ થાશે નાગ.

(૧૨) નિષ્કલંક પરણશે મેઘડી

(૧૩) ભાણ અજવાળું બળશે,
અગણિત તારા ખભળશે.
શ્વેત ઘોડે મારો કાયમ ચઢશે,
આલમનો રાજા આવશે.

(૧૪) જ્યારે નિષ્કલંકી આવશે,
ઘોરે ઘોરે નરનારી જાગશે.

(૧૫) પાપીઓને આગમાં બાળશે,
સતિયાને સંભાળશે.

(૧૬) સતિયાને બાવો રાખશે,
કુડિયાને નરકમાં નાખશે.

(૧૭) જ્યારે આકાશેથી નકલંક ઊતરશે રે. જી.

(૧૮) ઘણી મંડળીને મિઢળ બાંધશે રે જી.
પછી થશે સૂરજ અંધકાર રે જી.

આ બધાં ભજનો અંત સમયે થનાર બનાવો અને પ્રભુના પુનરાગમન વિષે જ છે. અને બાઇબલનાં અગમવચનોથી પરિચિત એવી વ્યક્તિઓએ લોકભોગ્ય ભાષામાં ઢાળ્યાં છે.

□

## ૧૨ પ્રભુ ઈસુના પુનરાગમન સમયે શું શું થશે ?

◆ **પ્રશ્ન :**

*પ્રભુનું પુનરાગમન કેવું હશે ?*

◆ **જવાબ :**

પ્રભુનું પુનરાગમન - તેની રાહ જોનારાઓ માટે, આવું આવું કંઈક લાવશે, રાહ જોનારા માટે..

(૧) જ્યારે ઈસુ પ્રગટ થશે, ત્યારે આપણે તેમનાં જેવાં જ થઈશું, કેમ કે જેવો તે છે તેવો આપણે તેને જોઈશું. અને જે તેના પર એવી આશા રાખે છે, તે દરેક જેમ તે શુદ્ધ છે, તેમ પોતાને શુદ્ધ કરે છે. ૧ યોહાન ૩:૨, ૩.

એ કેવી ધન્ય વાત કે, આપણે ઈસુના જેવાં બનીશું ! તેમણે આપણને પોતાની પ્રતિમા અને સ્વરૂપ પ્રમાણે બનાવ્યાં હતાં, પણ પાપને કારણે એ સ્વરૂપ આપણે ગુમાવી, ખોઈ બેઠાં હતાં. તે સ્વરૂપ અને પ્રતિમા તેમના પુનરાગમનની ધન્ય આશામાં અને આશામાં આપણે તેમનું સ્વરૂપ અને પ્રતિમા ફરીથી પામીશું. એ કેવી ધન્ય વાત ! તમે એ રાહ જુઓ છો ?

(૨) **આપણી અધમાવસ્થાના શરીરનું રૂપાંતર કરીને તેને મહિમાવંતું બનાવશે. ફિલિપી ૩:૨૧ એટલે જે ઉત્તમ શરીર પ્રભુએ આપ્યું હતું. તેમાં પાપને લીધે માંદગી, વૃદ્ધાવસ્થા, અશક્તિઓ, બીમારીઓ એ બધું છે, તે બધું જતું રહેશે અને** પ્રભુ ઈસુના આગમન વખતે આપણા અધમાવસ્થાના

શરીરનું રૂપાંતર થશે, અને શારીરિક મર્યાદાઓ વિનાનું એ શરીર હશે.

મારા ઘર આગળના બગીચામાં ચકલાં, બુલબુલ, લેલાં આ ડાળેથી ઊંચી ડાળીએ ઊડે છે. એમને ગુરુત્વાકર્ષણનો નિયમ લાગુ પડતો નથી. પણ પ્રભુના પુનરાગમન વખતે પૃથ્વી પરથી આપણે ઊડીને - ઊંચકાઈ જઈને ગગનમાં પ્રભુને મળવા જઈશું. અવકાશયાનો ભલે ચંદ્ર પર અને ગુરુ કે શુક્ર પર ઊડે. આપણે પૃથ્વી પરથી ઊડીને અવકાશી ગગનમાં પ્રભુ પાસે ઊડી જઈશું. તેથી આ મારાં બુલબુલ, અને ચકલાંને કહું છું કે, અમેય ઊડવાના છીએ, પ્રભુ ઈસુના પુનરાગમન વખતે. ગુરુત્વાકર્ષણનો નિયમ અમને લાગુ પડવાનો નથી.

(૩) પ્રભુ આપણને તેમના પોતાના આવાસમાં લઈ જશે. હું આવીને તમને મારી પાસે લઈ જઈશ એ માટે કે જ્યાં હું રહું છું, ત્યાં તમે પણ રહો. "રાજા મને પોતાના ઓરડામાં લાવ્યો" ગીતોનું ગીત ૧:૪ આમ, તેમના સાનિધ્યમાં આપણે સદા રહીશું હાલેલૂયા !

(૪) તે આપણને નવા યરુશાલેમમાં વાસો આપશે. "વળી મેં પવિત્ર નગર, નવું યરુશાલેમ, દેવની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું, અને જેમ કન્યા પોતાના વરને સારુ શણગારવામાં આવેલી હોય, તેમ તે તૈયાર કરેલું હતું." પ્રકટીકરણ ૨૧:૨.

આમ, તમે નવા યરુશાલેમના નાગરિક એટલે પ્રભુ ઈસુની કન્યા છો : આ કેટલું બધું માન તમને અને મને મળે છે ! આ કેવો હોદ્દો તમને અને મને મળે છે ! (પ્રભુ ઈસુની કન્યાપણું)

એ નવું યરુશાલેમ સોનાના રસ્તા અને કીમતી પાષાણોથી બનેલું, અને મોતીના દરવાજા ! તો ક્યાં પૃથ્વી પરનું તમારું ઘર અને ક્યાં આ નવું યરુશાલેમનો નવો નિવાસ ! કંઈ કલ્પના કરી છે ? કે આ કેવુંક હશે ! તમે ત્યાં આવવાના છો ને ! તૈયારી કરી છે ને !

(૫) પૃથ્વી પર તમે કરેલી સેવાઓનું ઈનામ તમને પ્રભુ ઈસુના પુનરાગમન વખતે મળશે. "તો દરેકનું કામ કેવું છે તે પ્રગટ કરવામાં આવશે; કેમ કે તે દિવસ તેને ઉઘાડું પાડશે, કેમ કે અગ્નિથી તે પ્રગટ કરવામાં આવશે; અને દરેકનું કામ કેવું છે, તે અગ્નિ જ પારખશે. કોઈએ જે તે પાયા પર જે બાંધકામ કર્યું હશે તે જો ટકશે, તો તેને બદલો મળશે." ૧ કોરીંથી ૩:૧૪.

પૃથ્વી પરની તમારી સેવાઓનો ક્યાસ તમે કાઢયો છે ? ત્યાં ઉપર તો એ ક્યાસ કાઢવામાં આવશે. તો અત્યારથી તૈયાર રહો ને ક્યાસ કાઢી લો ને !

(૬) આપણાં અગાઉ ગયેલાં વહાલાંઓને પ્રભુના પુનરાગમન વખતે આપણે પાછાં મળીશું. વહાલાં માતપિતા ને બાળકોને સહુને જોઈશું તે સુખધામ. પૃથ્વી પરથી તેમણે વિદાય લીધી ત્યારે તમે કેવું હૈયાફાટ રુદન કરતાં હતાં. પ્રભુ ઈસુના પુનરાગમન વખતે આપણે તેઓ સર્વને આનંદમાં રાચતાં અને પરમશાંતિમાં જોઈશું, ત્યારે તમે ત્યાં કેવાં ખુશીખુશી થઈ જશો ! તમારો આનંદ તો માશે નહિ.

આ ઉપરાંત તમને પ્રભુ પાસે લાવનાર મિશનેરીઓ, પાળકો, શિક્ષકો, સર્વ પણ ત્યાં મળશે. તેમને મળવાથી કેવો આનંદ થશે !

ચીનના પેલા બુઢ્ઢા મિશનરીની વાત તમે સાંભળી છે ? જુવાન

મિશનરી તો રાજીનામું આપીને પોતાના વતન જવા તૈયાર થઈ ગયા હતા. ત્યારે બુઢ્ઢા મિશનરીએ કહ્યું : "મેં તો સુવાર્તા પ્રગટ કરતાં કરતાં ચીનમાં જ મરવાનું નક્કી કર્યું છે."

ત્યાં ઉપર સ્વર્ગમાં એક ચીની છોકરી મારો હાથ પકડીને મને પ્રભુની પાસે લઈ જશે, અને કહેશે 'પ્રભુ, હું તો તમારા વિષે જાણતી નહોતી પણ આમણે મને તમારા વિષે શીખવ્યું, એટલે આજે હું અહીં છું એટલે પ્રભુ હસી પડશે.'

પછી એક જુવાન ચીનો મારો હાથ પકડીને મને પ્રભુ પાસે લઈ જશે અને કહેશે કે" પ્રભુ, હું તો બરબાદીના માર્ગ પર હતો, પણ આમણે મને તમારા વિષે કહ્યું અને જીવનના માર્ગ પર આણ્યો, તેથી આજે હું અહીં છું". ફરી પાછા પ્રભુ હસી પડશે.

હું મારી જગાએ બેઠો હોઈશ, ત્યાં એક બુઢ્ઢો ચીનો મને પ્રભુ પાસે લઈ જશે અને કહેશે કે "પ્રભુ, જિંદગીના આરે હું આવી ગયો હતો. પણ આમણે તમારા વિષે કહીને મને ઉગારી લીધો. એટલે આજે હું અહીં છું." અને પાછા પ્રભુ હસી પડશે, અને ચીની બુઢ્ઢો પણ હસી પડશે અને પ્રભુ મને બાથમાં લઈ લેશે અને કહેશે "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર તને ધન્ય છે, તું તારા પ્રભુના આનંદમાં પેસ." એટલે હવે મેં નિર્ણય કર્યો છે કે, હું તો ચીનમાં જ સુવાર્તા પ્રગટ કરતો કરતો મરણ પામીશ.

તમારો નિર્ણય શો છે ?

□

## ૧૩ પવિત્ર આત્માના નામે પ્રાર્થના કરી શકાય ?

♦ **પ્રશ્ન :**

*પવિત્ર આત્માના નામે પ્રાર્થના કરી શકાય ? ગુજરાતમાં ઘણાં ખરાં જૂથો આ પ્રમાણે પ્રાર્થના કરે છે : "ઓ પ્રભુ પવિત્ર - આત્મા તમે આમ કરો, તેમ કરો.. શું આ બાઈબલ પ્રમાણે છે ?"*

♦ **જવાબ :**

ના, એ બાઈબલ પ્રમાણે નથી. બાઈબલમાં તો પ્રભુ ઈસુ ખ્રિસ્તે "મારે નામે બાપની પાસે માગવા" વિષે જણાવ્યું છે. (યોહાન ૧૪). નવા કરારની બધી પ્રાર્થનાઓ બાપને નામે સંબોધવામાં આવી છે. અને પુત્રના નામે વિનંતી રજૂ કરવામાં આવી છે. "જે કંઈ મારે નામે તમે માગશો, તે હું કરીશ."

પ્રભુ ઈસુએ શીખવેલી પ્રાર્થના : "ઓ આકાશમાંના અમારા બાપ" તે પણ પિતાને સંબોધવામાં આવી છે. એ નોંધપાત્ર બાબત છે કે, બાઈબલમાં કોઈ પણ જગાએ પવિત્ર આત્માને સંબોધીને કે પવિત્ર આત્માને નામે પ્રાર્થના કરવામાં આવી નથી.

પવિત્ર આત્માનું કાર્ય તો ખ્રિસ્તને પ્રગટ કરવાનું અને ખ્રિસ્તનો મહિમા વધારવાનું છે. પણ કેટલાંક જૂથો પવિત્ર આત્માનું માન વધારવાનો પ્રયત્ન કરે છે, ખ્રિસ્તનો નહિ. મહિમા તો હંમેશાં ખ્રિસ્તને મળવો જોઈએ.

□

# ૧૪ ખ્રિસ્ત વિરોધી જન્મ્યો છે ?

◆ **પ્રશ્ન :**

*ખ્રિસ્ત વિરોધી જન્મ્યો છે ?*

◆ **જવાબ :**

ઉત્તર ભારતીય સેમિનરીઓનાં ઘણાં બધાં છાપાંમાં આવું ચિત્ર આપવામાં આવેલું કે, એક નવું જન્મેલું બાળક છે, અને તેના એક પગનો પંજો ઊંચો છે, અને પંજામાં ૬૬૬ સંખ્યા કોતરેલી અથવા છૂંદણા જેમ ત્રોફાયેલી જોવા મળે છે. અને લખાણ આપવામાં આવ્યું છે કે, ખ્રિસ્ત-વિરોધી જેનો નંબર ૬૬૬ છે, તે જન્મી ચૂક્યો છે.

આવા છપાયેલાં લખાણો પર વિશ્વાસ કરવો તે વાહિયાત છે. આ ચિત્ર સાચું છે એમ હું કહેતો નથી, પણ ખ્રિસ્તનું આગમન જે નજદીક છે, તે જોતાં ખ્રિસ્તવિરોધી જગતમાં ક્યારનોય આવી ચૂક્યો હોય તે સંભવિત છે. અમેરિકાની ભૂતવૈદણ જીન ડિકસન તેના પુસ્તકમાં આપે છે કે, ખ્રિસ્તવિરોધી ક્યારનોયે જન્મી ચૂક્યો છે. એ સાચું હોય કે, જૂઠું હોય, પણ ખ્રિસ્તવિરોધીની અસરો શરૂ થઈ ચૂકી છે. એટલે ખ્રિસ્તનું પુનરાગમન નજીદીકમાં છે.

□

# ૧૫ ગુજરાત સમાચારમાં "જૈનધર્મ અને ઈસુ ખ્રિસ્ત"...

♦ **પ્રશ્ન :**

*ગુજરાત સમાચાર ૨૯-૬-૯૭ની રવિપૂર્તિમાં "જૈનધર્મ અને ઈસુ ખ્રિસ્ત" એ વિષે મુનિ વાત્સલ્યદીપે આપેલા લેખની સત્યતા વિષે વિગતે ખુલાસો કરવા વિનંતી.*

♦ **જવાબ :**

છેલ્લી દોઢ બે સદીથી કાલ્પનિક વાતો, પાયા વગરનાં અનુમાનો અને વૃત્તાંતો સામયિકોમાં અવારનવાર બહાર પડતાં રહ્યાં છે. જેમાં ઈસુ ખ્રિસ્ત તેમની બાલ્યાવસ્થાથી જુવાન ઉંમર સુધી પોતાના દેશમાં ન હતા. પણ ભારતમાં અને ખાસ કરીને કાશ્મીરમાં અને તિબેટમાં તેમણે વસવાટ કર્યો હતો, એવી વાતો પ્રસિદ્ધ થતી રહી છે. ઈસુ ખ્રિસ્ત માનવ અવતારરૂપે સાડા તેત્રીસ વર્ષ આ પૃથ્વી પર જીવ્યા. તેમના લગભગ બાર વર્ષની ઉંમર પછીના અને ઓગણત્રીસ વર્ષ સુધીના જીવનકાળનો કોઈ ઉલ્લેખ બાઈબલમાં આપ્યો નથી. તેઓ બાળક હતા ત્યારે હેરોદ રાજાની ઘાતકી ક્રૂરતાથી બચવા તેમનાં મા અને પાલકપિતા તેમને લઈને મિસરમાં જતાં રહ્યાં હતાં અને ત્યાંથી થોડા જ વખત પછી પોતાના વતન નાઝરેથ પાછાં આવ્યાં હતાં.

પાલેસ્તાઈન નામ તે પાલિતાણા નામ પરથી આવ્યું છે, તેમ કહેવું બરાબર નથી. પાલેસ્તાઈન નામ તો ત્યાં સદીઓથી વસતા પાલિસતીઓના પ્રદેશને લીધે બન્યું છે. અને અત્યારે પણ પાલેસ્તાઈન પ્રદેશ હયાત છે. અને ત્યાં રહેતા લોકો અંગ્રેજીમાં ફિલિસ્ટાઈન (પાલિસતીઓ) નામે ઓળખાય છે. કોઈ બે ત્રણ

નામોમાં સ્વરમાં કે જોડણીમાં થોડું સામ્ય આવે તેથી તે બંને એકબીજા સાથે સંકળાયેલા છે, એમ માની લેવું બુદ્ધિયુક્ત નથી. એમ તો શેક્સપિયરનાં પુસ્તકો તે મદ્રાસના શશાપીયાર નામના બ્રાહ્મણે કે શેખાપીર નામના પીરે લખ્યાં છે એવી વાતો પણ સાંભળવા મળે છે. શબ્દોની ફેરબદલી કરવાથી કે મચડીને સરખાવી દેવાથી ઈતિહાસનો ગોટાળો થાય છે.

આ પરિસ્થિતિનો લાભ લઈ નિકોલાસ નટોવિચ જે એક રશિયન લેખક અને યુદ્ધવૃત્તાંતકાર હતો, તેણે પોતાની ખ્યાતિ માટે ૧૮૮૪માં એવો ગપગોળો ઉડાવ્યો કે, ઈસુ તેર વર્ષની ઉંમરે ભારત આવ્યા હતા, તેની પુસ્તિકા **"ઈસુનું અજ્ઞાત જીવન"** તે રશિયન ભાષામાં અને યુરોપની અન્ય ભાષાઓમાં પણ બહાર પાડવામાં આવ્યું છે. તેમના વિચારો પ્રમાણે ઈસુ તિબેટના તિમિસ મઠમાં રહ્યા હતા અને ત્યાં પાલિ ભાષામાં પોતાના વિષે લખાણ કર્યું હતું.

જર્મનીના ૧૯મી સદીના વિશ્વવિખ્યાત પ્રોફેસર મેક્સમ્યુલરે "૧૯મી સદી" નામના માસિકમાં નિકોલાસનાં મંતવ્યોને સખત રદિયો આપ્યો હતો. પ્રોફેસર મેક્સમ્યુલરને પૌર્વાત્ય દેશોના સર્વ પ્રકારના જ્ઞાન-વિજ્ઞાનના નિષ્ણાત માનવામાં આવતા હતા. એ બધા જ્ઞાનનો રેકોર્ડ તેમની પાસે હતો. અન્ય લેખકોએ પણ નિકોલાસની વાતો કલ્પિત અને અસત્ય છે, એવું જાહેર કર્યું છે.

કલકત્તામાં રહેતા એક અંગ્રેજી અધિકારીએ તિબેટના તિમિસ આશ્રમમાં જઈ તપાસ કરી, તો તેમને જાણવા મળ્યું કે, નિકોલાસ નટોવિચ નામનો કોઈ માણસ ત્યાં કદી આવ્યો નહોતો. વળી મઠાધિકારીએ અંગ્રેજ અમલદારને જણાવ્યું કે, ઈસુ ખ્રિસ્તે પાલિભાષામાં લખ્યાં હોય, એવાં કોઈ જ પુસ્તકો તેમના પુસ્તક ભંડારમાં નથી. પૂર્વના દેશોની વિશાળ લાઈબ્રેરીઓમાં ઈસુ ખ્રિસ્તે લખેલા કોઈ પુસ્તકનો ઉલ્લેખ નથી.

એ જ એટલે ૧૯મી સદીમાં કાશ્મીરના એક ધર્મસેવક એ જ મઠમાં તપાસ કરવા ગયા, ત્યારે તેમને પણ એ જ જવાબ મળ્યો કે, નટોવિચ આ મઠમાં ક્યારેય આવ્યા કે રહ્યા નથી, અને ઈસુએ પાલિ ભાષામાં લખેલા કોઈ પુસ્તકો ત્યાં મઠમાં નહોતાં.

ઈસુ કાશ્મીરમાં આવ્યા અને વારાણસી કે બીજાં કેન્દ્રોમાં સંસ્કૃતમાં અભ્યાસ કર્યો એ વાત વિષે પુરાણા ઇતિહાસનાં પુસ્તકોમાં ક્યાંય ઉલ્લેખ નથી. એ બતાવે છે કે, નિકોલાસ નટોવચની કપોળકલ્પિત વાતોને સત્ય ઘટના ગણી શકાય નહિ. પહેલી સદીના પ્રસિદ્ધ યહૂદી ઇતિહાસકાર જોસીફસે એ વિષે કોઈ પણ જાતનો ઉલ્લેખ કર્યો નથી.

દુનિયાના અન્ય દેશોની જેમ એ દેશમાં પરદેશીઓના પ્રવાસ તથા બહાર જવાના પોલિસખાતા તરફથી ચેક લિસ્ટ રાખવામાં આવતાં હોય છે. પણ ભારતના કાશ્મીર કે સૌરાષ્ટ્ર કે કોઈ ઠેકાણે આવા ચેક પોસ્ટમાં ઈસુ ખ્રિસ્ત નામના યહૂદી પરદેશથી આવ્યાના કે પાછા ગયાની કોઈ નોંધણી ક્યાંયે મળતી નથી. એ બતાવે છે કે, પ્રભુ ઈસુ ભારતમાં કદી આવ્યા નથી કે બહાર નીકળ્યા નથી.

બીજી એક વાત મુજબ ઈસુની સાથે તેમનાં માતા મરિયમ અને તેમના શિષ્ય થોમા પણ ભારત આવ્યા હતા. કાશ્મીરમાં એક કબરને ઈસુના નામે બતાવવામાં આવે છે. પણ તેના કોઈ ઐતિહાસિક પુરાવા કે સાબિતી નથી પણ એક બનાવટ છે.

ઈસુ ખ્રિસ્ત કબરમાંથી નીકળીને યરુશાલેમથી કાશ્મીરમાં આવ્યા, તે વાત કે ગપગોળો પંજાબની ઉત્તર સરહદના કાદિયાનના ગુલામ મહંમદે ફેલાવ્યો હતો. આ ગુલામ મહંમદ એમ માનતો હતો કે, હું આવનાર મસિહ અને આવનાર મહેન્દી અવતાર છું. જો ઈસુ ખરેખર કુદરતી મૃત્યુ પામ્યા હોય તો જ તેનો મસિહ તરીકેનો હકદાવો સાચો ઠરે. તેથી ગુલામ મહંમદે આ ગપગોળો

ઉપજાવી કાઢયો કે, ઈસુ ખ્રિસ્ત કબરમાંથી નીકળી યરુશાલેમથી ચાલીને કાશ્મીરમાં આવ્યા હતા, ૧૧૨ વર્ષ જીવ્યા હતા, અને કાશ્મીરમાં જ કુદરતી મૃત્યુ પામ્યા હતા. આ વાત તદ્દન અશક્ય છે.

"ગુજરાત સમાચાર"ના ૨૯-૬-૯૭ની રવિપૂર્તિમાં લખાયું છે કે ઈસુ ખ્રિસ્ત ભારતમાંથી જૈન-બોદ્ધ ધર્મોની ફિલસૂફી અને શિક્ષણોને અપનાવી તે પ્રમાણે પોતે બોધભાષણ કરતા હતા. પણ જૈનધર્મ તે નિરિશ્વરવાદી અને બૌદ્ધ ધર્મ અજ્ઞેયવાદી (એગ્નોસ્ટિક) માન્યતાઓ પર રચાયેલા છે. પણ ઈસુ તો બાળપણથી એકેશ્વરવાદી શિક્ષણ પામ્યા હતા. જૈનધર્મની ઉપવાસ કરવાની અસર ઈસુ પર પડી હતી તો ઈસુ જે માંસાહારી હતા, તે શાકાહારી કેમ ના બન્યા? તે બાબતમાં જૈનોની અસરો ઈસુ પર કેમ ના પડી ?

બાઈબલમાં ઈસુએ પોતે પોતા વિષે એમ કહ્યું છે કે, "જગતનું અજવાળું હું છું." યોહાન ૮:૧૨, જે જગતનો પ્રકાશ છે, તેને બીજા કોઈની પાસેથી શીખવાની જરૂર રહેતી નથી.

વળી બાઈબલમાં ઈસુ ખ્રિસ્ત વિષે આ પ્રમાણે લખેલું છે : "કેમ કે ઈસુ ખ્રિસ્તમાં દેવત્વની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન છે" કોલોસી. ૨:૯ તો જેનામાં ઈશ્વરની સર્વ પરિપૂર્ણતા મૂર્તિમાન હોય, તેને જગતની કોઈ વ્યક્તિ પાસેથી કશું જ શીખવાનું રહેતું નથી. મુનિશ્રીએ લખેલી વાત સાચી નથી.

પ્રભુ ઈસુએ પોતાના વિષે બહુ સ્પષ્ટ કહ્યું છે કે, "માર્ગ, સત્ય તથા જીવન હું છું." યોહાન ૧૪:૬ જે પોતે જીવનનો માર્ગ છે, સત્ય છે ને જીવન છે તેને બીજા કોઈની પાસે કશું શીખવાનું રહેતું નથી. તે ઈશ્વરથી પ્રકાશિત થયેલા છે. ઈસુ પોતે સાચા ઈશ્વર હતા, તેથી તેમને કોઈની પાસે કશું શીખવાનું રહેતું નથી.

આ વિષે અને ઈસુ ભારતમાં આવ્યા તે અંગે લખાયેલાં ઘણાં

પુસ્તકો વિષે વિશેષ માહિતી અને ખુલાસા અને રદિયા લેખકના આગામી પુસ્તક "ખાલી કબરનો ચુકાદો"માં વિગતે આપવામાં આવ્યો છે.

□

## ૧૬ પુસ્તકો (ખ્રિસ્તીધર્મને લગતાં)

ગયા મહિનાઓની મારી માંદગી દરમિયાન રાતે પ્રાર્થના કરીને ઊંઘી જતો, અને પાછલા પહોરે ઊંઘ ઊડી જાય, અને બાઈબલના જુદા જુદા પ્રશ્નો અને ખ્રિસ્તી ધર્મને લગતા જુદા જુદા પ્રશ્નો પર મારું મન લહેરાયા કરે. અને આમાંનાં જુદાં જુદાં પુસ્તકોની શરૂઆત આ વિચારોમાંથી પેદા થઈ.

મને હવે ઘણું સારું થયું હતું, અને એક રાત્રે પ્રભુનો આભાર માન્યો અને "પ્રભુ, હવે મારે શું કરવાનું?" તો પ્રભુએ મને જવાબ આપ્યો કે, "તું જે કરતો હતો, તે કર." મેં કહ્યું કે, "પ્રભુ, હું તો પુસ્તકો લખતો હતો. અને તમે જો સમજશક્તિ આપો અને તમારી દોરવણી મળશે તો હું લખતો જઈશ." પ્રભુએ કહ્યું : "જો તું વફાદાર રહીશ, તો હું જરૂરથી સહાય કરીશ." મેં કહ્યું કે, "દસ વર્ષની વયે હું તમને સોંપાયો હતો, ત્યારથી હું તમને વિશ્વાસુ રહ્યો છું. એમ જ વફાદાર રહીશ," અને પછી તો ત્રણચાર રાત્રિઓમાં આમાંનાં કેટલાંક પુસ્તકોનું મંડાણ થયું. :

૧. **માણસના મરણ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે?** આ વિષયને લગતા એકેએક પ્રશ્ન તેમાં સમાઈ જાય છે.

૨. **પ્રભુ ઈસુ ભારત, કાશ્મીર કે તિબેટમાં ક્યારેય આવ્યા નથી.** આ પુસ્તકમાં ફોટાઓ સાથે ઝીણવટથી આ વિષયને છણ્યો છે. કેટલાક લેખકોએ કાલ્પનિક આવા ખોટા વિચારો પ્રગટ કરેલા તેની મેં આ પુસ્તકમાં બહુ ઝીણવટથી જવાબો વાળ્યા છે. વાચકને તેમાંથી ઘણું જાણવાનું મળશે. વાર તહેવારે

આવાં પ્રસિદ્ધ થતાં લખાણો માટે તેમને જવાબ આપવાની માહિતી મળી રહેશે.

૩. **તમારા સંજોગોના સંચાલક :** એટલે તમારા સંજોગો માટે ઈશ્વર પર આધાર રાખો અને કચકચ કરો નહિ. તો યોસેફની માફક તમે ઈશ્વરથી આશીર્વાદ પામી શકો અને બીજાંને આશીર્વાદિત બનાવી શકો.

૪. **ઉત્પત્તિ અને ઉત્ક્રાંતિ :** ઈશ્વરે રચેલી સૃષ્ટિ અને ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ : આ પુસ્તકમાં બહુ ઝીણવટમાં સાયન્ટિફિક દાખલાઓ આપીને બાઈબલની સત્યતા ખડી કરી છે. અને ઉત્ક્રાંતિવાદનાં જૂઠાણાં ખુલ્લાં પાડયાં છે. અને ઉત્ક્રાંતિવાદને ઘરમૂળથી ઉખેડી નાખ્યો છે.

૫. **જળપ્રલય :** જળપ્રલય સ્થાનિક નહિ, પણ આખી દુનિયા પર થયો, અને અરારાટ પર્વત પર હજીયે નૂહનું વહાણ છે. તે ફોટાઓ સાથે સમજાવ્યું છે.

૬. **ખાલી કબરનો ચુકાદો :** તેમાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત કબરમાંથી નથી ઊઠયા તે વિષેની વિશ્વભરની દલીલોના સચોટ જવાબો આપ્યા છે.

◆ **પ્રશ્ન :**

*એક ભાઈએ મારા પર લખ્યું કે, તમે મને "ઈસુ કાશ્મીરમાં મરી ગયા હતા" એવી ચોપડી વાંચવા આપી હતી. એ હું વાંચી ગયો. તેમાં તમે કોઈ પૃષ્ઠ પર એમ પણ લખ્યું છે કે, "બીજા એક લેખકે લખ્યું છે કે, ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ ઉપર મરી ગયા ન હતા" આ બધું સમજાવશો.*

◆ જવાબ :

ઈસુ વધસ્તંભ પર મરી ગયા ન હતા, અને કાશ્મીરમાં આવીને મરી ગયા. એ વાત મારી પાસે ફીફ્થ ગોસ્પલ (પાંચમી સુવાર્તા) નામની ચોપડી છે, તેમાં લખેલું છે.

વાત આવી રીતે ઊભી થઈ. પંજાબ પાસે કાદિયાન નામનું ગામ છે. ત્યાંના રહીશ ગુલામ મીરઝા મહમદ તે પોતે એમ કહેતા હતા કે, આવનાર ખ્રિસ્ત તે હું છું. જો ઈસુ કુદરતી રીતે મરણ પામ્યા હોય તો જ મીરઝાનો હક સાચો ઠરે. એથી તેમણે આ કાલ્પનિક વાત જોડી કાઢી હતી કે ઈસુ ખ્રિસ્ત વધસ્તંભ પર હતા. ત્યારે તેમણે યોગ વડે પ્રાણ-શ્વાસ રોકી રાખ્યો હતો, અને એવી અવસ્થામાં તેમને વધસ્તંભ પરથી ઉતારીને કબરમાં મૂક્યા હતા. તેઓ પૂરેપૂરા મરી ગયા નહોતા. ગુલામ મહમદ કહે છે કે, રાતે શિષ્યો આવીને તેમના શબને ચોરી ગયા. ઈસુએ પોતે કબર પરના પથ્થરને અંદરથી ધક્કો માર્યો હતો. અને શિષ્યો શબ ચોરી ગયા. પછી તેઓએ ઈસુને મલમ-પટ્ટા લગાડીને સાજા કર્યા. મીરઝા કહે છે કે, એ મલમ ઈસુએ બનાવ્યો હતો. અને બજારમાં પણ મળતો હતો. અને ઈસુના મલમ તરીકે ઓળખાય છે. મેં ૧૯૫૪માં ઈઝરાયલમાં, મીસરમાં અને પંજાબમાં તપાસ કરી હતી, પણ એ મલમની કોઈ ભાળ મને મળી નહિ.

પછી મીરઝા આગળ કહે છે કે, ઈસુ યરુશાલેમથી નીકળ્યા અને સાથે માતા મરિયમ અને સંત થોમાને લીધાં અને તેઓ ચાલતાં ચાલતાં કાશ્મીરમાં આવ્યાં. કાશ્મીરમાં તેઓ ૧૧૨ વર્ષ સુધી રહ્યાં. લગ્ન પણ કર્યાં અને તેમને સંતાનો પણ થયાં અને સંતાનોનાં સંતાનો આજે જોવા મળે છે. પછી ઈસુ કુદરતી મોતે મરણ પામ્યા. અને કાશ્મીરમાં જ તેમની કબર છે. મીરઝા ગુલામની વાત કે ઈસુએ વધસ્તંભ પર પ્રાણ રોકી રાખ્યો હતો અને તે વધસ્તંભ પર

મરી ગયા નહોતા તેમ જ તે કાશ્મીરમાં આવ્યા, લગ્ન કર્યાં અને કુદરતી મોતે મરણ પામ્યા. એ બધું વિષે મેં મારા પુસ્તક ‘ખાલી કબરનો ચુકાદો”માં પ્રમાણો સાથે એ વાતો નકારી કાઢી છે. હું અહીં એ બધાં પ્રમાણો ટાંકતો નથી. પણ મારા પુસ્તક “ખાલી કબરનો ચુકાદો”માંથી એ વાંચી લેશો.

માતા મરિયમની કબર પણ કાશ્મીર અને પાકિસ્તાનની બોર્ડર આગળ આવેલી છે. જ્યારે રોમન કેથલિક ખ્રિસ્તીઓ તો માને છે કે, માતા મરિયમ સદેહ મરણ પામ્યા વગર સ્વર્ગમાં પહોંચી ગયાં હતાં.

મારું છેલ્લું પુસ્તક “ખાલી કબરનો ચુકાદો” એ પ્રભુ ઈસુ મૃત્યુમાંથી પુનરુત્થાન પામ્યા એ વાત સંબંધી જે કાંઈ વિરોધો ઊભા થયા છે, અને વિરોધી લખાણો થયાં છે, તે બધાંનો દાખલા દલીલો આપીને રદ બનાવ્યાં છે.

પ્રત્યેક ખ્રિસ્તીએ આ પુસ્તક વાંચવું આવશ્યક છે. એટલું જ નહિ પણ તેની પચાસ, સિત્તેર નકલો ખરીદીને અખ્રિસ્તી મિત્રો મધ્યે વહેંચવી, જેથી, તેઓ સત્ય જાણે કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુમાંથી પાછા ઊઠયા છે, તેની પૂરેપૂરી વાત તેઓ જાણે.

આ પુસ્તક છપાઈ ગયું છે અને ગુજરાત ટ્રાકટ એન્ડ બુક સોસાયટીમાંથી મળી શકશે.

♦ **પ્રશ્ન :**

*શું પ્રભુ મને સ્વર્ગમાં લેશે ?*

♦ **જવાબ :**

હું પેન્ટીકોસ્ટલ જેવા ચર્ચનો સભ્ય છું. હું અન્ય ભાષા બોલું

છું. મેં ડૂબકીનું બાપ્તિસ્મા લીધું છે; હું સાજાપણાની પ્રાર્થના કરાવવા અહીં તહીં જાઉં છું. શું પ્રભુ મને સ્વર્ગમાં લેશે.

સ્વર્ગમાં જવા માટે એ શરતો જરૂરી નથી. સ્વર્ગમાં જવા માટે આટલું જ જરૂરી છે કે, તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને પૂરેપૂરા અર્પાઈ જાઓ અને જગતથી નિરાળા બનીને પ્રભુ ઈસુની સાક્ષી બીજાંઓ આગળ આપો તો પ્રભુ તમને જરૂર સ્વર્ગમાં લેશે.

□

# ૧૭ પુનરુત્થાનમાં પરણવા - પરણાવવાનું નથી ?

♦ **પ્રશ્ન :**

*માથ્થી ૨૨:૩૦ (અને માર્ક ૧૨:૨૫)માં આમ લખ્યું છે: "કેમ કે પુનરુત્થાનમાં તેઓ પરણતા નથી, અને પરણાવતા નથી, પણ આકાશમાંના દૂતો જેવા હોય છે." એ વાક્યનો અર્થ શો થાય છે ? શું પુરુષ તેમ જ સ્ત્રી સ્વર્ગમાં જાતિરહિત (સેક્સલેસ) બની જશે ? દૂતોને જાતિ નથી ? દૂતો વિષે કંઈક વધુ જણાવી પ્રકાશ પાડો તો સારું.*

♦ **જવાબ :**

પુનરુત્થાનમાં બધા જાતિરહિત (સેક્સલેસ) બની જશે એવો અર્થ ઉપરના વાક્યમાંથી નીકળતો નથી. પરંતુ સ્વર્ગીય જીવનમાં મૃત્યુ નહિ હોય એટલે કોઈ મરશે નહિ, અને પુનરુત્થાનના જીવનમાં પ્રવેશેલાની સંખ્યા જેટલી ને તેટલી અનંત યુગો સુધી રહેશે. (દૂતોની જેમ). એટલે પ્રજનન ક્રિયાની કે શરીર-સહયોગની જરૂર પડશે નહિ. (જુઓ લૂક ૨૦:૩૪-૩૬).

આમ છતાં પુરુષ તે પુરુષ અને સ્ત્રી તે સ્ત્રી તરીકે જ ત્યાં હશે. વ્યક્તિના સમગ્ર વ્યક્તિત્વ સાથે એની જાતિ પણ એક ભાગ છે. વ્યક્તિનું વ્યક્તિત્વ પુનરુત્થાનના જીવનમાં ખંડિત થવાનું નહિ, અધૂરું વ્યક્તિત્વ રહેવાનું નથી.

સાદુકીઓ પુનરુત્થાનમાં માનતા નહોતા, એટલે પ્રભુ ઈસુને છટકિયામાં પકડવા સાત ભાઈઓ અને તેમની દરેકની પત્ની બની ચૂકેલી સ્ત્રીની ઉપજાવી કાઢેલી વાત કહે છે, અને પૂછે છે કે

પુનરુત્થાન જો થવાનું જ છે, તો એ પુનરુત્થાનમાં આ સ્ત્રી સાતમાંથી કોની પત્ની થશે ? એમને સણસણતો જવાબ આપતાં પ્રભુ ઈસુએ ઉપરોક્ત વાક્ય ઉચ્ચાર્યું હતું. પ્રભુ ઈસુ એટલું કહેવા માગતા હતા કે પુનરુત્થાન પછીના જીવનમાં પરણવા-પરણાવવાની જરૂર રહેતી નથી કારણ, પ્રજોત્પત્તિની ત્યાં જરૂર નથી. પ્રભુ ઈસુના કહેવાનો ભાવાર્થ એવો નીકળતો જ નથી કે પુરુષ અને સ્ત્રી ત્યાં જાતિરહિત બની જશે.

દૂતોને પ્રભુએ આ પૃથ્વી છ દિવસમાં બનાવી તે અગાઉ બનાવ્યા યા ઉત્પન્ન કર્યા હતા. "સફળ થાઓ અને વધો, અને પૃથ્વીને (કે પછી સ્વર્ગને) ભરપૂર કરો." એવું તેઓને કહેવામાં આવ્યું નહોતું. તેઓને તો તેમના સૃજન સમયે જેટલી સંખ્યામાં ઉત્પન્ન કર્યા તેટલા ને તેટલા જ આજે પણ છે, - એમાં એકનોયે વધારો કે ઘટાડો થયો નથી. (હા, કેટલાકે શેતાનના ઈશ્વર સામેના બંડમાં ભાગ લીધો, પતિત બન્યા, અને એમ શેતાનના "અપદૂતો" યા "દુષ્ટાત્મા" યા "અશુદ્ધ આત્મા" બન્યા). તેઓની સંખ્યામાં વધારો કરવાનો નથી, અને ઘટાડો થવાનો નથી. એટલે દૂતોએ પરણવા-પરણાવવાની જરૂર નથી, એ તેમને આપવામાં આવ્યું નથી. એમ પુનરુત્થાન પછીના જીવનમાં માણસોએ પણ પરણવા-પરણાવવાનું હશે નહિ.

હા, પુનરુત્થાનના જીવનમાં પુરુષો અને સ્ત્રીઓનો, એટલે કે માનવોનો સત્સંગ, સહચાર કોઈ આનંદ હા, દિવ્ય અને અલૌકિક આનંદ ભર્યો હશે. પૃથ્વી પરના શરીર-સહયોગના આનંદ કરતાં એ અધિકાધિક ચઢિયાતો હશે. પ્રભુએ પ્રેમપૂર્વક એ આપણે માટે રાખી મૂક્યો છે.

દૂતોને જાતિ (નર કે નારી જાતિ) છે કે નહિ એ વિષે પ્રભુ ઈસુ ઉપરનાં વાક્યમાં કાંઈ જ કહેતા નથી. કેટલાક લોકો એ

વાક્યમાં જે અર્થ નથી તે જોતા હોય છે.જો તેઓને જાતિ નથી, તો પરણવા પરણાવવાનો સવાલ જ રહેતો નથી. જો તેઓને જાતિ છે એમ કેટલાકના કહેવા પ્રમાણે માનીએ, તો પછી પ્રશ્ન થાય છે કે કેટલાક દૂતો પુરુષ જાતિના અને કેટલાક સ્ત્રી જાતિના હોય ! પણ પ્રભુ ઈસુના કહેવા પ્રમાણે જો તેઓ પરણતા-પરણાવતા નથી, તો પછી જાતિની શી જરૂર ? કંઈ જ નહિ.

કેટલાક એમ કહે છે કે દૂતો બધા પુરુષ જાતિમાં જ હોય છે; સ્ત્રી દૂતો હોતા નથી. બાઈબલમાં દૂતોને બધે પુલિંગમાં ઉલ્લેખ્યા છે, અને સંબોધ્યા છે. એ તો માનવી ભાષાઓની પરિસિમિતતાને લઈને એમ લખવું પડે. જ્યાં પ્રજોત્પત્તિની જરૂર કે જોગવાઈ નથી ત્યાં લિંગભેદની જરૂર ક્યાં રહી ? એમ તો પરમેશ્વર પણ માનવી ભાષાઓમાં પુલિંગ તરીકે જ ઓળખાય-સંબોધાય છે.

આ વિષે વધુ ચર્ચા લેખકના "બાઈબલ અભ્યાસ" ભાગ ૧લોના પ્રશ્ન નં. ૨ (પૃષ્ઠ ૩-૧૦) ચર્ચવામાં આવ્યો છે. તેમાં જોઈ લેવા વિનંતી છે.

**દૂતો વિષે આપણે વધુ બાબતો જોઈએ :**

૧. દૂતોને ઈશ્વરે ઉત્પન્ન કર્યા છે. તેઓ ઈશ્વરની સાથે સનાતન નથી.

૨. તેઓને માણસની જેમ ભૌતિક શરીર નથી, પણ આત્મિક શરીર છે. પણ તેઓ શરીરવિહોણા નથી. એટલે તેઓ ભૌતિક આંખોથી જોઈ શકતા નથી. એટલે ઘણી વખતે પ્રભુ તેમને કંઈ સંદેશો લઈ મોકલે છે, ત્યારે પ્રભુની પરવાનગીથી તેઓ માનવરૂપ ધારણ કરે છે, અને ત્યારે ચર્મચક્ષુથી તેમને જોઈ શકાય છે.

૩. તેઓને ઈશ્વરની સેવા કરવા, સ્તુતિ કરવા અને "તારણના

વારસદારો" (માનવો)ની સેવા કરવા બનાવવામાં આવ્યા છે. (હિબ્રૂ. ૧:૧૪)

૪. તેઓ પ્રચંડ શક્તિ ધરાવે છે. (ગી.શા. ૧૦૩:૨૦ "હે બળમાં પરાક્રમી તેના દૂતો") માત્ર એક જ દૂતે આશ્શૂરી સાન્હેરીબના સૈન્યના એક લાક પંચ્યાસી હજાર યોદ્ધાઓનો એક જ રાતમાં સંહાર કર્યો (૨ રાજા ૧૯:૩૫). એક જ દૂતે પ્રભુ ઈસુની કબર પરનો મહા વજનદાર પથ્થર ગબડાવી દીધો હતો. (માથ્થી ૨૮:૨) એક જ દૂતે મોટી સાંકળ વડે શેતાનને પકડીને બાંધી રાખ્યો (પ્રકટી. ૨૦:૧-૨). એક જ દૂતે પ્રેરિતોને જે જેલમાં પૂર્યા હતા તે જેલનાં બારણાં ખોલી નાખ્યાં (પ્રે.કૃ. ૫:૧૯). હા, દૂતે સિંહોના મોં બંધ કર્યાં (દાનિયેલ ૬:૨૨). એમનું આવું અદ્દ્ભુત સામર્થ્ય તે બાહુબળનું એટલે કે સ્નાયુઓનું નહિ, પણ આત્મિક સામર્થ્ય છે. પણ તેઓ સર્વસમર્થ નથી.

૫. તેઓની સંખ્યા "હજારોહજાર અને લાખો ને લાખો"ની છે, એટલે કે અગણિત છે. (દાનિયેલ ૭:૧૦). હિબ્રૂ ભાષામાં દશ લાખની સંખ્યા દર્શાવવા માટે કોઈ શબ્દ નહોતો, એટલે "હજારો હજાર" શબ્દ વપરાતો, અને એનો અર્થ દશ લાખ થાય છે, અને "લાખો ને લાખો" એટલે દશ કરોડ થાય છે. પ્રકટીકરણ ૫:૧૧માં પણ આપ્યું છે : "તેઓની ગણતરી લાખોલાખ અને હજારોહજાર હતી." વળી હિબ્રૂ ૧૨:૨૨માં ગુજરાતીમાં લખ્યું છે : "હજારોહજાર" અને અંગ્રેજીમાં છે "અગણિત" (વળી જુઓ ગી.શા. ૬૮:૧૭. માથ્થી ૨૬:૫૩). આ બધી આપેલી સંખ્યાનો અર્થ "અગણિત" જ થાય છે. ઘણા અભ્યાસકો એમ માને છે કે શેતાનની સાથે મળીને જે દૂતોએ ઈશ્વરની સામે બંડ કર્યું તેઓની સંખ્યા

સમગ્ર દૂતોની કુલ સંખ્યાનો ત્રીજો ભાગ હતો. પ્રકટીકરણ ૧૨:૪માં આપ્યું છે : "તેના (અજગરના શેતાનના) પૂંછડાએ આકાશના તારાઓનો ત્રીજો ભાગ ખેંચીને તેઓને પૃથ્વી પર નાખ્યા."

૬. તેઓમાં જુદી જુદી કક્ષાઓ અને હોદ્દાઓ પણ છે, અને તેમને જુદી જુદી સેવાઓની સોંપણી કરવામાં આવી હોય છે. તેઓમાં આગેવાનો પણ હોય છે. એ આગેવાન દૂતોનાં નામ જાણીતાં છે. મીખાએલ અને ગાબ્રીએલ. મીખાએલને ઈઝરાયલ પ્રજાની ખાસ સોંપણી કરાઈ હોય એમ લાગે છે. શેતાન પણ પતન પહેલાં લ્યુસીફર તરીકે ઓળખાતો હતો, અને એક આગેવાન હતો. પતિત થયેલા દૂતોને પણ આગેવાનો છે, જેમાંનો એક આબાદ્દોન અથવા આપોલ્યોન છે. (પ્રકટી. ૯:૧૧).

૭. તેઓ અતિ ત્વરિત ગતિથી અંતર કાપતા હોય છે. પ્રકાશની ગતિ કરતાંયે તેઓની ઝડપ વધુ છે. છેક આકાશથી તેઓ એક ક્ષણમાં પૃથ્વી પર આવી શકે છે. બાઇબલમાં એના અનેક દાખલા છે. પણ તેઓ સર્વવ્યાપી (એટલે કે એક જ સમયે એક કરતાં અનેક જગાએ હાજર રહી શકે તેવા) નથી. તેઓને પાંખો હોતી નથી. ચિત્રોમાં પાંખવાળા દૂતો ચિતર્યા હોય છે, પણ એ તો માત્ર કલ્પના જ છે. તેઓ ચારેય પરિમાણમાં આપોઆપ વિહરી શકે છે. નાતાલનાં કાર્ડ ઉપર પાંખાળા બાળ-દૂતો ચિતર્યા હોય છે. પણ એ માત્ર કલ્પના જ છે. બાળદૂતો હોતા જ નથી. ઈશ્વરે દૂતોને ઉત્પન્ન કર્યા ત્યારપછી ફરી બનાવ્યા નથી; અને દૂતો જન્મ્યા હોતા નથી એટલે બાળદૂતો એ માત્ર મધુરી પણ વ્યર્થ કલ્પના છે. કેટલાંક એવું માને છે કે બાલ્યાવસ્થામાં જ ગુજરી જતાં બાળકો

સ્વર્ગમાં દૂતો બને છે. પણ આ શાસ્ત્રથી વિરુદ્ધની વાત છે. મનુષ્ય પુરુષ હોય કે સ્ત્રી, બાળક હોય કે ઘરડું, પણ પુનરુત્થાન પછી એ મનુષ્ય જ રહે છે, દૂત બનતું નથી. વળી, સ્ત્રી દૂતો પણ હોતા નથી.

કરુબો અને સરાફોને પાંખો હોય છે એમ બાઈબલ જણાવે છે. પણ સામાન્ય દૂતો કરતાં એ જુદા વર્ગ છે. (કરુબ એકવચન છે, અને કરુબિમ બહુવચન છે; એવું જ સરાફ અને સરાફિમનું છે). આપણે પણ સ્વર્ગમાં જઈશું ત્યારે આપણને પાંખો મળવાની નથી, છતાં દૂતોની માફક વિહરી શકીશું.

૮. તેઓ કુશાગ્ર બુદ્ધિવાળા હોય છે, એટલે કે તેમનું ડહાપણ અપાર હોય છે. પણ આપણી માફક જ તેમના જ્ઞાન માટે ઈશ્વરના પ્રકટીકરણ ઉપર તેમને આધાર રાખવાનો હોય છે. તેઓ ત્રીકાળ જ્ઞાની કે સર્વજ્ઞ નથી.

૯. શૈતાન અને શેતાનના અપદૂતો (અશુદ્ધ આત્માઓ અથવા દુષ્ટાત્માઓ) માણસોમાં પ્રવેશી શકે છે, અને માણસોનાં શરીરનો તથા વ્યક્તિત્વનો કબજો લઈ શકે છે. નવા કરારમાં અશુદ્ધ આત્મા પ્રવેશેલા માણસોના ઘણા કિસ્સા વિષે આપણે વાંચીએ છીએ. શેતાન પોતે પણ એદન બાગમાં સર્પમાં પ્રવેશ કરતો જણાવ્યો છે. અને પ્રકટીકરણમાં આપ્યું છે તેમ છેલ્લા સમયમાં શેતાન આવનાર "ખ્રિસ્તવિરોધી"માં પ્રવેશશે, અને તેની મારફતે પરાક્રમી કામો કર્યાં હશે. યોહાન ૧૩:૨૭ જણાવે છે કે યહૂદા ઈસ્કારિયોતમાં શેતાને પ્રવેશ કર્યો હતો. "કોળિયો લીધા પછી તરત તેનામાં શેતાન પેઠો." ઈશ્વરની હાજરી હૃદયમાં નહિ રાખનારા લોકોમાં પણ શેતાન પ્રવેશે છે, અને ભૂંડાઈ માટે વાપરે છે.

પણ દૂતો માણસોમાં પ્રવેશી શકતા નથી તેમ જ તેમનાં શરીરોનો કબજો પણ લઈ શકતા નથી. પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને પ્રભુ પવિત્રાત્મા માણસોમાં પ્રવેશી શકે છે, અને તેમનો કબજો લઈ શકે છે. (યોહાન ૧૪:૧૭, ૨૦. "તે... તમારામાં વાસો કરશે."

૧૦. દૂતો સેવા કરનાર આત્માઓ છે. હિબ્રૂ ૧:૧૪ જણાવે છે કે, "શું તેઓ (દૂતો) સેવા કરનારા આત્મા નથી, તેઓને તારણનો વારસો પામનારાઓની સેવા કરવા સારુ બહાર મોકલી દેવામાં આવ્યા નથી ?" તેઓ માત્ર સ્વર્ગમાં ઉડયન કરી રહ્યા છે, એમ નહિ પણ આપણી પૃથ્વી પર આપણી આસપાસ પણ, અગણિત દૂતો ભ્રમણ કરી રહ્યા છે. પ્રભુએ આપણું રક્ષણ કરવાનું તેમને સોંપેલું છે.

દૂતો આપણું શારીરિક રક્ષણ કરે છે; આપણા આવી પડનારા શત્રુઓની સામે તેઓ આપણો બચાવ બની રહે છે. અરામનાં ધાડાં યહૂદીઓ સામે ચડી આવ્યાં હતાં, ત્યારે એલિશાનો ચાકર એ લશ્કરો જોઈ ગભરાઈ જાય છે. પણ એલિશાની પ્રાર્થનાને કારણે તેની આંખો ખુલી જાય છે. અને તે આસપાસ અસંખ્ય અગ્નિરથો અને અગ્નિઘોડા જોઈ શકે છે. દૂતોની છાવણી તેમની આસપાસ હતી. આજે પણ એમ જ બને છે. પાઉલ અને બીજા ૨૦૦ જેટલા મુસાફરો વહાણમાં હતા. વહાણભંગથી જાનહાનિ થવાની ભીતિ હતી, ત્યારેં દૂતે પાઉલને જણાવ્યું, "તારી સાથે સફર કરનારા સર્વને ઈશ્વરે તારી ખાતર બચાવ્યા છે." (પ્રે.કૃ. ૨૭:૨૪)

પ્રભુએ દરેકને માટે ખાસ સંરક્ષક દૂત આપેલો છે, જે તેની સાથે સતત રહે છે, અને તેની સંભાળ કરે છે. પ્રભુ ઈસુ કહે છે : "આ નાનાઓમાંના એકને તમે ન વખોડો, કેમ કે હું તમને કહું છું કે આકાશમાં તેઓના દૂત મારા આકાશમાંના બાપનું મોં સદા

જુએ છે." (માથ્થી ૧૮:૧૦). વળી જુઓ ગી.શા. ૯૧:૧, ૧૧, ૧૨, ૩૪:૭. યોસેફને મિસર ભાગી જવા તેમ જ ત્યાંથી પાછા આવવા ચેતવણી આપનાર દૂત જ હતો. પિતરને બંદિખાનેથી છોડાવનાર દૂત જ હતો.

દરેક મનુષ્યની સાથે શેતાનનો પણ અપદૂત હોય છે, જે એ વ્યક્તિના જન્મથી માંડીને કબરમાં જાય ત્યાં સુધી તેની સાથે રહે છે, અને એ વ્યક્તિને ભમાવવા, ઈશ્વરથી દૂર રાખવા, અને ભયમાર્ગોમાં લઈ જવા સતત યત્ન કરતો રહે છે.

પ્રભુના દૂત અને પ્રભુનાં સૈન્યો જેમ વ્યક્તિની સાથે, તેમ પ્રજાઓ, દેશો અને સમૂહોની સાથે હોય છે. અને એમ જ શેતાનના અદૂતો, સરદારો અને સૈન્યોને દેશો અને સમૂહો માટે શેતાને મૂક્યાં હોય છે. દાનિયેલ ૧૦:૧૩માં આપેલો "ઈરાનના રાજ્યનો સરદાર" એ કોઈ માનવી સરદાર નહિ, પણ ઈરાન દેશને માટે શેતાને રાખેલા અપદૂતોના સૈન્યનો સરદાર હતો. એફેસી ૬:૧૧-૧૩માં જે "અધિપતિઓ", "અધિકારીઓ", અને અંધકારરુપી જગતના સત્તાધારીઓ, "આકાશી સ્થાનોમાં દુષ્ટતાનાં આત્મિક લશ્કરો" - એ બધાં શેતાનના સૈન્યોના અદૃશ્ય આગેવાનો વગેરે છે.

માણસના ઉદ્ધાર માટે પણ દૂતો બહુ ઈંતેજાર છે, અને એ માટે પણ તેઓ ખૂબ પ્રયત્નો કરે છે. અને જ્યારે પ્રભુનો માણસ, પ્રભુની દાસી, મૃત્યુ પામે છે, ત્યારે તેના આત્માને દૂતો પ્રભુની પાસે લઈ જાય છે. (લૂક ૧૬:૨૨). "લઈ જાય છે, એમ નહિ, પણ ગ્રીક પ્રમાણે ઊંચકી લઈ જાય છે", એમ જોઈએ. અને આપણનેય મૃત્યુકાળે પ્રભુએ મોકલેલો દૂત આવીને ઊંચકી લઈ જશે !"

હજુ તો પ્રકટીકરણના પુસ્તકની કેટલીક વાતો બાકી છે તે

બધાંમાં દૂતો કેટલો બધો ભાગ ભજવનાર છે ! અને પછી પ્રભુ ઈસુ પૃથ્વી પર ઉતરશે ત્યારે મંડળી પણ સાથે હશે, તેમ જ દૂતોની ફોજો પણ સાથે આવશે ! માથ્થી ૨૫:૩૧.

(લેખકના આગામી પુસ્તક - દૂતો અને ભૂતો વિષે-માંથી ટૂંકાવીને સારરુપ)

□

## ૧૮ બાઈબલમાં આપેલી વસ્તી ગણતરી વિષે

◆ **પ્રશ્ન :**

*થોડા દિવસો પર દૈનિક પેપરમાં આવ્યું હતું કે, બાઈબલમાં આપેલી વસતી ગણતરી વિષેની વાત બરાબર નથી. કારણ કે વસતી ગણતરી બે વખત થઈ હતી, આ વિષે સ્પષ્ટતા કરશો.*

◆ **જવાબ :**

બાઈબલની તેમ જ ઈતિહાસની એ બંને વાત કેવી રીતે સાચી તે જોઈએ.

રોમન બાદશાહ ઑગસ્તસના ફરમાનથી એના આખા સામ્રાજ્યના બધા દેશોમાં વસતી ગણતરી થઈ હતી. અને એ વખતે (ઇ.પૂ. ૪માં) સિરિયા પ્રાંતનો ગવર્નર કુરેનિયસ હતો. ત્યાં લૂક ૨:૧-૨માં એ હકીકત આપવામાં આવી છે, અને એમ પણ લખેલું છે કે, "વસ્તીની એ પ્રથમ ગણતરી થઈ હતી." અને આશરે ઇ.સ. પૂર્વે ૪ની સાલ પણ હતી. એ બધું તદ્દન સાચું છે.

પ્રભુ ઈસુનો જન્મ 'મહાન હેરોદ' રાજાના સમયમાં થયો. એ વાત માથ્થી ૨:૧માં આપી છે : "હવે હેરોદ રાજાના સમયમાં યહૂદિયાના બેથલેહેમમાં ઈસુ જન્મ્યા." અને લૂક ૧:૫ પણ એને અનુમોદન આપે છે. યહૂદી ઇતિહાસકાર અને યાજક જોસીફસ (જે ઇ.સ. ૩૫માં જન્મ્યો હતો. અને રોમનો સાથેના ઇ.સ. ૭૦ના યુદ્ધમાં પડયો હતો, તે ઇતિહાસનાં પોતે લખેલાં બંને પુસ્તકોમાં

લખે છે કે, મહાન હેરોદ રાજા રોમન તવારીખ પ્રમાણે (એ.યુ.સી. ૭૫૦માં અથવા) ઇ.સ. પૂ. ૪માં મરણ પામ્યો.

અને આ મહાન હેરોદને મળવા અને ઈસુના જન્મ વિષે પૂછપરછ કરવા પૂર્વના માગીઓ આવ્યા હતા. એનો અર્થ એ થયો કે, ઇ.સ. પૂ. ૪ પછી તો ઈસુનો જન્મ ન જ સંભવી શકે. ઈસુના જન્મ પછી થોડા સમયમાં (ઇ. પૂ. ૪માં) હેરોદનું મૃત્યુ થયું. એટલે કે લૂક ૨:૨ પ્રમાણે પ્રથમ વસ્તી ગણતરી ઇ.પૂ. ૪માં થઈ હતી, અને તે વખતે કુરેનિયસ સિરિયા પ્રાંતનો ગવર્નર હતો.

જગતનો ઈતિહાસ ૧૦ વર્ષ પછીની વસતી ગણતરી વિષે લખે છે, અને તે વખતે કુરેનિયસ સિરિયા પ્રાંતનો હાકેમ હતો. લૂક એ વિષે અજાણ નથી. લૂકે એ બીજા વસતી ગણતરી વિષે પણ પ્રેરિતોનાં કૃત્યો ૫:૩૭માં લખ્યું છે : "એના પછી **વસતીપત્રક (વસતી ગણતરી)** કરવાના વખતમાં ગાલીલના યહૂદાએ બળવો કરીને બહુ લોકોને પોતાની પછવાડે ખેંચ્યા, પણ નાશ પામ્યો..."આ ગણતરી બીજા વખતની હતી. અને જગતનો ઈતિહાસ જણાવે છે કે તે વખતે પણ સિરિયાનો ગવર્નર કુરેનિયસ હતો, અને સાલ હતી. ઇ. સ. ૬ એટલે ઈસુના જન્મ સમયની વસતી ગણતરી પછી ૧૦ વર્ષ બાદ આ બીજી વસતી ગણતરી થઈ હતી. કુરેનિયસ ઇ.સ. ૬માં બીજી વખતે સિરિયાનો ગવર્નર નિમાયો હતો. યરુશાલેમ અને આખો યહૂદિયા દેશ સિરિયા પ્રાંતના તાબામાં હતો.

પહેલી વસ્તી-ગણતરી ઓગસ્તસ બાદશાહના હુકમથી હતી. પણ હેરોદ એ ગણતરી રોમન રીતે નહિ, પણ યહૂદી પદ્ધતિએ કરી હતી. જેમાં દરેક વ્યક્તિએ પોતપોતાના વતનમાં જઈને નામ નોંધાવવાનું હતું. આ ગણતરી "લોકોની વસતી" કેટલી છે, તે જોવા માટે હતી. અને એમાં ૧૪ થી માંડીને ૬૫ની વય સુધીની

એકેએક વ્યક્તિએ માથાદીઠ કર સરકારને ભરવાનો હતો. બીજી વખતની (ઇ.સ. ૬ વાળી) ગણતરી તે દરેકની મિલકતની નોંધણીની હતી. એમાં દરેકે પોતપોતાની મિલકત રજિસ્ટર કરાવવાની હતી. પહેલી ગણતરી ઇ.પૂ. ૪ થી ૧ સુધી ચાલી. બીજી ગણતરી ઇ.સ. ૧૦ થી ૧૪ સુધી ચાલી.

□

# ૧૯ યુફ્રેતિસ નદી અને પ્રભુનું પુનરાગમન

♦ **પ્રશ્ન :**

*જૂના તેમ જ નવા કરારમાં યુફ્રેતિસ નદીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અંતકાળના સમયમાં એના વિષેનાં અગત્યનાં ભવિષ્યકથનો વિષે જરા સમજાવશો ?*

♦ **જવાબ :**

ઉત્પત્તિના બીજા અધ્યાયથી જ યુફ્રેતિસ નદીનું નામ શરૂ થઈ જાય છે (૨:૧૪) અને છેલ્લે પ્રકટીકરણ ૧૬:૧૨માં આવેલું છે. યુફ્રેતિસ નદી હાલના ઈરાકમાં આવેલી છે. બાઈબલના ઈતિહાસમાં ઈરાક અનેક નામોથી ઓળખાતો આવેલો દેશ છે. જેમ કે શિનઆર દેશ, બાબિલ, મેસોપોતામિયા, આશ્શૂર વગેરે. એદન બાગ આ દેશમાં હતો. જળપ્રલય પછી એદનબાગનાં કોઈ ચિહ્ન રહ્યાં નથી. ઉત્પત્તિ ૨-૧૪માં આપેલી ચાર નદીઓ અહીંથી જ નીકળી હતી. આજની તૈગ્રિસ નદીને આ કલમમાં અને બાઈબલમાં અન્ય ઠેકાણે "હિદ્દેકેલ" તરીકે ઓળખવામાં આવી છે. (વળી ૨ રાજા, ૨૩:૨૯, ૨૪:૯૭, ૧૬, વૃ. ૫:૯, ૧૮:૩, ૨ કા.વૃ. ૩૫:૨૦, યિર્મે. ૧૩:૪, ૫૧:૬૩, કોઈ વખત એને "પૂર" તરીકે પણ ઓળખાવી છે.)

યુફ્રેતિસ અને તૈગ્રિસનો જ્યાં સંગમ થાય છે, ત્યાંથી થોડેક જ દૂર યુફ્રેતિસને અડીને ઉર શહેર આવેલું હતું. એ ઉર શહેર વેપાર રોજગારથી ધમધમતું હતું. આબ્રાહમ એ શહેરમાં રહેતો હતો, ત્યારે ઈશ્વરે તેને તેડું આપ્યું હતું. આ નદીને કિનારે બીજાં

શહેરો પણ આવેલાં હતાં, જેમ કે બાબિલોન, સિપ્પાર, અગદ અને બોરસિપ્પા. તૈગ્રિસને કિનારે નિનવેહ આવેલું હતું.

હિબ્રૂમાં એને ફ્રાત કહી છે. અને ગ્રીકમાં 'યુફ્રેતિસ' તરીકે તૈગ્રિસ અને હબાર તેમ જ બીજી કેટલીએ નાની નાની નદીઓનાં પાણી યુફ્રેતિસમાં પડે છે. આર્મિનિયા (બુઝુર્ગ)ના પર્વતોમાંથી આ નદી નીકળે છે. અને આશ્શૂર (ઇરાક) સિરિયા (અરામ), મેસોપોતામિયા અને બાબિલોન શહેરમાં થઈને આ નદી વહે છે. અને ૧૭૦૦ થી ૧૮૦૦ માઈલ વહીને ઇરાની અખાતમાં પડે છે. એના મૂળથી લગભગ ૧૨૦૦ માઈલ (૧૯૩૧.૨ કિ.મી.) સુધી નાનાં વહાણો એમાં આવજા કરી શકે છે. બરફ ઓગળવાથી માર્ચ, એપ્રિલ અને મે માસમાં ભારે પૂર આવે છે. નદીનાં ઊંડાણ ૧૦ થી ૩૦ ફૂટની ઊંડાઈનાં છે, અને નદીની પહોળાઈ ૬૦૦ થી ૧૨૦૦ ફૂટની છે.

ભારતની સિંધુ, ગંગા, બ્રહ્મપુત્રા, જેવી નદીઓ આશરે ૨૨૦૦ માઈલ (આ. ૩૫૦૦ કિ.મી.) લાંબી, ભરેલી અને બરફ પીગળતાં છલકાતી જેવી જ યુફ્રેતિસ છે. હું ૧૯૫૪માં આ યુફ્રેતિસ નદી આગળ ઊભો હતો, ત્યારે મને મનમાં થાય કે આવી મહા નદી સુકાતી હશે ? પણ બાઇબલમાં બે જગાએ ભવિષ્યકથન છે કે, પ્રભુના પુનરાગમન સમયે એ નદી ઘણી જગાએ સુકાઈ જશે.

યશાયા ૧૧:૧૫ "યહોવા મિસરના સમુદ્રની જીભને સુકાવી નાખશે, અને પોતાના ઉષ્ણ શ્વાસથી તે નદી (યુફ્રેતિસ) પર પોતાનો હાથ હલાવશે, જે તેને મારીને સાત નાળાં કરશે, અને લોકો જોડાં પહેરીને પાર જશે." વળી પ્રકટી. ૧૬:૧૨માં આ પ્રમાણે લખ્યું છે : "પછી છઠ્ઠાએ (દૂતે) પોતાનું પ્યાલું મોટી નદી પર એટલે યુફ્રેતિસ પર રેડી દીધું. એટલે ઊગમણથી જે રાજાઓ આવનાર છે, તેઓને સારુ રસ્તો તૈયાર થાય માટે તેનું પાણી સુકાઈ ગયું."

અહીં બે વાત યાદ રાખવાની છે. પ્રભુનાં વચનો કદી મિથ્યા જવાનાં નથી. બધાં જ ભવિષ્યકથનો અક્ષરશઃ પૂરાં થશે, એક કાનો કે માત્ર પણ પૂરી થયા વિના રહેવાના નથી. બીજી વાત કે બાઈબલની એક ખૂબી છે કે દર એક કલમના સત્યને અનુમોદન આપવાની બીજી કલમ આખા બાઈબલમાં ક્યાંક મળશે જ મળશે. જેમ અહીં યશાયા ૧૧:૧૫ અને પ્રક્ટી. ૧૬:૧૨ એકબીજાને અનુમોદન આપનારી કલમો છે.

આજે આ મહાનદીમાં કેટલીય જગાએ સુકાણ થઈ ગયું છે. અને જોડા પહેરી આરપાર જઈ શકાય છે. પૂર્વ દેશોમાંથી જે લશ્કરો ચઢી આવનાર છે તે બધાં સુકાણમાં થઈને પાર જશે.

પૂર્વના દેશો એટલે ચીન, જાપાન, ભારત, ઈન્ડોનેશિયા વગેરે દેશોનાં લશ્કરો આ લાંબા રસ્તે થઈને યરુશાલેમ સાથે યુદ્ધ કરવા નીકળી પડશે. એ રસ્તો મોટા ભાગનો તૈયાર થઈ ગયો છે. ચીનના સિકલાંગથી એ રસ્તો શરૂ થાય છે. પછી ચીને પચાવી પચાવી લીધેલા તિબેટમાં થઈને આ રસ્તો આગળ વધે છે. ચીને જ એ રસ્તો તૈયાર કર્યો છે. એ પછી કાશ્મીરનો ૫૨૮૦ માઈલ (૯૫૯૬.૭ કિ.મી.) પાકિસ્તાને કાશ્મીરનો આ પ્રદેશ ભારતનો હોવા છતાં ચીનને આપી દીધો હતો. એ કાશ્મીરની બોર્ડર પર આ રસ્તો આગળ વધે છે.

ત્યાંથી અફઘાનીસ્તાનની સરહદે સરહદે રસ્તો આગળ જાય છે. એ પછી ઈરાન આવે. પણ ઈરાન વિષે આપણને જાણ નથી. એ પછી ઈરાક આવે. ઈરાકમાં અને ત્યાંથી યરુશાલેમ સુધીનો માર્ગ તૈયાર જશે. પૂર્વના દેશોનાં લશ્કરો આ રસ્તે થઈને યરુશાલેમ પર ચઢાઈ લઈ જવા આ માર્ગે થઈને જશે.

એ બનાવ ક્યારે બનશે ? પ્રભુ ઈસુ ગગનમાં પોતાના લોકોને લેવા માટે ઊતરશે, અને પ્રભુના લોકો (જીવતા અને મૂએલા)

ગગનમાં ઊંચકાઈ જશે. એ પછી લગભગ સાત વર્ષ વિતવા આવ્યાં હશે, તે સમયે "ખ્રિસ્ત વિરોધી" આખી દુનિયાનાં લશ્કરોને યરુશાલેમની સામે મગીદ્દોના મેદાનમાં એકઠાં કરશે. એમાં પૂર્વના દેશોનાં લશ્કરો ઉપર જણાવેલા રસ્તે થઈને, અને કોરી થયેલી યુફ્રેતિસ નદીમાં પાર થઈને આવશે, હમણાં ભારત અને ઈઝરાયલને સુલેહ થઈ છે. અને ચીનને પણ ઈઝરાયેલ સાથે એકંદરે ભાઈચારાના સંબંધ છે. પણ એ સંબંધો મટી જશે, અને તેઓ યરુશાલેમ સામે ઊઠશે.

પણ જ્યારે દુનિયામાં આ બધાં લશ્કરોએ યરુશાલેમને ઘેરો ઘાલ્યો હશે, તેવામાં જ પ્રભુ ઈસુ એકાએક યરુશાલેમ સામેના જૈતૂન પર્વત પર ઊતરશે. (ઝખા. ૧૪:૪), અને આ બધાં લશ્કરોનો અને ખ્રિસ્ત-વિરોધીનો નાશ કરશે (૨ થેસ્સા ૨:૮) એ હારમાગેદનના યુદ્ધ તરીકે ઓળખાય છે. એ પછી પ્રભુ ઈસુ, માથ્થી ૨૫ઃ૩૧-૩૪માં આપેલો જીવંત પ્રજાઓનો ન્યાય કરશે, અને એ ન્યાય થયા પછી વિદેશીઓમાંથી બચેલી પ્રજાઓ ઘેટાં પ્રજા અને યહૂદીઓ ઉપર પ્રભુ ઈસુ એક હજાર વર્ષનું રાજ્ય કરશે, ખ્રિસ્તની સાથે સ્વર્ગેથી ઊતરેલી મંડળી આ રાજ્યનાં ખ્રિસ્તી સાથે મળીને રાજ્ય કરશે.

**યુફ્રેતિસ નદી કેમ સુકાય છે ? :** પ્રભુ દુનિયામાં બનતા બનાવોની મારફતે પોતાની સનાતન યોજનાઓ અને પોતાનાં વચનો પૂરાં કરે છે. એવું જ આ યુફ્રેતિસ નદી વિષે બન્યું છે. ટર્કી (તુર્કસ્તાન) લગભગ ૨૧ મોટાં જળાશયો દેશમાં બાંધી રહ્યું છે. આથી સિરિયા અને ઈરાકને યુફ્રેતિસના મળવા જોઈતાં પાણી નથી મળતાં. નવેક વર્ષ પર ૧૯૯૦માં જાન્યુઆરી ૧૩થી ફેબ્રુઆરી સુધી કંઈ પાણી તેઓને મળ્યું નહોતું.

ટર્કી ૨૧ જંગી જળાશયો, ૧૭ હાઈડ્રોઈલેક્ટ્રિક પ્લાન્ટ્સ

ઉપરાંત ૪૬૦૦૦ ચો.માઈલ જેટલાં સૂકા પ્રદેશને સિંચાઈ પૂરી પાડવાની યોજના કરી રહ્યું છે. જે ૩૦ દિવસ સુધી ૧૯૯૦માં સિરિયા અને ઇરાકને પાણી ન મળ્યાં તે સમયે ટર્કી આટાતૂર્ક "ડેમ"નાં પાણી ભરી રહ્યું હતું.

આ ડેમ આખી દુનિયામાં મોટામાં મોટો ડેમ છે. અને સિરિયાના સીમાડે ૧૦૦ કિ.મી. દૂર દૂર આવેલો છે. પાણી સંબંધી જે આંતરરાષ્ટ્રીય કાયદા કાનૂન છે, તેમનો ટર્કી સદંતર ભંગ કરી રહ્યું છે.

પ્રભુનું પુનરાગમન છેક પાસે છે અને યુગપલટો નજદીકમાં છે. એ પારખવા માટે યુફ્રેતિસનું સુકાતું પાણી એટલી જ નિશાની નથી. પણ અનેક અન્ય નિશાની છે. જેમ કે ૨૦૦૦ વર્ષ પછી યહૂદીઓનું પાછા ફરવું, રાજ્ય સ્થાપવું, યરુશાલેમ પાટનગર બનવું, યુરોપીય કોમન માર્કેટ સ્થાપવું, રશિયાનું અમુક હદનું પતન કુદરતમાં ધરખમ ફેરફારો, વગેરે જોવા માગે એને માટે તો ચારેકોર નિશાની જ નિશાનીઓ છે.

☐

# ૨૦ ખ્રિસ્તવિરોધીનો નાશ

વળી ૨ થેસ્સાલોનિકા ૨:૮ - "ત્યાર પછી તે અધર્મી (ખ્રિસ્તવિરોધી) પ્રગટ થશે. પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે."

પ્રભુ ઈસુના ગગન-આગમન ઉપર આ વિશ્વયુદ્ધનો પણ આધાર છે, ગગનમાં પ્રભુ ઈસુ આવે એ પછી સાત વર્ષે આ "હાર-માગેદ્દોનનું યુદ્ધ થશે. એટલે ધારી લો કે પ્રભુ ઈસુ આ ૧૯૯૯માં ગગનમાં આવે, એ પછી ચાર વર્ષે એટલે ૨૦૦૩માં આ યુદ્ધ થાય. એમ ચોક્કસપણે આપણે કહી શકીએ કે નોસ્ટ્રદામસે અંતિમ યુદ્ધ ૧૯૯૯માં થશે એમ કહેલી વાત ખોટી ઠરે છે. બીજું કંઈ આ હાર મગીદ્દેનું યુદ્ધ તે અંતિમ યુદ્ધ નથી."

**પ્રભુ ઈસુના રાજ્ય સામે શેતાનનો બળવો :** એની બાઈબલ રેફરન્સ છે : પ્રકટી. ૨૦:૭-૧૦, "જ્યારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે. એટલે તે પૃથ્વીના ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠાં કરવાને બહાર આવશે. તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. તેઓ પૃથ્વીની આખી સપાટી પર ચાલતા ગયા. અને તેઓએ સંતોની છાવણીને તથા વહાલા શહેરને (યરુશાલેમને) ઘેરો ઘાલ્યો, પણ આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને તેઓનો સંહાર કર્યો. અને તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં, જ્યાં શ્વાપદ તથા જૂઠો પ્રબોધક છે, ત્યાં નાખી દેવામાં આવ્યો. ત્યાં તેઓ રાતદિન સદા સર્વકાળ વેદના ભોગવશે."

**પૃથ્વી ઉપર પ્રભુ ઈસુનું ૧૦૦૦ વર્ષનું રાજ્ય :** નં. ૨ના યુદ્ધમાં આપણે જોયું કે પ્રભુ ઈસુ યરુશાલેમની સામેના જૈતુન પર્વત પર, પોતાના લોકોની સાથે ઊતરશે, અને ખ્રિસ્ત વિરોધીએ એકત્ર કરેલાં લશ્કરોનો અને ખ્રિસ્ત વિરોધીનો પણ નાશ કરશે.

એ પછી તે જીવંત પ્રજાઓનો ન્યાય કરશે. બકરાંરૂપ પ્રજાઓનો નાશ કરશે, અને ઘેટાંરૂપ પ્રજાઓને પોતાના ૧૦૦૦ વર્ષના રાજ્યમાં લેશે. એ સહસ્રાબ્દી રાજ્યમાં યરુશાલેમને પ્રભુ ઈસુ પોતાનું પાટનગર બનાવશે, અને ત્યાંથી આખી પૃથ્વી પર રાજ્ય કરશે. (બાઈબલ રેફ. માથ્થી ૨૫:૩૧-૪૫)

આ ૧૦૦૦ વર્ષના રાજ્યને "આકાશનું રાજ્ય" કહેવામાં આવે છે, કેમ કે યુદ્ધ કરીને લીધેલું રાજ્ય નથી કે, વારસામાં ઊતરેલું રાજ્ય નથી; પણ ઈશ્વરે (પ્રભુ ઈસુએ) માનવતંત્રમાં દરમિયાનગીરી કરીને આ રાજય સ્થાપ્યું છે. દાનિયેલ ૨:૩૪-૩૫- વગર હાથોએ કાપી કાઢેલી શીલા આખી પૃથ્વીમાં ફેલાઈ ગઈ." એ જ આ 'આકાશનું' કે ૧૦૦૦ વર્ષનું રાજ્ય. આ સહસ્રાબ્દી રાજ્યમાં કોઈ યુદ્ધ નહિ થાય, જમીન પોતાની પૂર્ણ ઉપજ આપશે. પ્રાણીઓના હિંસક સ્વભાવ દૂર થશે. (યશાયા. ૧૧:૬-૯), આયુ દોરી લાંબી થશે. (યશાયા. ૬૫:૨૦-૨૨, ઝખાર્યા ૮:૪)."

આ ૧૦૦૦ વર્ષ દરમિયાન શેતાનને સાંકળે બાંધીને ઊંડાણમાં પૂરી દેવામાં આવ્યો, જેથી તે લોકોને ભમાવે નહિ (પ્રકટી. ૨૦:૧-૩). પણ એક હજાર વર્ષનું રાજ્ય પૂરું થયા પછી તેને બંધનમુક્ત કરવામાં આવ્યો.

બંધનમુક્ત બનેલો શેતાન પૃથ્વી પર બધે જઈને દુનિયાનાં લશ્કરોને એકત્ર કરશે; અને યરુશાલેમની સામે ઘેરો ઘાલશે, અને ખુદ પ્રભુ ઈસુની સામે લડવા જશે. (જુઓ, આ ત્રીજા અને અંતિમ યુદ્ધની શરૂઆતે અહીં પ્રકટી. ૨૦:૩-૧૦ની રેફરન્સ આપી છે તે

વાંચી જાઓ. પ્રભુ ઈસુ આ શેતાનને "અગ્નિ તથા ગંધક"ની ખાઈમાં સદાસર્વકાળ માટે નાખી દેશે.

આમ, શેતાન ખ્રિસ્તવિરોધી (એન્ટી ક્રાઈસ્ટ = શ્વાપદ), અને જૂઠા પ્રબોધકનો નાશ થશે. એ પછી પાપીજનોનો ન્યાયકાળ અને શિક્ષા. એ પછી પ્રભુ નવી પૃથ્વી અને નવું આકાશ બનાવશે. આ પછી પાપની ગંધ સરખીયે ક્યાંયે નહિ રહે.

આમ, આ અંતિમયુદ્ધ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પરના પુનરાગમન પછી હજાર વર્ષ બાદ લડાશે, અને પૂરું થશે. નોસ્ટ્રદામસ ૧૯૯૯ની વાત કરે છે એ કાંતો કપોળ કલ્પિત વાત છે. અથવા શેતાનના આત્માની ભમાવટ છે.

□

# ૨૧ ઈસુ વિષેની ભવિષ્યવાણી આખી દુનિયામાં

♦ **પ્રશ્ન :**

*ઈશ્વર તરફથી ભવિષ્યવાણીઓ :*

♦ **જવાબ :**

**ઈશ્વર તરફથી ભવિષ્યવાણીઓ :** આદમ અને હવાએ પાપ કર્યું ત્યારથી જ ઈશ્વરે માનવજાતને ભવિષ્યકથનો આપ્યાં છે. "સ્ત્રીનું સંતાન" (ઈસુ ખ્રિસ્ત) ઉદ્ધાર માટે આવશે, અને બલિદાન બનશે, (ઉત્પત્તિ ૩:૧૩-૨૦). વળી ઈસુ ખ્રિસ્ત પૃથ્વીનો ન્યાય કરવાને હજારોહજારની સાથે આવશે એવું ભવિષ્યકથન હનોખે (ઈ.પૂર્વે ૨૯૮૮માં આજથી ૪૯૮૦ વર્ષ ઉપર) કર્યું હતું. (જુઓ યહૂદાનો પત્ર ૧૪-૧૫ કલમો). બાબિલોની બલઆમ મારફતે પ્રભુ ઈસુ ઇઝરાયલ મારફતે જન્મ લશે એવી ભવિષ્યવાણી (ઈ.પૂર્વે. ૧૪૨૩માં જુઓ ગણના ૨૪:૧૭, ૧૯) આપવામાં આવી છે.

જળપ્રલય ઈ.પૂર્વે ૨૩૪૮માં એટલે કે આજથી ૪૩૪૦ વર્ષ પૂર્વે થયો, તે પહેલાં ઈશ્વરે જે જે વચનો આપ્યાં હતાં, અને ભવિષ્યવાણીઓ કરી હતી, એ બધું જળપ્રલય પછી નૂહના ત્રણ દીકરાઓ (શેમ, હામ, યાફેથ) મારફતે આખી દુનિયામાં ફેલાઈ ગયું. કારણ, જળપ્રલય પછી દુનિયાની તમામ વસતી આ ત્રણ દીકરાઓથી થઈ. તારણહાર આવવાના છે, એ વિષેની ભવિષ્યવાણીઓ આખી દુનિયામાં એ રીતે પ્રસરી. અને દુનિયાની સર્વ પ્રજાઓ તારણહારની રાહ જોતી હતી. તેટલે તો પૂર્વના "માગી" (જ્ઞાની) લોકો બેથલેહેમ આવ્યા. ચીનમાં પણ ભવિષ્યવાણી હતી કે, "પશ્ચિમથી" આ દિવ્ય પુરુષ આવશે. "ચૂ

વંશના લ્યાઓવેન્ગના ૨૪મા વર્ષે ચોથા ચાંદના આઠમા દિવસે રાજાના મહેલને પ્રકાશમાન કરી દેતો પ્રકાશ નૈઋત્ય કોણમાં ચમક્યો. એના પ્રકાશથી અંજાઈને રાજાએ જ્ઞાનીઓને (પંડિતોને) એ વિષે પ્રશ્ન પૂછયા. તેઓએ પુસ્તકો બતાવ્યાં જેમાં જણાવ્યું હતું કે, પશ્ચિમમાંથી એક મહાન રાજા આવશે, જેનો ધર્મ આ દેશમાં પણ પ્રવેશ પામશે."

ગ્રીકોમાં પણ એવી માન્યતા પ્રચલિત હતી. પ્રભુ ઈસુના જન્મ પૂર્વે ઐસ્ખીલશે લખેલા 'પ્રોમેથિસ'માં લખ્યું છે : "આ શ્રાપના અંતની રાહ ન જોશો, કેમ કે ઈશ્વર પોતે આવશે. અને પોતાના માથા પર તારાં પાપનું દુઃખ તારે બદલે લેશે."

ભારતનાં શાસ્ત્રોમાં પણ છે : "શ્રૃઃ પ્રજાસ્પતીર દેવેભ્યામ આત્મનામ યજ્ઞમ્ કૃત્વા પ્રાયશ્ચિતઃ" ઈશ્વર પોતે આવીને પોતાની જાતનું બલિદાન દઈને (આપણાં) પાપનું પ્રાયશ્ચિત કરશે. ભારતમાંનું આ ભવિષ્ય કથન નૂહના ત્રણ પુત્રોને જ આભારી છે. દુનિયામાં પંડનું બલિદાન દઈ લોકો માટે મુક્તિ મૂલ્ય ભરનાર એકમાત્ર પ્રભુ ઈસુ જ છે. બાઈબલમાં તો પ્રભુ ઈસુના પ્રથમાગમન માટે સેંકડો ભવિષ્યકથનો છે, ને એ એકે એક ભવિષ્યવાણી અક્ષરશઃ પૂર્ણ થઈ છે. અને સમયની સંપૂર્ણતાએ એ પ્રભુ ઈસુ આવ્યા, અને લોકો માટે પાપના મુક્તિ-મૂલ્યની ચૂકવણી પણ કરી ખરી.

એ પછી પ્રભુ ઈસુના શિષ્યો પાપમુક્તિના પયગામનો શુભસંદેશ લઈને દુનિયાભરમાં ઘૂમી વળ્યા. ઇ.સ. પહેલી સદીની અધવચમાં સંત થોમા ભારત આવ્યા, અને શુભસંદેશ ફેલાવ્યો. એલેકઝાન્ડ્રિયાથી યહૂદી વેપારીઓની સાથે સીંધુ નદી દ્વારા તે પંજાબ તરફ તક્ષશિલામાં ગયો. ગદનાફાર રાજાએ તેમને આશરો આપ્યો પણ હૂણ લોકોના હુમલાઓએ તક્ષશિલાનો નાશ કર્યો.

એટલે સંત સીધું નદી મારફતે પાછા આવીને દક્ષિણ ભારતમાં કોરોમંડલમાં (કેરાલામાં) આવ્યા. આસપાસ બધે શુભસંદેશ ફેલાવ્યો અને ભારતમાં જ શહિદ થયા.

તે સમયથી કેરાલામાં સિરિયન ક્રિશ્ચિયન મંડળી અસ્તિત્વમાં આવી છે.

વળી પ્રભુ ઈસુના બીજા એક શિષ્ય સંત બાર્થલમુ એ જ અરસામાં કોકણપટ્ટી વિસ્તારમાં આવ્યા, અને એ વિસ્તારમાં શુભસંદેશ ફેલાવ્યો. એ દ્વારા ઘણા બધાએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો. મુંબઈ યુનિવર્સિટીમાં એક બહેને પી.એચડી.ની ડીગ્રી માટે એ વિષય પર મહાનિબંધ લખ્યો છે. વળી કાઠિયાવાડના (સૌરાષ્ટ્રના) કંઠાર વિસ્તારમાં કોઈ અજાણ્યા ખ્રિસ્તીઓએ શુભસંદેશ ફેલાવ્યાના અણસાર મળી આવે છે. કદાચ સંત થોમાના સેવાકાર્યના આ આડકતરાં ફળ હોઈ શકે.

સૌરાષ્ટ્રમાં ભાવનગરથી થોડે દૂર કોળિયાકનો મેળો દર વર્ષે ભરાય છે. એને 'નકલંકનો મેળો' પણ કહેવામાં આવે છે. માળેશ્વરી નદીને બંને કાંઠે શ્રાવણ માસની છેલ્લી રાતે અને ભાદરવાના પહેલા દિવસે આ મેળો ભરાય છે.

આ મેળામાં મોટા ભાગનાં ગીતો, ભજનો, દુહા અને ગરબા 'નકલંક રાજા'ના અને તેમની 'મેઘડી' (મેઘલી) કન્યાનાં ગવાય છે. એ બધાંનો સાર આવો છે : છેલ્લા સમયમાં આકાશથી નકલંક (કલ્કી) રાજા ઊતરશે; તેમની સાથે હજારો હજાર દૂતો આવશે, તે બધાંનો ન્યાય કરશે, અધર્મીઓનો નાશ કરશે, અને ન્યાયીઓ પર તે રાજ કરશે; નાતજાતના ભેદભાવ દૂર થશે; પ્રાણીઓનો હિંસક સ્વભાવ પલટાઈ જશે; ભૂખમરો કે દુકાળ કાયમ દૂર થશે; શાંતિનું સામ્રાજ્ય વિશ્વભરમાં પ્રસરશે; નકલંક રાજા મેઘડી (મેઘલી) કન્યા

(મંડળી) સાથે લગ્ન કરશે (વાદળમાં ઊંચકાઈ જનાર મંડળી રૂપી કન્યા સાથે).

આ બધાં જ ભજનો, દુહા અને ગરબા પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતાના હજારોહજાર દૂતો સાથે બીજી વાર પૃથ્વી પર આવનાર છે તેને જ લાગુ પડે છે. પૃથ્વી પર તેમના સંતો અને સેવકોની જે 'મંડળી' (Church) બનેલી છે તેની સાથે નકલંકનાં લગ્ન થશે, એટલે કે મંડળી મેઘોમાં (વાદળોમાં) નકલંક પ્રભુ ઈસુને મળવા ઊંચકાઈ જશે, અને નકલંક રાજાની સાથે રહેશે. જૂનું બધું જતું રહેશે, અને નવાં આકાશ અને નવી પૃથ્વી થશે.

રેવ. રામસિંહ કહાનદાસભાઈએ આ બધાં ભજનો ગ્રંથસ્થ કર્યા છે, અને પુસ્તકનું નામ આપ્યું છે : **"નકલંક અવતાર"** (ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીમાંથી એની ત્રીજી આવૃત્તિ મેળવી શકાય છે. (સાહિત્ય સેવા સદન, ગુજરાત કોલેજ પાસે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬) .

એમાંથી કેટલાંક ભજનની કેટલીક કંડિકાઓ તમને ખ્યાલ આવે માટે, રજૂ કરું છું.

(૧) જ્યારે નિષ્કલંક મહારાજ આવશે,
ત્યારે પૃથ્વી પર મોટો ફેરફાર થશે,
વાઘ, બકરી સાથે સાથે રહેશે,
વેર કજિયા ટળીને સંપશાંતિ સ્થપાશે.

(૨) ઝુડિયા, કપટિયાને ટાળશે,
સર્વ ખોટા ધર્મને સંહારશે,
નાતજાત કોઈ નહિ પાળશે,
સકળ જગતમાં જયજયકાર વર્તાવશે.

(૩) દક્ષમે દેવ નકલંક જાગશે,
વરતાશે જયજયકાર,
મેઘડી રાણીને પ્રભુજી પરણશે,
ને થાશે એકાકાર.

(૪) સંગ (સાથે) સાહેબ પવિત્ર આત્મા.

(૫) છત્રપતિ જાગશે,
ઢોલ ધર્મનાં વાગશે,
કબરોમાંથી જાગશે.
કાયમ લેખાં માગશે,
કુડિયા નરને કાપશે,
સાચા નરને રાખશે.

(૬) નકલંકી સાથે ઘણા દૂતો આવશે,
આપણા ગુરુજીના અગમ ભાખિયાં.

(૭) મંડળીને પરણશે બાવો
(નકલંક) બાળ મુકંદા.

(૮) ઘોરે ઘોરે નર જાગશે,
પૃથ્વીની પીઠે અથાગ.

(૯) વાઘ સાથે વસે ગાય.

(૧૦) જૂની જાંગી વાગશે,
ઝળહળશે સોનેરી નિશાન.
તે દિ સાહેબો મારો બેસશે,
શ્વેત અશ્વને પલાણ.

(૧૧) ખારા સમુદ્ર મીઠા થશે,
તે દિ નિઃવિષ થાશે નાગ.

(૧૨) નિષ્કલંક પરણશે મેઘડી

(૧૩) ભાણ અજવાળું બળશે,
અગણિત તારા ખભળશે.
શ્વેત ઘોડે મારો કાયમ ચઢશે,
આલમનો રાજા આવશે.

(૧૪) જ્યારે નિષ્કલંકી આવશે,
ઘોરે ઘોરે નરનારી જાગશે.

(૧૫) પાપીઓને આગમાં બાળશે,
સતિયાને સંભાળશે.

(૧૬) સતિયાને બાવો રાખશે,
કુડિયાને નરકમાં નાખશે.

(૧૭) જ્યારે આકાશેથી નકલંક ઊતરશે રે જી.

(૧૮) ઘણી મંડળીને મિઢળ બાંધશે રે જી.
પછી થશે સૂરજ અંધકાર રે જી.

આ બધાં ભજનો અંત સમયે થનાર બનાવો અને પ્રભુના પુનરાગમન વિષે જ છે. અને બાઈબલનાં અગમવચનોથી પરિચિત એવી વ્યક્તિઓએ લોકભોગ્ય ભાષામાં ઢાળ્યાં છે.

□

## ૨૨ પિતરને સ્વર્ગમાં તેમ જ પૃથ્વી પર બાંધવા છોડવાની સત્તા છે

◆ **પ્રશ્ન :**

*માથ્થી ૧૬:૧૯માં લખેલું છે કે : "આકાશના રાજ્યની કૂંચીઓ હું તને આપીશ, ને પૃથ્વી પર તું જે કંઈ બાંધશે, તે આકાશમાં બંધાશે; અને પૃથ્વી પર તું જે કંઈ છોડશે, તે આકાશમાં પણ છોડાશે." એટલે રોમન કેથલિકો માને છે તેમ પિતરને સ્વર્ગ અને પૃથ્વી પર બાંધવા તથા છોડવાની સત્તા કે અધિકાર છે.*

◆ **જવાબ :**

"આકાશના રાજ્યની ચાવીઓ" : મંડળીની ચાવીઓ (કૂંચીઓ) નહિ; પણ આકાશના રાજ્યની ચાવીઓ વિષે લખેલું છે. અગાઉ ખ્રિસ્તીબંધુના એક અંકમાં મંડળી અને આકાશના રાજ્યનો તફાવત આપણે જોઈ ગયા છીએ. 'મંડળી' એ નવો જન્મ પામેલાનું મંડળ છે, જ્યારે 'આકાશનું રાજ્ય' એ ખ્રિસ્તી સમાજ છે, જેમાં (માથ્થી ૧૩નાં દષ્ટાંત પ્રમાણે) ભલું અને ભૂંડું ભેળસેળ થયેલું છે. બાઈબલમાં કૂંચીઓ શબ્દ સત્તા અને અધિકાર દર્શાવવા વાપરેલો શબ્દ છે. (યશા. ૨૨:૨૨. પ્રકટી ૧:૧૮). આકાશના રાજ્યનું દ્વાર ખુલ્લું કરવાને પિતરને ચાવી આપવામાં આવી છે. શરૂઆતની મંડળીનો ઈતિહાસ જોતાં એ સાબિત કરી શકાય છે :

પિતરે પચાસમાના દિવસે (પ્રે.કૃ. ૨:૧૪, ૩૮:૪૨) યહૂદીઓની આગળ 'આકાશના રાજ્યનું દ્વાર (ખ્રિસ્તમાં આવવાની તક) ઉઘાડયું, અને ત્રણેક હજાર જેટલા યહૂદીઓએ અંદર પ્રવેશ

મેળવ્યો. એ પછી પિતરે સમરૂનીઓ માટે એ દ્વાર ઉઘાડયું, અને ઘણા બધા સમરૂનીઓ આકાશના રાજ્યમાં પ્રવેશ પામ્યા (પ્રે.કૃ. ૮:૧૪-૧૭). એ પછી પિતરે વિદેશીઓ માટે રોમન કર્નેલિયસના ઘરમાં આકાશના રાજ્યનું દ્વાર ખુલ્લું કર્યું. (પ્રે.કૃ. ૧૦:૩૪-૪૬).

આમ જુદે જુદે તબક્કે ત્રણ જાતિઓ (યહૂદીઓ, સમરૂનીઓ અને વિદેશીઓ)ને માટે આકાશના રાજ્યનું દ્વાર ખુલ્લું કર્યું. પચાસમાને દિવસે જે પવિત્ર આત્મા ઊતર્યો, એ જ પવિત્ર આત્મા સમરુનીઓ તેમ જ વિદેશીઓમાં પણ આવી વસ્યો. પિતરને આપવામાં આવેલી 'કૂંચી' આ રીતે વપરાઈ, એ 'કૂંચી'ને મંડળીમાં કે સ્વર્ગમાં પ્રવેશવાની 'કૂંચી' કહેવામાં આવી નથી. સ્વર્ગનો દરવાજાદાર પિતર છે એમ કેટલીકવાર કહેવામાં આવે છે તે વાત ખરી નથી. એને 'આકાશના રાજ્યની કૂંચી' કહેવામાં આવી છે. આકાશનું રાજ્ય સ્વર્ગમાં નહિ, પણ પૃથ્વી પર સ્થપાવાનું હતું.

યોહાન બાપ્તિસ્તે, બાર શિષ્યોએ, સિત્તેર શિષ્યોએ તેમ જ પ્રભુ ઈસુએ પોતે શરૂઆતે 'આકાશનું રાજ્ય પાસે આવ્યું છે, માટે પસ્તાવો કરો," એમ પ્રગટ કરેલું. (એ આકાશના રાજ્યની સુવાર્તા હતી; મંડળી યા કૃપાની સુવાર્તા નહોતી). પણ યહૂદીઓએ રાજાનો નકાર કર્યો, એટલે "આકાશનું રાજ્ય મોકૂફ રખાયું, અને મંડળીનો - કૃપાનો - જમાનો આવ્યો. મોકૂફ રખાયેલા આકાશના રાજ્યની સુવાર્તા ફરી પાછી પ્રભુ ઈસુના પુનરાગમન સમયે આખી પૃથ્વી પર ફેલાવવામાં આવશે. "અને સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા માટે રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે; અને ત્યારે જ અંત આવશે." (માથ્થી ૨૪:૧૪). અને એ પછી તરત જ પ્રભુ ઈસુ યરુશાલેમમાં જૈતૂન પહાડ પર ઊતરશે, અને પૃથ્વી ઉપર, યરુશાલેમને પાટનગર રાખીને મોકૂફ રખાયેલું 'આકાશનું રાજ્ય' એક હજાર વર્ષ માટે સ્થાપશે.

માથ્થી ૧૬:૧૯માં આગળ પ્રભુ ઈસુએ આ પણ કહ્યું છે : "પૃથ્વી પર તું જે કંઈ બાંધશે, તે આકાશમાં બંધાશે, અને પૃથ્વી પર તું જે કંઈ છોડશે, તે આકાશમાં પણ છોડાશે."

આ બાંધવા-છોડવાની વાત અહીં ૧૯મી કલમમાં પિતરને સંબોધીને કહેવામાં આવી છે ખરી, પણ ક્રિયાપદ (ગ્રીકમાં) બહુવચનમાં છે, એટલે બીજા શિષ્યોને પણ એ સંબોધાયેલું છે. વળી માથ્થી ૧૮:૧૮માં એ કાર્ય બીજા પ્રેરિતો અને વિશ્વાસીઓને પણ સોંપવામાં આવ્યું છે : "હું તને ખચીત કહું છું કે, જે કંઈ તમે પૃથ્વી પર બાંધશો, તે આકાશમાં બંધાશે; અને જે કંઈ તમે પૃથ્વી પર છોડશો, તે આકાશમાં છોડાશે." વળી યોહાન ૨૦:૨૩માં પણ બધા શિષ્યોને એ જ બાંધવા - છોડવાની વાત કરી છે : "જેઓનાં પાપ તમે માફ કરો છો, તેઓનાં પાપ માફ કરવામાં આવે છે, અને જેઓનાં પાપ તમે કાયમ રાખો છો, તેઓનાં પાપ કાયમ રહે છે."

પણ લૂક ૨૪:૩૩ પ્રમાણે આ પ્રસંગે ફક્ત શિષ્યો એકલા જ ઈસુની સાથે નહોતા, પણ અન્ય માણસો પણ હતા : "તે જ ઘડીએ તેઓ (એમ્માોસ ગયેલા બે જણ) ઊઠીને યરુશાલેમ ભણી પાછા વળ્યા, અને અગિયાર શિષ્યોને તથા તેઓની સાથેના માણસોને ત્યાં એકઠા થયેલા દીઠા." આ બધી વાત (લૂક ૨૪:૩૩. યોહાન ૨૦:૨૩) પુનરુત્થાનને દિવસે જ બની. (જુઓ લૂક. ૨૪:૧. યોહાન ૨૦:૧, ૧૯) અને એ અધિકાર શિષ્યોને, સર્વ વિશ્વાસ કરનારાંને તથા સમસ્ત મંડળીને માટે છે. પાપ માફ કરવાનો અધિકાર ફક્ત ઈશ્વરને જ છે. શિષ્યોને કે મંડળીને ઈસુને નામે પાપની માફી મળી શકે છે એ પ્રગટ કરવાનો અધિકાર છે. જે કોઈ ઈસુનો સ્વીકાર કરે તેને પાપની માફી મળે છે; પણ જે સ્વીકાર નથી કરતો તેના માથે જ તેનાં પાપ રહે છે. પણ પ્રભુ ઈસુ દ્વારા

ઈશ્વરે જે તારણ સિદ્ધ કર્યું છે, તેને આધારે, ઈસુનો ખરેખરો સ્વીકાર કરનારને પાપ-માફી મળી છે એમ વિશ્વાસીજન જાહેર કરી શકે છે, - તે પણ ખ્રિસ્તના એલચી.તરીકે પવિત્ર આત્મા તેનામાં વસે છે તેની દોરવણી અને બાઈબલ સહારે જ તેમ કહી શકે.

☐

## ૨૩ રોમન બાદશાહોનાં નામ

આમ તો ઇ.પૂ. ૫૧૦થી ઇ.પૂ. ૩૦ સુધી તો રોમ એક બળવાન અને વિસ્તર્યે જતા રીપબ્લિક તરીકે હતું. પણ વિશ્વસામ્રાજ્ય તરીકેની શરૂઆત ઇ.પૂ. ૬૩ થી ગણી શકાય. કેટલાંક ઇ.પૂ. ૩૦ થી પણ ગણે છે. રોમન સરકારનું સ્વરૂપ બદલાતું રહ્યું છે. પણ એની સત્તાની ટોચનો સુવર્ણકાળ તો એના કૈસરોનો (બાદશાહોનો) સમય ગણાય. એ નીચે પ્રમાણે.

૧. **જુલિયસ સીઝર :** ઇ.પૂ. ૪૬માં દશ વર્ષ માટે સત્તાધિશ (ડીકટેટર) તરીકે નીમાયો. પણ ઇ.પૂ. ૪૪માં તેની હત્યા થઈ.

૨. એ પછી ટૂંકા ગાળાની કટોકટી પછી ઇ.પૂ. ૩૧માં ઓક્ટેવિયને સઘળી રોમન સત્તા હસ્તગત કર્યા પછી તેણે બાદશાહ પદ ધારણ કર્યું, અને **ઓગસ્ટસ** તરીકે નામ ધારણ કર્યું. તેના સમયમાં ઇ.પૂ. ૪માં પ્રભુ ઈસુનો બેથલેહેમમાં જન્મ થયો. પ્રજાએ પોતપોતાનાં નામ નોંધાવવાનો હુકમ ઓગસ્ટસે બહાર પાડયો હતો.

૩. એ પછી ઇ.સ. ૧૪-૧૭ **તિબેરિયસ** સત્તા પર રહ્યો. પ્રભુ ઈસુની ધર્મસેવા સમયે આ તિબેરિયસ સત્તા પર હતો. (લૂક. ૩:૧, ૨, ૨૧-૨૩).

૪. તેના પછી **ગાયસ** (કાલિગુલા) બાદશાહ બન્યો, અને ઇ.સ. ૩૭-૪૧ સુધી સત્તા પર રહ્યો.

૫. એ કાળ પછી **ક્લોડિયસ** ઇ.સ. ૪૧ થી ૫૪ સુધી રહ્યો.

રોમમાંથી યહૂદીઓને નીકળી જવાનું હુકમનામું તેણે બહાર પાડયું. (પ્રે.કૃ. ૧૮:૨).

૬. હવે **નીરો** બાદશાહ સત્તા પર આવ્યો. (૫૪-૬૮). પ્રેરિત પાઉલે તેની પાસે દાદ માગી હતી. (પ્રે.કૃ. ૨૫:૧૧, ૧૨, ૨૧).

૭. **ગલ્બા** બાદશાહ ૬૮ થી ૬૯ સુધી સત્તારૂઢ રહ્યો.

૮. એના પછી **ઓથો** અને

૯. **વિતેલિયસ** બાદશાહો ૬૯માં અનુક્રમે આવ્યા.

૧૦. એ પછી **વેસ્પાસિયન** બાદશાહ સત્તા પર આવ્યો (૬૯-૭૯). એના સમયમાં યરુશાલેમ જીતી લેવામાં આવ્યું. શહેરનો અને મંદિરનો નાશ થયો. (ઈ.સ. ૭૦). વેસ્પાસિયનનો દત્તકપુત્ર તિતસ સેનાપતિ તરીકે એક લાખ સૈનિકોનું લશ્કર લઈને ચઢી આવ્યો હતો. મંદિરને બાળીને ખાક કરી નાખ્યું.

૧૧. હવે **તિતસ** ગાદી પર આવ્યો. (૭૯-૮૧).

૧૨. એના પછી **ડોમિશિયન** બાદશાહ બન્યો. (૮૧-૯૬) ઊતરી આવેલી વાત પ્રમાણે તેણે પ્રેરિત યોહાનને શિક્ષાના ટાપુ પાત્મસ પર દેશનિકાલ કર્યો હતો. યોહાને અહીં આ ટાપુ પર રહીને "પ્રકટીકરણ"નું પુસ્તક લખ્યું (પ્રકટી. ૧:૯,૧૦). અજાયબ જેવું કે વસ્તીહિન, ઉજ્જડ અને ભૂખમરાના આ ટાપુ પર તે ભૂખે મરી જાય માટે એને અહીં મોકલવામાં આવ્યો હતો, પણ સંત યોહાન તો પ્રભુના દિવસે (રવિવારે) આત્મામાં ભરપૂર હતો. તે લખે છે કે "પ્રભુના દિવસે હું આત્મામાં હતો, ત્યારે મેં મારી પાછળ રણશિંગડાના અવાજ જેવી મોટી વાણી સાંભળી, તે કહેતી હતી કે, તું જે જુએ છે તે પુસ્તકમાં લખ.." (પ્રકટી. ૧:૧૦, ૧૧).

૧૩. હવે **નર્વા** બાદશાહ બન્યો (૯૬-૯૮).

૧૪. એ પછી **ટ્રાજન** ગાદી પર આવ્યો. (૯૮-૧૧૭). એના સમયમાં સામ્રાજ્યના સિમાડા દૂર દૂર સુધી વિસ્તર્યા. **હેડ્રિયન** (ઇ.સ. ૧૩૫) એ પછી રોમના સામ્રાજ્યના પડતીના દિવસો આવ્યા. એ સમયોમાં મહાન **કોન્સ્ટાન્ટાઈન** બાદશાહ બન્યો. (૩૦૬-૩૩૭). તે ખ્રિસ્તી બન્યો. એટલે ખ્રિસ્તી મંડળીને શાંતિ થઈ. પણ ઘણાંબધાં મોટા સમૂહમાં 'નામધારી' ખ્રિસ્તી બન્યાં. પાછળથી ઇ.સ. ૩૬૪માં રોમન રાજ્યના બે ભાગલા પડી ગયા. પૂર્વ તરફના ભાગનું પાટનગર કોન્સ્ટાન્ટિનોપલ હતું, અને પશ્ચિમ તરફના ભાગનું પાટનગર રોમ હતું. નબુખાદનેસ્સારની મૂર્તિના બે પગ આ ભાગલા સૂચવે છે.

□

# ૨૪ શામશૂનનું પરાક્રમ

◆ **પ્રશ્ન :**

*દરરોજના બાઈબલ-વાચન પ્રમાણે ન્યાયાધીશોનું પુસ્તક વાંચતાં એના ૧૬મા અધ્યાયની શરૂઆતની કલમો જોતાં એમાં દર્શાવેલા શામશૂનના પરાક્રમથી હું નવાઈ પામ્યો, એનું માપ જાણવા આ પ્રશ્ન પૂછયો છે. તો જણાવશો ?*

◆ **જવાબ :**

ન્યાયાધીશો ૧૬:૧-૩માં આ પ્રમાણે વચન છે : "શામશૂન ગાઝાહમાં ગયો, ને ત્યાં એક વેશ્યાને જોઈને તેની પાસે ગયો. ગાઝીઓને ખબર મળી કે, શામશૂન અહીં આવ્યો છે. તેઓએ તેને ઘેરી લીધો, ને સવારે દિવસ ઊગતાં આપણે તેને મારી નાખીશું એમ વિચાર કરીને તેઓ આખી રાત નગરના દરવાજામાં સંતાઈ રહીને આખી રાત ગૂપચૂપ બેસી રહ્યા. મધરાત લગી શામશૂન સૂઈ રહ્યો, મધરાતે ઊઠીને તેણે નગરના દરવાજાનાં કમાડ તથા બંને બારસાખો પકડીને ભૂંગળ સહિત ખેંચી કાઢયાં, ને તેમને ખાંધ પર મૂકીને હેબ્રોનની સામેના એક પર્વતના શિખર પર લઈ ગયો."

પલિસ્તીઓનું ગાઝાહ શહેર મડીટરેનિયન (ભૂમધ્ય) સમુદ્રના કંઠારપ્રદેશમાં છેક નીચે દક્ષિણમાં આવેલું હતું. જ્યારે હેબ્રોન શહેર યહૂદિયા પ્રાંતના મૃતસરોવરથી પશ્ચિમ તરફ લગભગ ૨૨ કિલોમીટર જેટલું આ તરફ આવેલું હતું.

નગરના બંધ દરવાજાનાં બંને કમાડ અને એમની આસપાસનું લાકડાનું તોતિંગ ચોકઠું, અને લોખંડની (કે લાકડાની) ભૂંગળો ખેંચી

કાઢીને ખાંધ પર મૂક્યાં. આ બધાનું આશરે વજન કદાચ ૧૬ મણ (૩૨૦ કિલોગ્રામ) જેટલું થવા જાય. તે તોતિંગ દીવાલોમાંથી ખેંચી કાઢવું તે જ મહાપરાક્રમભર્યું કહેવાય.

ગાઝાહ નગરથી હેબ્રોન ૩૬ માઈલ (૫૮ કિલોમીટર) જેટલું અંતર, અને તેય પાછું પર્વતીય ચઢાણ ચઢતાં ચઢતાં હેબ્રોનની સામે આવેલા એક પર્વતના શિખર પર લઈ ગયો ! ગજબનું બળ.!

□

# ૨૫ નકલંક અવતાર

◆ **પ્રશ્ન :**

*"ગુજરાત સમાચાર"ના "કંઈક નવું" એ શિર્ષક હેઠળની કેટલીક બાબતો વિષે : જેમ કે "અંતિમ યુદ્ધ, કાળિંગો, કલ્કિ અથવા નકલંક અવતાર." વિશે સમજાવશો.*

◆ **જવાબ :**

અગાઉ આપણે કલ્કિ અથવા નકલંક અવતાર વિષે જોયું. આ અંકમાં આપણે "અંતિમ યુદ્ધ" વિષે જોઈશું.

"કંઈક નવું"ના લેખકે ચારસો વર્ષ પર ફ્રાન્સમાં થઈ ગયેલા નોસ્ટ્રદામસ નામના કહેવાતા 'દ્દષ્ટા'નાં ભવિષ્યકથનો ટાંક્યાં છે. અશુદ્ધ આત્માઓના સંપર્ક દ્વારા એણે કેટલીક અગમવાણી 'સેન્ચ્યુરીઝ' નામના તેના પુસ્તકમાં લખી છે.

લેખકે લખ્યું છે કે "કોયડારૂપે તેની (નોસ્ટ્રદામસની) ભવિષ્યવાણીઓનું અર્થઘટન કરનારા બે બાબતમાં એકમત છે કે **મહાયુદ્ધ ઈ.સ. ૧૯૯૯ની આસપાસ થવાનું છે.**" એ વિશે વધુ માહિતી લેખકે આ પ્રમાણે આપી છે. અંતિમ યુદ્ધ 'એન્ટી ક્રાઈસ્ટ'નું યુદ્ધ થશે. એ ત્રણ દેશોનો સમૂળો નાશ કરશે. એ યુદ્ધ પશ્ચિમ અમેરિકા અને પૂર્વ એશિયા વચ્ચે થશે. જ્યારે ભારતના 'દ્દષ્ટાઓ' કહે છે કે એ યુદ્ધ ભારતમાં લડાશે, ગુજરાત સુધી લંબાશે, કાંકરિયા તળાવ પાસે તંબુ બંધાશે. અને સૌ ગામ સુધી છાવણી મંડાશે, સાબરમતિ નદી પાસે મહાસંગ્રામ થશે. ત્યારે કલિનું કાલિંગાનું શિર કલ્કિ (નકલંક) કાપશે, ઈત્યાદિ.

પણ આગળ આપણે જોઈ ગયાં કે નોસ્ટ્રદામસની અગમવાણીઓ આઠ ભાષાના મિશ્રણની બનેલી, અસ્પષ્ટ, અર્થવગરની જોઈ જ્યારે જે અર્થ કાઢવો હોય તે નીકળે. એનાં મોટા ભાગનાં આગમો નકામાં બન્યાં છે. વળી ગુજરાત, સાબરમતિ, કાંકરિયા એવાં વિષેનાં આગમો સાવ બનાવટી છે.

ઈશ્વરે પોતાના પયગંબરો દ્વારા બાઈબલમાં જે ભવિષ્યવાણીઓ લખાવી તેમાંની એકેએક વાણી અક્ષરશઃ સાચી પડી છે. અને હવે પછી થનાર બનનારા પ્રસંગો વિશેની ભવિષ્યવાણીઓ પણ એ જ રીતે અક્ષરશઃ સાચી જ પડશે. એમાંની અંતિમ યુદ્ધની આગાહીઓ આપણે જોઈ લઈએ.

દુનિયામાં અત્યારે જુદા જુદા લગભગ ૩૬ દેશો વચ્ચે નાનાં નાનાં યુદ્ધો ચાલી રહ્યાં છે. પણ જેમાં દુનિયાના મોટા ભાગના દેશો સંડોવાયેલા હોય એવાં ભાવિમાં થનાર ત્રણ વિશ્વયુદ્ધો વિષે બાઈબલમાં સચોટ ભવિષ્યકથનો આપવામાં આવ્યાં છે. આપણે એ વિષે જોઈએ.

**૧. રશિયાનું ઈઝરાયલ પર આક્રમણ :**

બાઈબલમાં 'હઝકિયલ' પુસ્તકના ૩૮મા અને ૩૯મા અધ્યાયમાં એ વિષે ઝીણવટભરી વિગતો સહિત આ વિશ્વયુદ્ધ વિષે આપવામાં આવ્યું છે. બાઈબલમાંથી એ વાંચી શકો, અથવા મારું લખેલું પુસ્તક, "રશિયા, ઈઝરાયલ અને બાઈબલ" વાંચી શકો. (ગુજ. ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી, સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. કિ. રૂ. ૧૦ પૃ. ૧૩૫).

આશરે આજથી ૨૫૦૦ વર્ષ અગાઉ એ ભવિષ્યવાણી લખવામાં આવી. બાઈબલમાં બીજી ઘણી જગાએ આ યુદ્ધ વિષે લખવામાં આવ્યું છે. એ વિષે વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર પ્રજાઓનાં

નામ પણ બાઈબલમાં આપવામાં આવ્યાં છે. રોશ (રશિયાનું હિબ્રૂ રૂપ, જેમ ગુજરાતીમાં રૂશ છે.), મેશેખ, (મોસ્કવી નદી પર આવેલું મોસ્કો, તોબાલસ્ક પ્રાંત, ઈરાન, કૂશ (ઈથોપિયા અથવા એબીસિનિયા; કૂહ (લિબિયા); ગોમેર (જર્મની); તોગાર્મહ (તૂર્કિસ્તાન); બધા સામ્યવાદી દેશો (પોલાન્ડ, ઝેકોસ્લોવેકિયા, પ્રુસિયા; રોમાનિયા; યુક્રેન વગેરે); બીજે પક્ષે ઈઝરાયલ, યુરોપીય, ઈકોનોમિક કોમ્યુનિટીના દેશો (રોમની સંધિમાં જોડાયેલા દેશો - ફ્રાન્સ, ઈટાલી, નેધરલેન્ડ, લક્ષ્મબર્ગ, બેલ્જીઅમ, ઈંગ્લાંડ, આર્યલેન્ડ, ડેન્માર્ક, ગ્રીસ. ઈ.).

**આ યુદ્ધનો સમય :**

હવે નજદિક આવી રહ્યો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત (નકલંક રાજા) પોતાના લોકોને લેવા ગગનમાં આવે, અને પ્રભુના લોકો જીવતા તથા મૂએલા (સજીવન થઈને) મહિમાવંતાં (અજર-અમર) શરીરો પામીને ગગનમાં ઊંચકાઈ જશે - એ બનાવ બન્યા પછી એક વર્ષના ગાળામાં રશિયા ઈઝરાયલ પર ચઢી આવશે. પણ રશિયા અને તેનાં મિત્ર રાજ્યોનાં લશ્કરો ભયંકર રીતે માર્યાં જશે.

આ સમય ગણતરીમાં એક જ અકળ મુદ્દો છે કે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું ગગનમાં ઊતરવું ક્યારે થશે તે કોઈ જાણતું નથી. બાઈબલમાં 'પણ એ સમય જણાવ્યો નથી. એટલે રશિયાના આક્રમણનો ચોક્કસ સમય નક્કી કરી ન શકાય. જો પ્રભુ ઈસુ ખ્રિસ્ત આ ૧૯૯૬માં આવે તો ૧૯૯૬-૯૭માં રશિયા ચઢાઈ કરે. અથવા જો પ્રભુ ઈસુ ૧૯૯૭માં આવે તો આ યુદ્ધ ૧૯૯૭-૯૮માં થાય. પણ એ 'અંતિમ યુદ્ધ' નહિ હોય. એ પછી તો બીજાં બે વિશ્વયુદ્ધ આવનાર છે.

બીજી એક વાત સ્પષ્ટ કરું. જો કે આ ભવિષ્યવાણી આજથી ૨૫૦૦ પૂર્વે લખાઈ હતી. પણ એનો સમય આજ સુધી પાક્યો

નહોતો. તે સમયે રશિયા એવો વિસાતનો દેશ નહોતો. વળી યહૂદી (ઇઝરાયલ) પ્રજા છેલ્લાં બે હજાર વર્ષથી દેશ વગરની દુનિયાના ૧૦૪ દેશોમાં ભટકતી રહી. ઇ.સ. ૭૦માં રોમન સેનાપતિ તિતસે યરુશાલેમ જીતી લીધું, એ પછી યહૂદીઓ વિખેરાઈ ગયા. છેક ઈ.સ. ૧૯૪૮ની મે ૨૪મીએ એમનું રાજ્ય સ્થપાયું, અને પૃથ્વીની પીઠ ઉપરથી જુદા જુદા દેશોમાંથી યહૂદીઓ ઇઝરાયલમાં પાછા આવ્યા.

બીજી બીજુ ૧૯૧૭ સુધી રશિયા મામૂલી રાજ્ય હતું. ઝાર અને ઝરીના ત્યાં રાજ કરતાં હતાં. આ ૧૯૧૭માં રશિયામાં સામ્યવાદી ક્રાંતિ આવી. તોપણ રશિયા બળવાન નહોતું. બીજા વિશ્વયુદ્ધ સમયે ૧૯૪૮માં રશિયા એક મહાસત્તા બની, અને એ જ વર્ષે ઇઝરાયલના રાજ્યની સ્થાપના થઈ. આમ ૨૫૦૦ વર્ષના ભવિષ્યકથનની પહેલવહેલી શક્યતા ઊભી થઈ.

પણ હજી આ યુદ્ધને માટે સમય પાક્યો નથી. જુઓ ‘હઝકીએલ ૩૮:૧૧ “તું (રશિયા) દુષ્ટ યોજના યોજીને કહેશે કે, હું કોટ વગરના ગામડાંવાળા દેશ પર ચઢાઈ કરીશ; જે કોટ વગરના રહે છે.. બધા નિરાંતે ને નિર્ભયપણે રહે છે તેમના પર હું ચઢાઈ કરીશ..” (વળી જુઓ ૩૮:૮,૯). ઇઝરાયલી લોકો હજી નિર્ભયપણે રહેતા નથી. આરબ રાજ્યો, પી.એલ.ઓ, અને રશિયા તેમના દુશ્મનો હોઈને તેઓ સતત દહેશતમાં રહે છે, અને નિર્ભયપણે રહેતા નથી.

પણ આખી દુનિયામાં એક જ મહા-હકૂમત ‘ખ્રિસ્તવિરોધીની (એન્ટી ક્રાઈસ્ટની) હશે. ત્યારે સાત વર્ષ સુધી તેની અને ઇઝરાયલની વચ્ચે સંધિ થશે. (બાઇબલ : દાનિયેલ ૯:૨૭, સાત વર્ષનું અઠવાડિયું. આવા સહારામાં ઇઝરાયલીઓ “નિર્ભયપણે” રહેતા હશે, ત્યારે રશિયા ચઢાઈ કરશે.

અને આ 'ખ્રિસ્તવિરોધી' (એન્ટી-ક્રાઈસ્ટ) પ્રભુ ઈસુના ગગનમાં ઊતર્યા પછી, અને પ્રભુના લોકો ગગનમાં ઊંચકાઈ ગયા પછી જ જાહેરમાં આવશે, અને સર્વસત્તાધારી બનશે. ત્યાં સુધી રશિયા ઇઝરાયલ પર આક્રમણ નહિ કરે.

## ૨. ખ્રિસ્તવિરોધીનું હાર-મગેદ્દોનનું યુદ્ધ :

ખ્રિસ્તવિરોધી શેતાનના બળ દ્વારા ઇઝરાયલની સામે - અને ખાસ કરીને યરુશાલેમ શહેર સામે ચઢી આવશે. એ વિસ્તારમાં આવેલા મગીદોના વિશાળ મેદાનમાં આ સૈન્યો ખડકાશે. બાઈબલની રેફરન્સ આ પ્રમાણે પ્રકટી. ૧૬:૧૨-૧૬, યોએલ ૩:૨. ઝખાર્યા ૧૨:૧-૪, ૧૪:૨, ૩, પ્રકટી. ૧૯:૧૫, ૨૧.

ખ્રિસ્તવિરોધી આખી પૃથ્વીનાં લશ્કરો એકઠાં કરીને ચઢી આવશે. યહૂદીઓનો નાશ કરવાના ઈરાદાથી યુરોપનાં લશ્કરો, પૂર્વના રાજાઓ, ચીન, જાપાન, ભારત, ઈન્ડોનેશિયા, ઈત્યાદી (પ્રકટી. ૧૬:૧૨-૧૫).

**સમય :**

પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગગનમાં ઊતરે, અને તેમના લોકો ગગનમાં ઊંચકાઈ જાય, એ પછી સાત વર્ષ વિત્યા બાદ પ્રભુ ઈસુ પોતાના લોકોની સાથે યરુશાલેમમાં પૂર્વ દિશાએ આવેલા જૈતૂન પર્વત પર ઊતરશે, તે વખતે બધી પ્રજાઓનાં લશ્કરો યરુશાલેમ આગળ એકઠાં થયાં હશે. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્તવિરોધીઓનો અને એણે એકત્ર કરેલાં લશ્કરોનો નાશ કરશે. ઝખાર્યા ૧૪:૪ - "તે દિવસે તેના (પ્રભુ ઈસુના) પગ યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતૂન પર્વત પર ઊભા રહેશે." ઝખાર્યા ૧૪:૧૨. જે સર્વ પ્રજાઓએ યરુશાલેમની વિરુદ્ધ યુદ્ધ કર્યું હશે તેમના ઉપર યહોવા

(ઈશ્વર) મરકીનો માર લાવશે. ને માર એવો આવશે કે તેઓ પોતાના પગે ઊભા હશે એટલામાં તેમનું માંસ ક્ષીણ થઈ જશે..."

વળી ૨ થેસ્સાલોનિકા ૨:૮ - "ત્યારપછી તે અધર્મી (ખ્રિસ્તવિરોધી) પ્રગટ થશે. પ્રભુ ઈસુ માત્ર ફૂંકથી તેનો સંહાર કરશે, તથા પોતાના આગમનના પ્રભાવથી તેનો નાશ કરશે."

પ્રભુ ઈસુના ગગન-આગમન ઉપર આ વિશ્વયુદ્ધનો પણ આધાર છે. ગગનમાં પ્રભુ ઈસુ આવે એ પછી સાત વર્ષે આ હાર-માગેદ્દોનનું યુદ્ધ થશે. એટલે **ધારી લો કે** પ્રભુ ઈસુ ૧૯૯૬માં ગગનમાં આવે, એ પછી સાત વર્ષે એટલે ૨૦૦૩માં આ યુદ્ધ થાય. એમ ચોક્કસપણે આપણે કહી શકીએ કે નોસ્ટ્રદામસે અંતિમ યુદ્ધ ૧૯૯૯માં થશે એમ કહેલી વાત ખોટી ઠરે છે. બીજું કે આ હાર-મગીદ્દેનું યુદ્ધ તે અંતિમ યુદ્ધ નથી.

### ૩. પ્રભુ ઈસુના રાજ્ય સામે શેતાનનો બળવો :

એની બાઈબલ રેફરન્સ છે. પ્રકટી. ૨૦:૭-૧૦. "જ્યારે તે હજાર વર્ષ પૂરાં થશે ત્યારે શેતાનને તેના બંદીખાનામાંથી છોડવામાં આવશે. એટલે તે પૃથ્વીના ચારે ખૂણે રહેતી પ્રજાઓને, ગોગ તથા માગોગને, ભમાવીને લડાઈને સારુ તેઓને એકઠાં કરવાને બહાર આવશે તેઓની સંખ્યા સમુદ્રની રેતી જેટલી છે. તેઓ પૃથ્વીની આખી સપાટી પર ચાલતા ગયા. અને તેઓએ સંતોની છાવણીને તથા વહાલા શહેરને (યરુશાલેમને) ઘેરો ઘાલ્યો, પણ આકાશમાંથી અગ્નિ ઊતર્યો, અને તેઓનો સંહાર કર્યો. અને તેઓને ભમાવનાર શેતાનને તે અગ્નિ તથા ગંધકની ખાઈમાં, જ્યાં શ્વાપદ તથા જૂઠો પ્રબોધક છે ત્યાં નાખી દેવામાં આવ્યો. ત્યાં તેઓ રાતદિન સદાસર્વકાળ વેદના ભોગવશે."

**પૃથ્વી ઉપર પ્રભુ ઈસુનું ૧૦૦૦ વર્ષનું રાજ્ય :**

નં. ૨ના યુદ્ધમાં આપણે જોયું કે પ્રભુ ઈસુ યરુશાલેમની સામેના જૈતૂન પર્વત પર, પોતાના લોકોની સાથે ઊતરશે, અને ખ્રિસ્તવિરોધીએ એકત્ર કરેલાં લશ્કરોનો અને ખ્રિસ્ત વિરોધીનો પણ નાશ કરશે.

એ પછી તે જીવંત પ્રજાઓનો ન્યાય કરશે; બકરાંરૂપ પ્રજાઓનો નાશ કરશે, અને ઘેટાંરૂપ પ્રજાઓને પોતાના ૧૦૦૦ વર્ષના રાજ્યમાં લેશે. એ સહસ્રાબ્દી રાજ્યમાં યરુશાલેમને પ્રભુ ઈસુ પોતાનું પાટનગર બનાવશે. અને ત્યાંથી આખી પૃથ્વી પર રાજ્ય કરશે. (માથ્થી ૨૫:૩૧-૪૫).

આ ૧૦૦૦ વર્ષના રાજ્યને "આકાશનું રાજ્ય" કહેવામાં આવે છે, કેમ કે યુદ્ધ કરીને લીધેલું રાજ્ય નથી કે, વારસામાં ઊતરેલું રાજ્ય નથી; પણ ઈશ્વરે (પ્રભુ ઈસુએ) માનવતંત્રમાં દરમિયાન ગીરી કરીને આ રાજ્ય સ્થાપ્યું છે. દાનિયેલ ૨:૩૪-૩૫. ૪૫ "વગર હાથોએ કાપી કાઢેલી શીલા આખી પૃથ્વીમાં ફેલાઈ ગઈ." એ જ આ 'આકાશનું' કે ૧૦૦૦ વર્ષનું રાજ્ય. આ સહસ્રાબ્દી રાજ્યમાં કોઈ યુદ્ધ નહિ થાય, જમીન પોતાની પૂર્ણ ઉપજ આપશે. પ્રાણીઓના હિંસક સ્વભાવ દૂર થશે. (યશાયા. ૧૧:૬-૯), આયુદોરી લાંબી થશે (યશાયા. ૬૫:૨૦-૨૨, ઝખાર્યા ૮:૪).

આ ૧૦૦૦ વર્ષ દરમિયાન શેતાનને સાંકળે બાંધીને ઊંડાણમાં પૂરી દેવામાં આવ્યો, જેથી તે લોકોને ભમાવે નહિ (પ્રકટી. ૨૦:૧૩). પણ એક હજાર વર્ષનું રાજ્ય પૂરું થયા પછી તેને બંધનમુક્ત કરવામાં આવ્યો.

બંધનુમક્ત બનેલો શેતાન પૃથ્વી પર બધે જઈને દુનિયાનાં

લશ્કરોને એકત્ર કરશે, અને યરુશાલેમની સામે ઘેરો ઘાલશે, અને ખૂદ પ્રભુ ઈસુની સામે લડવા જશે. (જુઓ, આ ત્રીજા અને અંતિમ યુદ્ધની શરૂઆતે અહીં પ્રક્ટી. ૨૦:૩-૧૦ની રેફરન્સ આપી છે તે વાંચી જાઓ. પ્રભુ ઈસુ આ શેતાનને અગ્નિ તથા ગંધકની ખાઈમાં સદાસર્વકાળ માટે નાખી દેશે.

આમ, શેતાન, ખ્રિસ્તવિરોધી અને જૂઠા પ્રબોધકોનો નાશ થશે, એ પછી પાપીજનોનો ન્યાયકાળ અને શિક્ષા. એ પછી પ્રભુ નવી પૃથ્વી અને નવું આકાશ બનાવશે. આ પછી પાપની ગંધ સરખીએ કયાંયે નહિ રહે.

આમ, આ અંતિમયુદ્ધ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પૃથ્વી પરના પુનરાગમન પછી હજાર વર્ષ બાદ લડાશે, અને પૂરું થશે.

નોસ્ટ્રદામસ ૧૯૯૯ની વાત કરે છે એ કાં તો કપોળકલ્પિત વાત છે, અથવા શેતાનના આત્માની ભમાવટ છે.

□

## ૨૬ બાઈબલ આખું ચમત્કારોથી ભરેલું છે

◆ **પ્રશ્ન :**

*"બાઈબલ આખું ચમત્કારોથી ભરેલું છે." એક ઉપદેશકનું આવું કહેવું હતું, તો તે સાચું છે ?*

◆ **જવાબ :**

ના, બાઈબલ આખું ચમત્કારોથી ભરેલું નથી. એમાં તો જગતની ઉત્પત્તિ, પાપની શરૂઆત, માનવનો પાપમય ઈતિહાસ અને ઈશ્વરનું ઉદ્ધારક કાર્ય એ બધાંથી ભરેલું છે. બાઈબલમાં ચમત્કાર તો ત્રણ ચાર જૂથમાં જોવા મળે છે.

૧. ઈઝરાયલ પ્રજાની સ્થાપના, નિયમગણ અપાંયો. આ સમયમાં આદમ વગેરેના સમયના ચમત્કાર.

૨. પ્રબોધકોનાં ભવિષ્યવચનોની પુષ્ટિ માટેના ચમત્કાર.

૩. એલિયા, એલિશાના સમયના.

૪. ઈસુ ખ્રિસ્તના ઉદ્ધારકકાર્યની પુષ્ટિ માટે.

૫. પ્રબોધકો, મંડળીઓની અને ઈશ્વરનાં વચનો લખાયાં તેની પુષ્ટિ માટે.

☐

## ૨૭ ચમત્કારો ઈશ્વર કરે છે કે શેતાન ?

ફારૂનની હજૂરમાં મોશે અને હારૂને કરેલા ચમત્કાર ઈશ્વરે કર્યા હતા. ત્યારે ફારૂનના જાદુગરોએ કરેલા ચમત્કાર તે ઈશ્વર તરફથી નહિ, પણ શેતાન તરફથી હતા. શેતાન પણ ઘણી વખત ચમત્કાર કરી શકે છે.

નીકી ક્રૂઝ પોતાની મા વિષે પોતાના Run Baby Run પુસ્તકમાં લખે છે કે, મારી મેક્સિન મા અણપઢ અને મૂર્તિપૂજક હતી. ટાઈફોઈડ ગ્રસ્ત કે અન્ય દર્દી આવે તો નીકી ક્રૂઝની મા મંત્રતંત્ર ભણે, અને દરદીનો તાવ જતો રહે, અને નીકી ક્રૂઝની મા પર આવે. તેનો બાપ મંત્રતંત્ર ભણે એટલે નીકીની મા સાજી થઈ જાય.

નીકી ક્રૂઝ લખે છે કે, તેની અણપઢ મા અંગ્રેજીનો કક્કોય જાણતી ન હતી. પણ શુદ્ધ આત્મા આવે ત્યારે, તે જાણે કે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણી હોય એવું ફાંકડું અંગ્રેજી બોલતી. અને અશુદ્ધ આત્મા જતો રહે, પછી અંગ્રેજીનો કક્કોય આવડે નહિ.

દક્ષિણ ભારતમાં કોઈ તામિલબાઈ ખ્રિસ્તી સેવકોની રસોઈ બનાવે છે. તે તામિલબાઈ બિનખ્રિસ્તી અને અણપઢ હતી. પણ તેનામાં જ્યારે અશુદ્ધ આત્મા આવે ત્યારે ફર્સ્ટ ક્લાસ અંગ્રેજી બોલતી. પણ અશુદ્ધ આત્મા જતો રહે, ત્યારે અંગ્રેજીનો કક્કોય ના બોલે. આમ, શેતાન પણ પોતાના અશુદ્ધ આત્માઓ દ્વારા ચમત્કારો કરે છે.

□

# ૨૮ ૧,૪૪,૦૦૦ મુદ્રિત

♦ **પ્રશ્ન :**

*દરેક કુળમાંથી બધા મળીને ૧,૪૪,૦૦૦ મુદ્રિત કરવામાં આવ્યા. પ્રકટીકરણ ૭:૪-૮ ફક્ત દાનના કુળમાંથી કેમ મુદ્રિત કરવામાં આવ્યા નથી ?*

♦ **જવાબ :**

કારણ કે ઉત્પત્તિ ૪૯:૧૭ યાકોબે દાનના કુળને આપેલા શાપના કારણે આમ બન્યું. કારણ કે ઈસુને પરસ્વાધીન કરનાર એરુ જેવો યહુદા પાપનો માણસ આ કુળમાંથી આવેલો હતો. એટલું જ નહિ, પણ યહુદા આવનાર ખ્રિસ્ત વિરોધીનો પુરોગામી હતો.

પ્રકટીકરણ ૧૪:૩માં ૧,૪૪,૦૦૦ વિષે પણ આપવામાં આવ્યું છે. છેલ્લા સમયમાં રાજ્યની સુવાર્તા ફેલાવવા માટે મુદ્રિત કરવામાં આવેલામાં દાનના કુળને બાકાત રાખવામાં આવ્યું છે.

□

# ૨૯ સુવર્ણ દરવાજો

◆ **પ્રશ્ન :**

*યરુશાલેમના કોટના દરવાજામાંથી જે સુવર્ણ દરવાજા તરીકે ઓળખાતો હતો અને તેનું મુખ પૂર્વ તરફ હતું, એ દરવાજો ઘણાં વર્ષોથી બંધ જ છે, એનું કારણ શું તે જણાવશો ? તેના વિષે કોઈ ભવિષ્યવચન કે મનાઈ હુકમ છે ?*

◆ **જવાબ :**

એ દરવાજો સુવર્ણ દરવાજો તરીકે ઓળખાય છે, અને ઘણાં વર્ષોથી બંધ છે. હું ૧૯૫૪માં ત્યાં ગયો ત્યારે બંધ હતો. ફરી ૧૯૮૬માં ૫૦ની ટૂર લઈને ગયો ત્યારે પણ તે બંધ હતો. થોડા માસ પર એ દરવાજાનો ફોટો મળ્યો હતો તેમાં પણ તે બંધ હતો.

હું જ્યારે યરુશાલેમમાં હતો, ત્યારે આરબો એમ કહેતા હતા કે, ઈસા આલેસલામ જ્યારે આવશે, ત્યારે સોનાની કુહાડીએ આ દરવાજો ખોલશે.

આ વિષે હું બાઈબલમાંથી ઉતારો આપું છું.

હઝકીએલ ૪૩:૧, ૪૪:૨.

પછી જે દરવાજાનું મોં પૂર્વ તરફ છે તે દરવાજે તે મને લાવ્યો. અને જુઓ, ઈસ્રાએલના દેવનું ગૌરવ પૂર્વને માર્ગેથી આવ્યું. તેની વાણી ઘણા મોજાંઓની ગર્જના જેવી હતી. અને પૃથ્વી તેના ગૌરવથી પ્રકાશિત થઈ રહી. હઝકીએલ ૪૩:૧-૨.

ત્યાર પછી પવિત્રસ્થાનનો બહારનો દરવાજો જેનું મોં પૂર્વ

તરફ છે, તેને માર્ગે તે મને પાછો લાવ્યો. અને તે બંધ હતો. યહોવાએ મને કહ્યું આ દરવાજો બંધ રહે, તે ઉઘાડવામાં ન આવે ને કોઈ માણસ તેમાં થઈને અંદર ન આવે. કેમ કે ઇસ્રાએલના દેવ યહોવાએ તેમાં થઈને પ્રવેશ કર્યો છે; એ માટે એ બંધ રાખવામાં આવે. હઝકીએલ ૪૪:૧, ૨.

આમાં જોવા મળે છે કે, યહોવાનું ગૌરવ આ દરવાજેથી પેઠું હતું, તેથી કોઈ માણસ તે દરવાજેથી પ્રવેશ ન કરે.

પાછળથી યરુશાલેમમાં તપાસ કરતાં મને નીચેની માહિતી જાણવા મળી.

સુલતાન સુલેમાને આ તરફનો કોટ તોડી પાડયો અને ફરી બાંધ્યો. ત્યારે આ દરવાજાને તેણે પથ્થરથી બંધ કર્યો અને સીલ મારી દીધી કે કોઈ ઉઘાડી શકે નહિ.

□

## ૩૦ પ્રભુ ઈસુની માથ્થી ૨૪:૨માં લખેલી ભવિષ્યવાણી કેવી રીતે પૂરી થઈ ?

◆ **પ્રશ્ન :**

*પ્રભુ ઈસુની માથ્થી ૨૪:૨માં લખેલી ભવિષ્યવાણી કેવી રીતે પૂરી થઈ, તે જણાવશોજી.*

◆ **જવાબ :**

ઉપરોક્ત કલમમાં પ્રભુ ઈસુની ભવિષ્યવાણી આ પ્રમાણે છે. ત્યારે ઈસુએ તેઓને ઉત્તર દીધો કે, "શું તમે એ બધાં નથી દેખતા? હું તમને ખચીત કહું છું કે, પાડી નાહિ નંખાય, એવો એક પણ પથ્થર બીજા ઉપર અહીં રહેવા દેવાશે નાહિ." માથ્થી ૨૪:૨.

પ્રભુ ઈસુએ યરુશાલેમના મંદિરના પથ્થરો વિષે આ આગાહી કરી હતી.

ઈ.સ. ૭૦માં તીતસ બાદશાહ યરુશાલેમની સામે મોટું લશ્કર લઈને ચઢી આવ્યો હતો. તેની મના છતાં પણ સૈનિકોએ મંદિરને તોડયું અને તેણે ઘણું ના કહ્યા છતાં સૈનિકોએ મંદિરને બાળવા માંડયું. મંદિર બળતું હતું ત્યારે પાટિયાં અને પથ્થરોમાં જડેલું સોનું પીગળીને પથ્થરોની ફાટોમાં પેઠું. સૈનિકોએ એ સોનું લૂંટવાને માટે બળ કરી કરીને પથ્થરોની તોડફોડ કરી, પથ્થરો ભાંગ્યા અને એક પથ્થર પર બીજો પથ્થર રહ્યો નાહિ. અને સૈનિકોએ સોનું લૂંટી લીધું. આવી અજાયબ રીતે પથ્થરો સંબંધીનું પ્રભુ ઈસુનું ભવિષ્યકથન પૂરું થયું.

□

## ૩૧ શિષ્યોને પવિત્ર આત્મા ક્યારે મળ્યો ?

◆ **પ્રશ્ન :**

*શિષ્યોને પવિત્ર આત્મા ક્યારે મળ્યો ? પ્રેરિતોનાં કૃત્યના બીજા અધ્યાય પ્રમાણે પચાસમાના દિવસે મળ્યો ? યોહાન ૨૦:૨૨, ૨૩ પ્રમાણે જ્યારે ઈસુએ તેઓ પર શ્વાસ નાખ્યો ત્યારે પામ્યા ? ત્યાં આ પ્રમાણે લખ્યું છે : "એમ કહીને તેણે તેઓ પર શ્વાસ નાખ્યો, અને તે તેઓને કહે છે કે તમે પવિત્ર આત્મા પામો."*

◆ **જવાબ :**

પવિત્ર આત્મા પચાસમાના દિવસે શિષ્યો પર ઊતર્યો. પ્રે.કૃ.૧:૮ માં પ્રભુ ઈસુએ શિષ્યોને યરુશાલેમમાં રહેવા કહ્યું હતું, અને ત્યાં તેઓ પવિત્ર આત્મા પામશે. "પણ પવિત્ર આત્મા તમારા પર આવશે, ત્યારે તમે સામર્થ્ય પામશો. પ્રે.કૃ. ૧:૫માં ઈસુએ કહ્યું કે, "યોહાને પાણીથી બાપ્તિસ્મા કર્યું ખરું, પણ થોડા દિવસ પછી તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો." એટલે પચાસમાના દિવસે પવિત્ર આત્મા શિષ્યો પર ઊતર્યો અને એ પ્રસંગ ઈસુના સ્વર્ગારોહણ પછી ૪૦ દિવસે બન્યો. એટલે યોહાન ૨૦:૨૨માં પ્રભુ ઈસુ શિષ્યોને પવિત્ર આત્મા આપતા નથી, માત્ર પવિત્ર આત્મા માટેનું વચન આપે છે.

□

## ૩૨ શું પુત્રપ્રસવ દ્વારા સ્ત્રી તારણ પામી શકે ?

♦ **પ્રશ્ન :**

*તિમોથીના પહેલા પત્રમાં ૨:૧૫માં આમ આપ્યું છે : "તોપણ સ્ત્રી મર્યાદા સહિત વિશ્વાસ, પ્રેમ તથા પવિત્રતામાં રહે તો તે પુત્રપ્રસવ દ્વારા તારણ પામશે." તો શું સ્ત્રીના તારણનું સાધન પુત્રપ્રસવ હોઈ શકે ?*

♦ **જવાબ :**

આ કલમનો સીધો ખુલાસો કરવો અઘરો છે. એના કેટલાક આવા અર્થ થાય છે :

૧. પ્રસૂતિ એ કપરો સમય છે. અને શાપની અસર નીચે ગરોદરપણાનું કષ્ટ ભારે છે. પણ પંદરમી કલમના સદ્‌ગુણો પ્રમાણે ચાલનાર સ્ત્રી એમાં સફળ પાર ઊતરશે.

૨. પ્રભુએ સ્ત્રીને જે ભાગ ભજવવાનો આપ્યો છે તેમાં વિશ્વાસુ રહેવાથી તે મહાકાર્ય સિદ્ધ કરે છે.

૩. કલમો ૧૩, ૧૪માં હવા વિષે વાત છે, એટલે કલમ ૧૫મી પણ હવાને લાગુ પડવી જોઈએ. એટલે હવા પુત્ર જન્મ દ્વારા તારણ પામશે. હવાના પુત્રપ્રસવ દ્વારા જ "સ્ત્રીનું સંતાન" પ્રભુ ઈસુખ્રિસ્ત આવશે, અને એ "સ્ત્રીનું સંતાન" પ્રભુ દુનિયાનું તારણ લાવશે. એમાં હવાનું કે કોઈ પણ સ્ત્રીનું તારણ સમાયેલું છે. એમ હવા પુત્રપ્રસવ દ્વારા તારણ પામી શકે છે.

બાકી વિધર્મી કે કુલટા સ્ત્રી પુત્રપ્રસવ દ્વારા તારણ પામી શકતી નથી.

# ૩૩ "જીવનનું પુસ્તક" શું છે ?

♦ **પ્રશ્ન :**

*"જીવનનું પુસ્તક" શું છે ? એમાં નામો લખાય છે કે લખેલાં નામો ભૂંસી નાખવામાં આવે છે ?*

♦ **જવાબ :**

"જીવનના પુસ્તક" વિષે તદ્દન અછડતા ઉલ્લેખો જ માત્ર બાઈબલમાં જોવા મળે છે. અભ્યાસીઓએ એ શબ્દો પરથી અનેક મતો બાંધ્યા છે. એક માન્યતા એવી છે કે પ્રત્યેક જણ જે ઈશ્વર પર કે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરે છે, તેનું નામ "જીવનના પુસ્તક"માં નોંધવામાં આવે છે. બીજો મત છે કે, પૃથ્વી પર જન્મ લેનાર એકેએકનું નામ "જીવનના પુસ્તક"માં નોંધેલું હોય છે. પણ એ ઈશ્વર પર કે ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાથી દૂર રહે છે, તો તેનું નામ આ પુસ્તકમાંથી ભૂંસી નાખવામાં આવે છે. બધાં જ બાળકો બાલ્યાવસ્થામાં સમજણ આવ્યા પૂર્વે મરી જાય તેઓ સીધાં સ્વર્ગે જાય છે, તેઓનાં નામ "જીવનના પુસ્તક"માં નોંધેલાં હોય છે. કેટલીક કલમો અહીં સમજણ માટે નોંધું છું. પ્રકટીકરણ ૧૩:૮ "જેઓનાં નામ સૃષ્ટિના મંડાણથી મારી નંખાયેલા હલવાનના જીવન પુસ્તકમાં લખેલાં નથી. પ્રકટીકરણ ૩:૫ "જે જીતે છે તેને એ જ પ્રમાણે ઊજળાં વસ્ત્ર પહેરાવવામાં આવશે; અને જીવનના પુસ્તકમાંથી તેનું નામ હું ભૂંસી નાખીશ નહિ." નિર્ગમન ૩૨:૩૩માં મૂસા પ્રભુને કહે છે : "તોપણ તું તેઓના પાપની ક્ષમા કરે તો સારું; નહિ તો તારા લખેલા પુસ્તકમાંથી મારું નામ તું ભૂંસી નાખ." બીજી કેટલીક કલમો આ પ્રમાણે છે :

પ્રકટી. ૧૩:૮, ૧૭:૮, ૨૦:૧૨, ૧૫; ગી.શા. ૬૯:૨૮, દાનિ. ૧૨:૧, અગાઉ અને હાલ પણ દરેક ગામ કે શહેરના લોકોના નામની નોંધણી રાખવામાં આવે છે. અને માણસ મરી જાય ત્યારે તેનું નામ કમી કરવામાં આવે છે, એમ જ બધાંનાં નામ "જીવનના પુસ્તક"માં નોંધેલાં હોય છે; પણ તેઓ પ્રભુ ઈસુનો સ્વીકાર ન કરે તો આત્મિક રીતે, મરેલા તરીકે તેમનાં નામ ભૂંસી નાખવામાં આવે છે.

આ પુસ્તક કઈ જાતનું હશે તે ખબર નહિ, પણ આપણા ચોપડા જેવું તો નહિ જ હોય. ઈશ્વરની નોંધણીની વ્યવસ્થા માણસની કલ્પનાની બહારની વાત છે.

□

## ૩૪ એક લાખ ચુંમાળીશ હજાર કુંવારા ?

◆ **પ્રશ્ન :**

*પ્રકટીકરણ ૭:૪, ૧૪:૩, એમ બે જગાએ આ વિગત આપવામાં આવી છે ત્યાં એક લાખ ચુંમાળીશ હજારને કુંવારા લખવામાં આવ્યા છે તે સમજાવશો.*

◆ **જવાબ :**

આ એક લાખ ચુંમાળીશ હજાર કુંવારા કહેવામાં આવ્યા છે. ગ્રીકમાં ત્યાં પાર્થેનોય શબ્દ વાપરવામાં આવ્યો છે. પાર્થેનોઈ એટલે કુંવારી, અને પાર્થેનોય એટલે કુંવારીઓ, બાઈબલમાં યહૂદી પ્રજાને બાઈબલના ઈશ્વરની પત્ની ગણવામાં આવી છે. જેમ મંડળીને પ્રભુ ઈસુ ખ્રિસ્તની કન્યા ગણવામાં આવી છે તેમ યહૂદીઓ જ્યારે જ્યારે બાઈબલના ઈશ્વરને છોડીને અન્ય દેવોની ઉપાસના કરે, ત્યારે તેઓ વ્યભિચાર કરે છે, એમ આપવામાં આવ્યું છે. અને અહીં કુંવારીઓ એટલે જેઓએ બાઈબલના ઈશ્વર સિવાય કોઈ અન્યની ઉપાસના કરી હોય કે તેની પાછળ ચાલ્યા હોય,ત્યારે તેણે વ્યભિચાર કર્યો ગણાય.

અહીં આ વાક્યમાં એક લાખ ચુંમાળીસ હજાર એવા યહૂદીઓ છે જેઓ ખ્રિસ્ત વિરોધી બાઈબલના ઈશ્વરને વફાદાર રહ્યા છે. એટલું જ નહિ પણ બાઈબલમાં આવનાર મસિહા વિષે લખેલું છે તેને તેઓ મસિહા અથવા ખ્રિસ્ત તરીકે માન્ય રાખે છે.

આ તો મહાવિપત્તિના સમયની વાત છે. મહાવિપત્તિ પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરાગમન પછી આવનાર છે. તે વખતે બધા જ

લોકો ખ્રિસ્ત વિરોધીની પૂજા કરતા હશે. પ્રકટી. ૧૩ તેમાં આ એક લાખ ચુંમાળીશ હજાર 'ખ્રિસ્ત વિરોધીની' પૂજા કરતા નહોતા.

વડોદરાના એક ભાઈએ કહ્યું કે, અમને બાઇબલ શીખવનાર એક ભાઈ આવ્યા હતા તેમણે એમ કહ્યું હતું કે, આ એક લાખ ચુંમાળીશ હજાર તો રોમન કેથોલિક પ્રિસ્ટો જેઓ કુંવારા છે, તેઓ છે. આ બાઈબલ શિક્ષણ સદંતર જૂઠું છે. આ બાબતને રોમન કેથોલિક પ્રિસ્ટો સાથે કોઈ સંબંધ નથી. આપણે જોઈ ગયા કે, ગ્રીકમાં તો પાર્થેનોય શબ્દ છે. એટલે કુંવારીઓ એટલે અન્ય દેવની ભક્તિ કરીને ભ્રષ્ટ થયેલા વ્યભિચારીઓ.

આ એક લાખ ચુંમાળીસ હજાર તે યહૂદીઓમાંથી જ થયેલા સાચા સુવાર્તિકો છે અને મહાવિપત્તિના સમયમાં તેઓ આખા જગતમાં ફરીને સુવાર્તા પ્રગટ કરશે અને ખ્રિસ્ત વિરોધીની ભક્તિમાંથી લોકોને પ્રભુ પાસે પાછા લાવશે.

તેમની આ સેવાઓનું ફળ પ્રકટીકરણ ૭માં આપેલું છે. આ બીના બન્યા પછી મેં જોયું, તો જુઓ, સર્વ દેશોમાંથી આવેલા સર્વ કુળના, લોકના તથા ભાષાના, કોઈથી ગણી શકાય નહિ, એટલા માણસોની એક મોટી સભા !

બચી ગયેલાની ઓળખ આ પ્રમાણે આપવામાં આવી છે. પ્રકટીકરણ ૭ અને ૧૪મી કલમમાં આપવામાં આવી છે. જેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા તેઓ એ છે. તેઓએ પોતાનાં વસ્ત્ર ધોયાં અને હલવાનના રક્તમાં ઊજળાં કર્યાં.

પ્રભુના પુનરાગમન પહેલાંનો આ બનાવ છે.

એમાંના એક ભાઈએ એવો પ્રશ્ન પૂછયો કે, પ્રભુના પુનરાગમન પછી અગાઉ જેઓએ પ્રભુનો સ્વીકાર કર્યો નથી, તેઓને પ્રભુનો સ્વીકાર કરવાનો ચાન્સ મળશે ખરો !

પ્રભુના પુનરાગમનના પહેલાં જેઓ હયાત હતા અને પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો નથી, તેઓને પુનરાગમન પછી સ્વીકાર કરવાનો કોઈ હક્ક મળશે નહિ. આ બધા તો વિપત્તિના સમયમાં ખ્રિસ્તનો સ્વીકાર કરનારા છે. તેઓમાં મોટે ભાગે યહૂદીઓ અને અન્ય વિધર્મી પ્રજા હશે તેઓ એક લાખ ચુંમાળીસ હજાર સેવાઓનું ફળ છે.

પ્રભુ ઈસુનું પુનરાગમન એટલે તે ચોરની પેઠે પોતાના લોકોને લેવાને ગગનમાં ઊતરશે તેને પુનરાગમન કહેવામાં આવે છે. પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત મંડળીને લઈને પૃથ્વી પર ન્યાય કરવા માટે અને એક હજાર વર્ષનું રાજ્ય સ્થાપવા માટે આવશે, તેને ઝખાર્યા ૪:૧૪માં આપ્યા પ્રમાણે પ્રભુનું પ્રાગટ્ય કહેવામાં આવે છે.

કેમ કે જેમ વીજળી પૂર્વથી નીકળીને પશ્ચિમ સુધી ચમકે છે, તેમ જ માણસના દીકરાનું આવવું થશે. જ્યાં મુડદું હોય, ત્યાં ગીધો એકઠાં થશે. માથ્થી ૨૪:૨૭, ૨૮.

તે દિવસે તેના પગ (પ્રભુ ઈસુના) યરુશાલેમની સામે પૂર્વ દિશાએ આવેલા જૈતુન પર્વત પર ઊભા રહેશે. ઝખાર્યા ૧૪:૪.

તેમણે એ પ્રશ્ન પણ પૂછ્યો હતો કે, જે અંત સુધી ટકશે તે તારણ પામશે – એટલે શું ?

એ કોઈ ખ્રિસ્તી વિશ્વાસુ માટે લખેલું નથી, પણ વિપત્તિકાળના યહૂદીઓ માટે લખાયેલું છે. કે મહાવિપત્તિકાળમાં ખ્રિસ્ત વિરોધીના દમનના વખતે તેની છાપ પોતા પર નહિ લે પણ બાઈબલના ઈશ્વરને વળગી રહેશે, તેઓ પ્રભુના પ્રાગટ્ય વખતે ઉદ્ધાર અથવા તારણ પામશે.

□

## ૩૫ "તે વિશ્રામવાર (સાબ્બાથ) મોટો હતો" યોહાન ૧૯:૩૧

◆ **પ્રશ્ન :**

*સંત યોહાને આ સાબ્બાથને મોટો કેમ કહ્યો ? શું એનો અર્થ એમ થાય કે અઠવાડિયામાં નિયમિત (લેવીય ૨૩:૩ પ્રમાણે) આવતા "રેગ્યુલર" સાબ્બાથે જ પાસ્ખા પર્વનો દિવસ આવતો હોવાથી એને મોટો સાબ્બાથ કહ્યો છે ? કે પછી આ અઠવાડિક સાબ્બાથ નહિ, પણ અઠવાડિયાના અન્ય કોઈ દિવસે પાસ્ખા પર્વનો દિવસ આવતો હોવાથી એને (લેવીય ૨૩:૫-૭ પ્રમાણે) 'મોટો સાબ્બાથ (વિશ્રામવાર) કહ્યો છે ?*

◆ **જવાબ :**

ઉપરના પ્રશ્નને સ્પષ્ટ કરવા મેં તેમાં કેટલાંક ફેરફાર કર્યા છે, અને સુગમતાને ખાતર મેં રેફરન્સો આપ્યાં છે. "દાનિયેલ" વિષેના મારા પુસ્તકની બીજી આવૃત્તિના ૧૨૫માં પૃષ્ઠ પર મેં આપ્યું છે કે પ્રભુ ઈસુનું ક્રૂસારોહણ ઇ.સ. ૩૨ના એપ્રિલની ૧૧મી તારીખે શુક્રવારે થયું. યહૂદી ગણતરી પ્રમાણે એ દિવસ નિસાન (બીજું નામ 'અબીબ') માસનો ૧૪મો દિવસ એટલે પાસ્ખા પર્વનો દિવસ હતો. (નિર્ગ. ૨:૧-૭). અને નિસાન ૧૪મીએ સાંજે ત્રણથી છ વાગ્યા સુધીમાં પાસ્ખાનો હલવાન કપાતો હતા, પ્રભુ ઈસુનું ક્રૂસારોહણ થયું તે શુક્રવાર હતો, અને આપણી તારીખ પ્રમાણે એપ્રિલ ૧૧મી હતી. પ્રભુ ઈસુ પાસ્ખાના આ દિવસે બરાબર સાંજે ત્રણ વાગે પ્રાણ છોડે છે.

એ પછીનો દિવસ શનિવાર, એટલે અઠવાડિક સાબ્બાથ (વિશ્રામવાર) હતો. અને એ દિવસે બેખમીરી રોટલીનું પર્વ શરૂ થતું હતું. તેથી પ્રેરિત યોહાને લખ્યું છે કે "તે વિશ્રામવાર (સાબ્બાથ) મોટો હતો" એટલે કે બેવડી રીતે તે સાબ્બાથવાર હતો. એક તો તે અઠવાડિક સાબ્બાથ હતો, તેમ જ બેખમીરી રોટલીનો એ પ્રથમ દિવસ હોઈને લેવીય ૨૩:૭ પ્રમાણે "પવિત્ર મેળાવડાનો" સાબ્બાથ હતો. ઉપરની આપણી તારીખ પ્રમાણે એ શનિવારે એપ્રિલ ૧૨ હતી, અને એની આગળનો દિવસ શુક્રવાર એપ્રિલ ૧૧મી (અથવા યહૂદી નિસાન માસની ૧૪મી) તે "સિદ્ધિકરણનો દિવસ, એટલે કે સાબ્બાથ માટેની તૈયારીનો દિવસ" હતો. તેથી સંત માર્ક લખે છે કે "સાંજ પડી ત્યારે સિદ્ધિકરણનો દિવસ એટલે વિશ્રામવારનો આગલો દિવસ (શુક્રવાર) હતો..." (માર્ક ૧૫:૪૨) વળી સંત યોહાન પણ લખે છે કે, "તે પાસ્ખાની તૈયારીનો દિવસ હતો, અને તે વિશ્રામવાર (= સાબ્બાથ) મોટો દિવસ હતો. એથી વિશ્રામવારે તેઓનાં મુડદાં વધસ્તંભ પર ન રહે માટે યહૂદીઓએ પિલાતને વિનંતી કરી કે તેઓના પગ ભાંગીને તેઓને ઉપાડી લેવા જોઈએ. " (યોહાન ૧૯:૩૧).

ધર્મશાસ્ત્ર પ્રમાણે પાસ્ખાનું જમણ શુક્રવારે (પાસ્ખાને દિવસે) સાંજે ખાવાનું હતું. સાંજે છ વાગ્યે સાબ્બાથવાર બેસી જાય તે પહેલાં પાસ્ખા ખાઈ લેવાનું હતું. યહૂદી આગેવાનો શુક્રવારે સવારે પિલાતના મહેલમાં ન પેઠા, જેથી કરીને તેઓ વિધિ પ્રમાણે અશુદ્ધ ન થાય અને સાંજે પાસ્ખા ખાઈ શકે.

વળી વધસ્તંભે જડાયેલા તે રાતે કે બીજે દિવસે ટંગાયેલા ન રહે, એ આપણે યોહાન ૧૯:૩૧માં જોયું. પુનર્નિ. ૨૧:૨૨, ૨૩માં આ પ્રમાણે આજ્ઞા હતી કે,

"અને જો કોઈ માણસે મરણયોગ્ય પાપ કર્યું હોય, ને તેને

દેહાંતદંડની શિક્ષા કરવામાં આવ્યાથી તું તેને ઝાડ પર ટાંગે; તો તેની લાશ આખી રાત ઝાડ પર રહે, પણ તે જ દિવસે તારે તેને જરૂર દાટવી. કેમકે ટંગાયેલો દરેક પુરુષ ઈશ્વરને શાપિત છે. એ માટે કે તારો જે દેશ યહોવા તારો ઈશ્વર તને વારસા તરીકે આપે છે તે તારાથી અશુદ્ધ ન થાય."

વળી સાબ્બાથવારે (એટલે શનિવારે) તો તેઓ ટંગાયેલા રહેવા ન જ જોઈએ, કેમ કે સાબ્બાથવાર બહુ પવિત્ર મનાતો. રોમનોને તો વિનંતી કરી. જીવતા માણસોને વધસ્તંભ પરથી ન ઉતારાય. એટલે તેઓના પગ ઘૂંટણો આસપાસથી ભાંગી નાખવામાં આવતા જેથી તેઓ મરી જાય. મોટા હથોડા વડે કે તોતિંગ લોખંડના કકડા વડે જોરથી પગ ભાંગવામાં આવતા.

ત્રણ કારણને લઈને મોત નીપજતું (૧) ભારે પ્રહારને કારણે શરીરને ઘાતક આંચકો લાગતાં મૃત્યુ નીપજતું (૨) નસો તૂટી જતાં પુષ્કળ લોહી વહી જતું, અને પ્રાણ પંખેરું ઊડી જતું અને (૩) પગનો ટેકો જતો રહેતાં આખું શરીર નીચે ઝૂકી પડતું, અને ફેફસાં સંકોચાઈ જતાં, અને શ્વાસ લઈ શકાતો નહિ, એટલે શ્વાસોશ્વાસ બંધ પડતાં મોત નીપજતું. પગ ભાંગવામાં ન આવે તો ઘણી વખત માણસ વધસ્તંભે રિબાતો રિબાતો બે ત્રણ દિવસ જીવતો રહેતો. આમ પગ ભાંગવાનું ભયંકર દુઃખ કૃપા સમાન બની જતું. તેનું થોડી જ વારમાં મોત થતું, અને લાંબી કષ્ટદાયી રિબામણમાંથી તેનો છૂટકારો થતો.

કેટલાક લોકો યૂનાના દાખલા પ્રમાણે પ્રભુ ઈસુ ત્રણ રાત અને ત્રણ દિવસ કબરમાં રહ્યા હોવા જોઈએ એવી ગણતરી કરતાં કહે છે કે પ્રભુ ઈસુને શુક્રવારે નહિ પણ બુધવારે વધસ્તંભે જડવામાં આવેલા અને શનિવારની સાંજે પ્રભુ ઈસુ પુનરુત્થાન પામેલા. એમ બુધવારની રાત, ગુરુવારનો દિવસ તેમ જ રાત, શુક્રવારનો દિવસ

તેમ રાત, અને શનિવારની સાંજે છ વાગ્યા સુધીનો દિવસ - એમ પૂરી ત્રણ રાત અને પૂરા ત્રણ દિવસ તેઓ કબરમાં રહ્યા. પ્રભુ ઈસુ રવિવારે ઊઠયા એવું બાઈબલમાં આપ્યું નથી, એમ તેઓ કહે છે.

તેઓ એમ કહે છે કે બુધવારે પ્રભુ ઈસુને ક્રૂસ પર જડયા તે દિવસ સિદ્ધિકરણ'નો હતો, અને ગુરુવાર બેખમીર રોટલીના પર્વનો દિવસ હોઈ 'મોટો સાબ્બાથ (=વિશ્રામવાર) હતો.'

પણ પ્રભુ ઈસુ શુક્રવારે વધસ્તંભે જડાયા. અને રવિવારે સજીવન થયા, એ વિષે અગાઉ આપણે લંબાણપૂર્વક જોઈ ગયા છીએ. એટલે ફરી લખતો નથી. પ્રભુ ઈસુ રવિવારે સજીવન થયા માટે મંડળી રવિવારને પાળે છે, અને એને પ્રભુવાર કે પ્રભુનો દિવસ કહે છે.

□

# ૩૬ પ્રભુ ઈસુના જીવન સંબંધી બહારની સાક્ષી

◆ **પ્રશ્ન :**

*પ્રભુ ઈસુના જીવન સંબંધી બાઈબલ સિવાય અન્ય કોઈ લખાણ કે લખાણની સાક્ષી છે ?*

◆ **જવાબ :**

બાઈબલની ચાર સુવાર્તામાં પ્રભુ ઈસુનું સંપૂર્ણ જીવનવૃત્તાંત આપવામાં આવ્યું છે. નવા કરારનાં બાકીનાં પુસ્તકોમાં પ્રભુ ઈસુના જીવન તથા શિક્ષણ વિષે સાક્ષી છે. જૂના કરારના એકેએક પુસ્તકમાં પ્રભુ ઈસુની ઝીણી ઝીણી વિગતવારની ભવિષ્યવાણીઓ લગભગ ૩૩૨ જેટલી છે. પણ બાઈબલની બહારની સાક્ષી નીચે પ્રમાણે છે.

૧. કુરાન : સૂરા આલે ઈમ્રાન (નં. ૩) ખાસ કરીને કલમ ૩૩-૬૨. વળી સૂરા નં. ૧૯, મરયમ, કલમ ૧-૩૯.

૨. યહૂદી તાલ્મુદો - ખાસ કરીને બાબિલોની તાલ્મુદ

૩. એન્સાયકલોપેડિયા બ્રિટાનિકા (છેલ્લામાં છેલ્લી આવૃત્તિ).

૪. કર્નેલિયસ તાસિતસ (ઇતિહાસકાર), જેનો જન્મ ઇ.સ. ૫૨-૫૪માં.

૫. લુસિયસ (બીજી સદીમાં થયો.)

૬. ફ્લેવિયસ જોસિફ્સ - જન્મ ઇ.સ. ૩૭, યહૂદી ઇતિહાસકાર ફરોશી હતો. યહૂદી લશ્કરમાં કમાન્ડર હતો. (ઇ.સ. ૬૬); ઇ.સ. ૭૦માં તિતસના રોમન લશ્કર સામે લડયો હતો. લગભગ અંગ્રેજી બાઈબલના કદમાં ઇતિહાસનાં બે પુસ્તક લખ્યાં છે. પ્રભુ ઈસુ વિષે બધી માહિતી આપી છે.

૭. સતોનિયસ - રોમન ઇતિહાસકાર (ઇ.સ. ૧૨૦)

૮. યુવાન પ્લીની (પ્લીની ધી યન્ગર) ઇ.સ. ૧૧૨ એશિયા માઈનરના બિથુનિયાનો ગવર્નર. રોમન સમ્રાટ ટ્રાજનને લખેલા હવાલો અને પત્રોમાં પ્રભુ ઈસુ વિષે અને ખ્રિસ્તીઓની ઘણી પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કર્યો છે.

૯. તર્તુલિયન (ઇ.સ. ૧૯૭) કાર્થેજની કોર્ટનો તે જ્યુરિસ્ટ હતો, તેમ જ વિખ્યાત ઈશ્વરવિદ્યાશાસ્ત્રી હતો.

૧૦. મારા-બાર-સેરાપિયોનના ઇ.સ. ૭૩નો પત્ર, તેણે જેલમાંથી પોતાના દીકરા સેરાપિયન પર પત્ર લખ્યો હતો, એમાં ઈસુ વિષે ઉલ્લેખ છે. આજે આ પત્ર બ્રિટિશ મ્યુઝિયમમાં છે.

૧૧. ફ્લેગોન - પહેલી સદીનો ઇતિહાસકાર.

૧૨. જસ્ટીન માર્ટયર - ઇ.સ. ૧૫૦ રોમન સમ્રાટ એન્ટોનિયસ પિયુષને તેણે લખેલાં લખાણોમાં.

૧૩. થાદિયસ - સમરૂની ઇતિહાસકાર.

(બાઇબલ સિવાય સ્વર્ગારોહણ વિષે અન્ય સ્થળે માહિતી નથી.)

□

# ૩૭ મૂર્છા અથવા (Slaying of the Spirit) આત્માનો ઘા એ વિષે સમજાવશો

◆ **પ્રશ્ન :**

*કેટલાંક પેન્ટિકોસ્ટલ ગ્રુપોમાં (જૂથોમાં) એક બનાવ બહુ બને છે, અને એક શબ્દ બહુ વપરાય છે. બનાવ આ છે: જૂથનો આગેવાન પાસે ઊભેલા માણસને સ્પર્શ કરે કે, પેલો માણસ પીઠ પર પડી જાય છે. ખાસ કરીને સાજાપણાની મિટીંગોમાં આ વિશેષ બનતું હોય છે. એને માટે તેઓ મૂર્છા શબ્દ વાપરે છે. તો આ બનાવ અને મૂર્છા શબ્દ સમજાવવા વિનંતી.*

◆ **જવાબ :**

આ રિવાજ બાઇબલમાં ક્યાંયે આપવામાં આવ્યો નથી. બાઈબલમાંથી બધા જ સિદ્ધાંતો નીકળે છે. એટલે જેને બાઇબલનો આધાર ના હોય એવા બનાવ કે માનવ અનુભવો શાસ્ત્ર પ્રમાણે નથી. આત્માનો ઘા અથવા Slaying of the spirit. એ બનાવ બાઇબલમાં ક્યાંયે આપવામાં આવ્યો નથી. બાઇબલ વિરુદ્ધનો માનવ-અનુભવ ખરેખર આત્માથી છે ? કે ભૂંડા આત્માની મારફતે છે ?

મૂર્છા શબ્દ સમજવા લઈએ તો બાઇબલમાં એ શબ્દ વાપરેલો છે પણ ઉપરોક્ત બનાવો સાથે તેને કાંઈ સંબંધ નથી. ચાલુ વર્ષની શરૂઆતમાં એક પુસ્તકનું વિમોચન થયું. તેમાં મૂર્છા શબ્દ બાઇબલમાં કેટલેક ઠેકાણે વાપરેલો બતાવ્યો છે, પણ ઉપરોક્ત બનાવો સાથે તે સુસંગત નથી.

**પાછા અથવા પીઠ પર પડી જવું :**

એ બાઈબલમાં ફક્ત એક જ ઠેકાણે રજૂ થયેલો છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તને વિરોધીઓ ગેથસેમાને બાગમાં પકડવા આવ્યા, ત્યારે વિરોધીઓ પીઠ પર પાછળ પડી ગયા. એમાં કોઈ આત્મિક અનુભવની વાત નથી. અહીં વિરોધીઓ શેતાનના હાથમાં સપડાયેલા છે.

જો પવિત્ર આત્મા આવે ત્યારે માણસ પડતો હોય તો તે આભારસ્તુતિ કરતો આગળ ઘૂંટણે પડે, અને ઈશ્વરનો આભાર માને, અને પવિત્ર આત્માથી ભરપૂર બને. પણ પાછળ પડવામાં, અથવા મૂર્છામાં એવું કંઈ હોતું નથી.

નડિયાદમાં ઘણાં વર્ષો પર સાધુ પરદેશીની સભાઓ ચાલતી હતી, ત્યારે કેટલાક માણસો એકાએક પાછળ પડી જતા. તેમના વિષે કહેવામાં આવતું કે, તેમનામાં પવિત્ર આત્મા આવ્યો છે. પણ તેમનાં મોઢાં મ્લાન અને પરસેવાથી રેબઝેબ બનેલાં હતાં. અને તેઓ વિચિત્ર વિચિત્ર ભાષાઓ બોલતા એવા દરેક પ્રસંગે હું ત્યાં હાજર હતો, અને મને લાગતું કે, કહેવાતા આત્મા પામેલી વ્યક્તિઓનાં ચારિત્ર્યો એવાં હતાં કે, તેઓ પવિત્ર આત્મા પામ્યા છે, તેમ કહી શકાય નહિ.

સને ૧૯૩૭માં હું જબલપુરમાં હતો, ત્યારે સાધુ જીવનરત્નમની સભાઓ ત્યાં ચાલતી હતી. એ રાત્રિ સભાઓમાં ઘણાં અશુદ્ધ આત્માના વળગાડવાળા અને માનસિક બિમારો ત્યાં આવતાં હતાં. સાધુ જીવનરત્નમ્ તેમની પાસે આવીને તેમને સ્પર્શ કરતા, ત્યારે તેઓ ઊંધા પડી જતા. વાળ છૂટા કરી નાખતાં અને ધૂણવા લાગતાં હતાં. તેઓ સાજાપણું પામ્યાં નહોતાં.

પવિત્ર આત્મા આવે ત્યારે માણસો ઘૂંટણે પડીને પ્રભુની

આભારસ્તુતિ કરે અને પ્રભુનાં વચનો બોલે. એક વિચિત્ર માનવ અનુભવ જેને ટોરેન્ટો બ્લેસીંગ તરીકે ઓળખવામાં આવે છે, ચાલુ સદીની શરૂઆતે કેનેડાનાં ટોરેન્ટો નામના એરપોર્ટ પર આવી એક રાત્રિ માટેની સભા રાખવામાં આવી હતી. પણ તે સભાઓ ઘણા મહિનાઓ સુધી ચાલી હતી. અને ત્યાંથી વધીને જર્મનીમાં અને પશ્ચિમી યુરોપમાં આ પ્રવૃત્તિ ખૂબ ફેલાઈ હતી. આમાં સેંકડો કરતાં વધારે એવાં કહેવાતાં આત્મા પામેલાં નરનારીઓ રાત્રિભર ભોંય પર આળોટતાં હતાં, જોસજોસથી મોટેથી હસ્યા કરતા હતાં. અને કૂતરાની પેઠે આખી રાત ભસભસ કરતાં હતાં. તેને ટોરન્ટો બ્લેસીંગ તરીકે ઓળખવામાં આવે છે. અને હજી પણ તે પ્રવૃત્તિ ચાલે છે. (આ બધી હકીકત લાઈટ ઓફ લાઈફ ઓગસ્ટ ૧૯૭૫ના અંકમાંથી મેં લીધેલી છે.)

□

# ૩૮ પ્રભુનું પુનરાગમન અને યરુશાલેમના બનાવો

બાઈબલમાં લેવીયના પુસ્તકમાં રણશિંગડાના પર્વ વિષે આપવામાં આવ્યું છે. યહૂદીઓના તીસરી માસમાં રણશિંગડાના પર્વ સંબંધી આપવામાં આવ્યું છે. પ્રભુ ઈસુના પુનરાગમન વખતે રણશિંગડું વાગશે. ભવિષ્યવાણી પ્રમાણે પ્રભુ ઈસુનું પુનરાગમન તીસરી માસમાં થશે. (વધારે સ્પષ્ટીકરણ માટે મારું પુસ્તક અજાયબ ભવિષ્યવચનો મુક્તિ યોજનાનાં સાત પર્વોમાં સાતમું પર્વ પાના નંબર ૫૫ થી આગળ જુઓ) ઓક્ટોબરની પહેલી બીજી તારીખે યહૂદીઓનું નવું વર્ષ રોશ હાસાના એટલે રણશિંગડાનું પર્વ હતું. કેટલાય લોકો મને પૂછતા આવ્યા છે કે, આ વર્ષે યહૂદીઓનો તીસરી માસ ક્યા મહિનામાં આવે છે :

પ્રભુ ઈસુ ખ્રિસ્ત ગગનમાં આવશે ત્યારે ખ્રિસ્તવિરોધીની પ્રવૃત્તિ એની ચરમ સીમાએ પહોંચેલી હશે.

યરુશાલેમમાં **ધર્માન્તર વિરોધી બિલ** તાજેતરમાં યરુશાલેમની યહૂદીઓની પાર્લામેન્ટ નેસતમાં આવીને પડયું છે. આ બિલનો ભાવાર્થ છે કે, જો કોઈ માણસ યહૂદીઓને ખ્રિસ્તીધર્મમાં લાવે, સમજાવે, શીખવે કે તેને ટ્રાક્ટો કે સુવાર્તા આપે, તો તે માણસને એક માસની જેલ ભોગવવી પડશે. આવી જ બાબતો ધ્યાનમાં લઈને પ્રભુ ઈસુ ખ્રિસ્તે કહ્યું હતું કે, આ બધું બનતું તમે જુઓ, ત્યારે જાણજો કે, હું બારણા પાસે જ છું.

બીજી બાબત, યહૂદી રાબ્બીઓનું માનવું છે કે, મંદિર બાંધવા માટે કે શુદ્ધ કરવા માટે લાલ વાછરડાનું બલિદાન દેવું પડે. અને

આજકાલ રાબ્બીઓ બહુ હર્ષમાં આવી ગયા છે કે, આજે બે હજાર વર્ષ પછીથી પહેલી જ વાર ઇઝરાયલમાં લાલ વાછરડો જન્મ્યો છે. આમ, રાબ્બીઓ યરુશાલેમમાં મંદિર બાંધવાના વિચારમાં રાચી રહ્યા છે.

□

## ૩૯ આપણા અગાઉનાં વહાલાંઓને પ્રભુના પુનરાગમન વખતે આપણે પાછા મળીશું ?

◆ **પ્રશ્ન :**

*આપણાં અગાઉનાં વહાલાંઓને પ્રભુના પુનરાગમન વખતે આપણે પાછાં મળીશું ?*

◆ **જવાબ :**

વહાલાં માતપિતા ને બાળકોને સહુને જોઈશું તે સુખધામ. પૃથ્વી પરથી તેમણે વિદાય લીધી ત્યારે તમે કેવું હૈયાફાટ રુદન કરતાં હતા. પ્રભુ ઈસુના પુનરાગમન વખતે આપણે તેઓ સર્વને આનંદમાં રાચતાં અને પરમશાંતિમાં જોઈશું, ત્યારે તમે ત્યાં કેવાં ખુશીખુશી થઈ જશો ! તમારો આનંદ તો માશે નહિ.

આ ઉપરાંત તમને પ્રભુ પાસે લાવનાર મિશનેરીઓ, પાળકો, શિક્ષકો, સર્વ પણ ત્યાં મળશે. તેમને મળવાથી કેવો આનંદ થશે.

ચીનના પેલા બુઢ્ઢા મિશનરીની વાત તમે સાંભળી છે ? જુવાન મિશનરી તો રાજીનામું આપીને પોતાના વતન જવા તૈયાર થઈ ગયા હતા. ત્યારે બુઢ્ઢા મિશનરીએ કહ્યું : “મેં તો સુવાર્તા પ્રગટ કરતાં કરતાં ચીનમાં જ મરવાનું નક્કી કર્યું છે”

ત્યાં ઉપર સ્વર્ગમાં એક ચીની છોકરી મારો હાથ પકડીને મને પ્રભુની પાસે લઈ જશે, અને કહેશે “પ્રભુ, હું તો તમારા વિષે જાણતી નહોતી પણ આમણે મને તમારા વિષે શીખવ્યું, એટલે આજે હું અહીં છું એટલે પ્રભુ હસી પડશે.”

પછી એક જુવાન ચીનો મારો હાથ પકડીને મને પ્રભુ પાસે લઈ જશે અને કહેશે કે “પ્રભુ હું તો બરબાદીના માર્ગ પર હતો,

પણ આમણે મને તમારા વિષે કહ્યું અને જીવનના માર્ગ પર આણ્યો, તેથી આજે હું અહીં છું". ફરી પાછા પ્રભુ હસી પડશે.

હું મારી જગાએ બેઠો હોઈશ, ત્યાં એક બુઢ્ઢો ચીનો મને પ્રભુ પાસે લઈ જશે. અને કહેશે કે "પ્રભુ જિંદગીના આરે હું આવી ગયો હતો. પણ આમણે તમારા વિષે કહીને મને ઉગારી લીધો. એટલે આજે હું અહીં છું." અને પાછા પ્રભુ હસી પડશે, અને ચીની બુઢ્ઢો પણ હસી પડશે અને પ્રભુ મને બાથમાં લઈ લેશે અને કહેશે "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર તને ધન્ય છે, તું તારા પ્રભુના આનંદમાં પેસ." એટલે હવે મેં નિર્ણય કર્યો છે કે, હું તો ચીનમાં જ સુવાર્તા પ્રગટ કરતો કરતો મરણ પામીશ.

તમારો નિર્ણય શો છે ?

□

# ૪૦ ભૂમિ તળેનાં કોણ ?

♦ **પ્રશ્ન :**

*ફિલિપી. ૨:૯,૧૦ કલમોમાં લખ્યું છે કે, "એને લીધે ઈશ્વરે તેને (પ્રભુ ઈસુને) ઘણો ઊંચો કર્યો, અને સર્વ નામો કરતાં તેણે તેને (પ્રભુ ઈસુને) એવું શ્રેષ્ઠ નામ આપ્યું કે આકાશમાંનાં, ભૂમિ પરનાં તથા ભૂમિ તળેનાં સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે; અને ઈશ્વર બાપના મહિમાને અર્થે દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે." અહીં "ભૂમિ તળેનાં સર્વ" એ કોણ ? અને ક્યારે બનશે ?*

♦ **જવાબ :**

પ્રથમ તો "સર્વ ઈસુને નામે ઘૂંટણે પડીને નમે" ને દરેક જીભ કબૂલ કરે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે, એ બાબત ક્યારે બનશે તે આપણે જોઈ લઈએ. પ્રભુ ઈસુ પૃથ્વી પર ઊતરશે તે પછી આ બાબત બનશે. બે વખત એ પૂરી થશે. પ્રભુ ઈસુ પૃથ્વી પર યરુશાલેમમાં 'દાવિદની ગાદી સ્થાપીને' સર્વ ઉપર એક હજાર વર્ષ માટે રાજ્ય કરશે ત્યારે એ પૂર્ણ થશે. અને એ પછી "બાકી રહેલાં મૂએલાં એ એક હજાર વર્ષના રાજ્ય પછી જીવતાં થશે, અને તેઓનો ન્યાય કરવામાં આવશે, ત્યારે સૌ કોઈ પ્રભુ ઈસુને નમશે અને કબૂલ કરશે. પણ એથી તેમને મુક્તિ (ઉદ્ધાર) મળશે નહિ, કેમ કે એ તક તેમને માટે રહી નથી. મૃત્યુ પછી મુક્તિની તક નથી."

**"આકાશમાંના"** એટલે દૂતગણો અને સ્વર્ગે ગયેલા સંતો. એ સંતો (જૂના કરારના સંતો અને કૃપાના જમાનાની મંડળી) પ્રભુ

ઈસુની સાથે પૃથ્વી પર આવ્યા હશે તેઓએ તો વિશ્વાસથી પ્રભુ ઈસુનો સ્વીકાર કર્યો છે જ. "ભૂમિ પરના" તે સમયે જે શેષ યહૂદી પ્રજા જીવતી રહેલી હશે તેઓ (ઝખા. ૧૨:૧૦-૧૧), તેમ જ ઘેટાં પ્રજાઓ" (માથ્થી. ૨૫:૩૧-૪૧). તેઓ પ્રભુ ઈસુને કબૂલ કરશે, અને તેની પ્રજા તરીકે ઘૂંટણે પડશે. "ભૂમિ તળેનાં" અને છેલ્લા ન્યાયકાળ વખતે નર્કે નંખાનાર બધા પાપીઓ (પ્રકટી. ૨૦:૧૧-૧૫), તેમ જ અગ્નિ-ખાઈમાં નંખાયેલો શેતાન, જૂઠો પ્રબોધક, ખ્રિસ્તવિરોધી (શ્વાપદ), તેમ જ શેતાનના સર્વ અપ-દૂતો (પ્રકટી. ૧૯:૨૦, ૨ પિતર, યહૂદા ૧:૬, ૨૦:૧૦).

વળી ૧ કોરિંથી ૧૫:૨૫, ૨૬માં આપ્યું છે તેમ "તે (પ્રભુ ઈસુ) પોતાના સર્વ શત્રુઓ પગ તળે નહિ દાબે, ત્યાં સુધી તેણે રાજ કરવું જોઈએ.... કેમ કે ઈશ્વરે સઘળાંને તેના પગ તળે આધીન કર્યા." આમ, બધાં જ તેમને આધીન થઈને તેમને કબૂલ કરશે, તેમની આગળ ઘૂંટણે પડશે, અને તેમની "જીભો કબૂલ કરશે કે ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે.'

શેતાન અને તેના અપદૂતો ઈશ્વરને તથા પ્રભુ ઈસુને ઓળખતા હતા. (અયૂબ ૧:૬-૧૨, લૂક ૪:૪૧, માર્ક ૫:૬-૮, ૨:૧૧, ૧:૩૪, માથ્થી ૮:૨૯, વગેરે), પણ તેઓ બળવો કરીને ઈશ્વરની તથા ઈશ્વરપુત્રની આણ સ્વીકારતા નહોતા, તેઓ પણ આધીન થશે, ઘૂંટણે પડશે, અને પ્રભુ ઈસુને કબૂલ કરશે.

□

# બાઇબલ અભ્યાસ
# ભાગ ૧ થી ૧૦માં
# છપાયેલા પ્રશ્નો અને જવાબ

# ભાગ-૧

૧. બાઈબલ-વાચન (કાવ્ય)
૨. દેવના દીકરા અને માણસોની દીકરીઓનો ગૃહસંસાર
૩. 'યહોવાહ' કે 'યહોવા' ?
૪. માગીઓ કેટલા આવ્યા હતા ?
૫. યૂસફ યાકૂબનો તેમ જ હેલીનો દીકરો કેવી રીતે હોઈ શકે?
૬. કાઈન પત્ની ક્યાંથી લાવ્યો ?
૭. ઈશ્વરપણામાં પિતા અને પુત્ર સરખા કે ઓછાવત્તા ?
૮. અઠવાડિયાના દિવસો
૯. ઈસુ ખ્રિસ્તને ક્રૂસ પર ક્યારે જડવામાં આવ્યા ? સવારમાં નવ વાગે કે બપોરે બારના સુમારે ?
૧૦. ઈસુના ક્રૂસારોહણની જગાને "ખોપરીની જગા" કેમ કહે છે?
૧૧. ક્રૂસ પર પિલાતે ચોઢાવેલું તહોમતનામું પ્રત્યેક સુવાર્તામાં જુદું જુદું કેમ છે ?
૧૨. ઈસુના મૃત્યુનું કારણ શું ?
૧૩. બાળક પાપ રહિત કહેવાય કે કેમ ?
૧૪. વધસ્તંભ પર પગ ભાંગવાનું કારણ શું ? પગ ભાંગવાથી શું થાય ?
૧૫. 'માળી' કે 'કૃષિકાર' ?
૧૬. 'માન્ના' કુદરતી કે ચમત્કારિક ?'
૧૭. રંજુ ગુમ થઈ ગઈ (વાર્તા) (પ્રભુ ઈસુના આવવાની વેળાએ)
૧૮. મગ્દલાની મરિયમ પાપિણી સ્ત્રી હતી ?
૧૯. અન્યાયીપણાના દ્રવ્યથી મિત્રો કરી લેવા એટલે શું ?

૨૦. હિંસક પ્રાણીઓનો સ્વભાવ બદલવા વિષેનું ભવિષ્યકથન ક્યારે પૂરું થશે ?

૨૧. ઉત્પત્તિકાળે પહેલે દિવસે સૂર્ય વિના પ્રકાશ ક્યાંથી આવ્યો?

૨૨. "સાપના જેવો હોશિયાર અને કબૂતરના જેવા સાલસ" એટલે શું ?

૨૩. અબ્રાહમ ત્રણ કોમનો પિતા શી રીતે ?

૨૪. 'મૂએલાંનો નહિ પણ જીવતાંનો દેવ' એટલે શું ?

૨૫. "એક લાખ ચુમ્માળીસ હજાર કુંવારા" - એ કોણ ?

૨૬. બાઈબલમાં સાતની સંખ્યા

૨૭. ઈસ્ટરની તારીખ કેવી રીતે નક્કી થાય છે ?

૨૮. 'હાલેલૂયા' એટલે શું ?

૨૯. ઈસુ વિષે ફિલ્મ

૩૦. અધઃસ્થાનમાં ઊતરવું એટલે શું ?

૩૧. ઈસુ ખ્રિસ્તના લોકોને માટે ન્યાયકાળ નથી થવાનો શું ? ન્યાયકાળ જુદા જુદા છે ?

૩૨. પુનરુત્થાન એક જ છે કે અનેક ?

૩૩. પ્રભુ ઈસુનું બીજીવારનું આવવું 'ચોરની પેઠે' છૂપું થશે ? કે પછી દિશાઓ ભરી દેતી ઝળાંઝળાં ઝબૂકતી વીજળી જેવું જગજાહેર થશે ?

૩૪. પહેલાં ઈશ્વર માફી બક્ષે કે આપણે ?

૩૫. કદી માફ ન થાય એવું પાપ કયું ? પવિત્ર આત્માની વિરુદ્ધનું પાપ એટલે શું ?

૩૬. જાણી જોઈને કરેલું પાપ માફ ન થાય ?

૩૭. ઈશ્વર આપણને પરાજય આપે છે કે જય પમાડે છે ?

૩૮. મુક્તિ પામ્યા પછી માણસ પતિત બનીને નર્કમાં નંખાય ?

૩૯. માથ્થીના ૧૩મા અધ્યાયમાં આપેલાં દૃષ્ટાંતોનો ખરો શાસ્ત્રાર્થ શું થાય ?

  ક. ઘઉં અને કડવા દાણાનું દૃષ્ટાંત

  ખ. રાઈના બીનું દૃષ્ટાંત

  ગ. ખમીરનું દૃષ્ટાંત

  ઘ. સંતાડેલા દ્રવ્યનું દૃષ્ટાંત

  ચ. સારાં મોતી શોધનારનું દૃષ્ટાંત

  છ. જાળનું દૃષ્ટાંત

૪૦. 'મારિયા' કે 'મરિયમ' ?

૪૧. 'આમીન' એટલે શું ?

૪૨. ઈશ્વર દેહધારી થઈ શકે ?

૪૩. દુનિયાની આટલી બધી ભાષાઓ કેવી રીતે અસ્તિત્વમાં આવી ? શું એ વિષેનું બાઇબલનું વૃત્તાંત સાચું છે ?

૪૪. 'દીનાર' એટલે શું ?

૪૫. સ્વપ્ન દ્વારા દોરવણી યા ચેતવણી

૪૬. કીડી પરથી બોધ

૪૭. મંડળીને મહા વિપત્તિમાં થઈને પસાર થવું પડશે કે નહિ ?

૪૮. માણસોને 'દેવો' કેમ કહ્યા છે ?

૪૯. 'બીજાં ઘેટાં' ક્યાં ?

૫૦. મરેલાંને માટે બાપ્તિસ્મા લેવું એટલે શું ?

૫૧. પ્રભુ ઈસુના પુનરાગમન વખતે બનનારા બનાવો અને એ વિષેનાં ભવિષ્યકથનો

૫૨. હાડેસ, નરક, ગેહેન્ના અને શેઓલ - એ બધાંમાં શો ફરક છે ?

૫૩. પ્રભુ ઈસુનો શારીરિક દેખાવ કેવો હતો ?

## ભાગ-૨

૧. પ્રભુ ઈસુનો જન્મ કયા મહિનામાં અને કઈ તારીખે ?

૨. પ્રભુ ઈસુનો જન્મ ક્યારે થયો ?

૩. બેથલેહેમનો તારો એ કયો તારો ?

૪. બળતું ઝાડવું કેમ ભસ્મ નહોતું થતું ?

૫. પ્રભુ ઈસુના ભાઈઓ

૬. "ઝૂફાથી મને ધોજે" એટલે શું ?

૭. શલોમોનની સેનાની વાર્ષિક આવક કેટલી ?

૮. "પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે" એટલે શું ?

૯. "ઈશ્વરના જેવું ભલુંભૂંડું જાણનારાં" એટલે શું ?

૧૦. ઈસુ ખ્રિસ્ત પરિપૂર્ણ નહોતા શું કે તેમને દુઃખ દ્વારા પરિપૂર્ણ કર્યા ?

૧૧. દાનિયેલનાં સિત્તેર અઠવાડિયાંનો ખુલાસો. (સિત્તેર અઠવાડિયાં, પ્રભુ ઈસુનો જન્મ ક્યારે ? પ્રભુ ઈસુનું મૃત્યુ ક્યારે થયું ? અઠવાડિયાનું માપ; યહૂદીઓનું વર્ષ)

૧૨. પ્રભુ ઈસુ કેટલા દિવસ કબરમાં રહ્યા ?

૧૩. યોહાન એલિયાનો અવતાર ગણાય કે નહિ ?

૧૪. યહૂદીઓનું પંચાગ (કેલેન્ડર)

૧૫. પ્રતિષ્ઠાપર્વ શું છે ?

૧૬. ૧ થેસ્સા ૨:૬માં જણાવેલો "અટકાવનાર" કોણ ?

૧૭. પ્રભુ ઈસુના મૃત્યુ માટે યહૂદાને શા માટે દોષિત ગણવો ?
(પ્રભુનું પૂર્વજ્ઞાન અને પૂર્વસંકલ્પ; નસીબવાદ, કિસ્મતવાદ)

૧૮. 'ભૂતો" શું છે ? એમની હયાતી છે ?
(શમુએલ કબરમાંથી ઊઠીને આવ્યો હતો ?)

૧૯. પુનરુત્થાનમાં પરણવા-પરણાવવાનું નથી ? (સ્ત્રી પુરુષની જાતિ રહેશે કે નહિ ?)

૨૦. ભટકેલાં પાપીઓનો ન્યાય બે વખત થશે ?

૨૧. માણસો માટે ઈશ્વરના ઠરાવો (પૂર્વસંકલ્પ) અને કિસ્મતવાદમાં શો ફરક ?

૨૨. પ્રભુ ઈસુની વંશાવળી

૨૩. મનુષ્યજાત પૃથ્વી પર કેટલાં વર્ષોથી છે ?

૨૪. જળપ્રલયનો વિસ્તાર કેટલો ?

૨૫. શાઉલનું મૃત્યુ કેવી રીતે થયું ? - લડાઈમાં મરાયો ? આપઘાત કર્યો ? કે ખૂન થયું ?

૨૬. અયૂબ માણસના પુનરુત્થાનનો નકાર કરે છે કે, પુનરુત્થાનમાં માને છે ?

૨૭. ઈસુ ખ્રિસ્ત પિતાની સમકક્ષ કે ઉતરતા ?

૨૮. "ગિરિપ્રવચન"નાં બે વૃત્તાંતમાં તફાવત કેમ ?

૨૯. ઈશ્વર એક જ છે કે ત્રણ મળીને એક (ત્રૈએક) છે ?

૩૦. "પાસ્ખા" એટલે શું ? યહૂદીઓ પાસ્ખામાં હલવાન કેમ નથી કાપતા ?

# ભાગ-૩

૧. "સર્વસમર્થ ઈશ્વર" નામનો શો અર્થ થાય છે ?

૨. "શેકેલ" એટલે શું ?

૩. બિન-બાપ્તિસ્મી બાળકો સ્વર્ગે જશે ?

૪. માનવજાતના ઉત્પત્તિકાળે ભાષા હતી ?

૫. પવિત્ર આત્માનું બાપ્તિસ્મા એટલે શું ?

૬. બે રણશિંગડાનો અર્થ શો છે ?

૭. ઈશ્વર કદી પશ્ચાતાપ કરે ?

૮. સ્વર્ગ કેટલાં છે ?

૯. બાઈબલ પુનર્જન્મ વિષે શીખવે છે ?

૧૦. મથૂસેલાહના લાંબા આયુષ્યનું મહત્વ ?

૧૧. મૂળ બાઈબલમાં કેટલાં પુસ્તકો હતાં ?

૧૨. હાલની પૃથ્વીનો નાશ થશે તો શું તદ્દન નવી પૃથ્વી બનાવવામાં આવશે ?

૧૩. "તેનો નાશ ન થાય" એટલે શું (યોહાન ૩:૧૬)

૧૪. વિશ્વ ઉત્ક્રાંતિનું પરિણામ કે ઈશ્વરના સર્જનકાર્યનું ?

૧૫. પ્રભુ ઈસુનું નામ 'ઈમ્માનુએલ' પાડવાનું હતું તો 'ઈસુ' કેમ પાડ્યું ?

૧૬. ઈસુના નામનો ઉલ્લેખ (બાઈબલ સિવાય) બીજે છે ?

૧૭. પ્રભુ ઈસુને રૂ. ૩૦માં જ કેમ વેચ્યા ?

૧૮. લોહી અને પાણી કેમ નીકળ્યાં ?

૧૯. કોરડા કેવા હતા ?

૨૦. વધસ્તંભની સજા શું છે ? અને ક્યાંથી આવી ?

૨૧. (પ્રક્ટીકરણ ૧૨માં જણાવેલી) સૂર્યથી વેષ્ટિત સ્ત્રી કોણ ?

૨૨. ખ્રિસ્ત સૃજનહાર કે સૃજાયેલી વ્યક્તિ ?

૨૩. ઈશ્વરપિતા અને ઈશ્વરપુત્ર મોટા-નાના કે સરખા ?

૨૪. બેમાંથી કઈ સંખ્યા ખરી ? - ૨૩,૦૦૦ કે ૨૪,૦૦૦ ?

૨૫. કઈ કીમત ખરી ? - પચાસ શેકેલ રૂપું કે, 'છસ્સો શેકેલ સોનું ?'

૨૬. ઈસુનો જન્મ "કુંવારીની કૂખે" થયો ? (વિજ્ઞાનની રીતે એ ખરું હોઈ શકે ?)

૨૭. યૂસફને બમણો હિસ્સો કેમ ?

૨૮. એલિયાએ ક્યારે પત્ર લખ્યો ?

૨૯. બાળકો જનમતાંની સાથે જ જૂઠું બોલે ? (ગી.શા. ૫૮:૩)

૩૦. નરકમાં જવાનું નિર્માણ હોય તો પછી તે પાપીઓનો શો દોષ ?

૩૧. શિયાળે કે સાબ્બાથે (વિશ્રાવારે) નાસવું એટલે શું ?

૩૨. "પૃથ્વી અસ્તવ્યસ્ત અને ખાલી હતી" એટલે શું ?

૩૩. હઝકીએલ ૪૦ થી ૪૮ અધ્યાયોમાં દર્શાવેલું મંદિર કયું ? અને એ નદી કઈ ?

૩૪. યોહાને લોકોને ઈસુ વિષે કેવી રીતે જાણ કરી ?

૩૫. જળપ્રલય પૂર્વે માનવીનું સેંકડો વર્ષનું આયુષ્ય હતું ?

૩૬. ઉત્પત્તિના પુસ્તકમાં પૃથ્વીની ઉત્પત્તિનાં બે જુદાં જુદાં વૃત્તાંત છે ?

૩૭. કરારકોશ

૩૮. પ્રભુ ઈસુને માટે અને ઈશ્વરને માટે "તું" વાપરવું કે 'તમે'?

૪૦. સગાં ભાઈબહેનો લગ્ન કરે એ વાજબી છે ?

૪૨. યહૂદાનું મરણ કેવી રીતે થયું ?
૪૨. પિત્તળની ભાગળો હોઈ શકે ?

## ભાગ-૪

૧. વચનના દેશની સરહદ
૨. "દેહના નાશને સારુ શેતાનને સોંપવો" એટલે શું ?
૩. સર્વોપરી સત્તાધીશ કોણ - ઈશ્વર કે શેતાન ?
૪. એદન વાડી ક્યાં છે ?
૫. ઈસુની સાત વાણીમાં 'આજે'નું સ્થાન કયું ?
૬. 'સેલાહ' એટલે શું ?
૭. નાતાલપર્વ પાળવું ઉચિત છે ?
૮. માણસોના આત્મા મરણ પછી ક્યાં જાય છે ?
૯. પ્રભુ ઈસુનું પુનરુત્થાન
૧૦. 'ભારોટિયો' એટલે શું ?
૧૧. 'ન્યાયીપણું' એટલે શું ?
૧૨. અઠવાડિયાના દિવસ કેટલા ?
૧૩. પશ્ચાતાપ અથવા પસ્તાવો એટલે શું ?
૧૪. બાઈબલમાં પડતી મુકાયેલી કલમ
૧૫. INRI એટલે શું ?
૧૬. પ્રભુ ઈસુના ૧૨ થી ૩૦ વર્ષના જીવન વિષે શું ?
૧૭. યહૂદીઓમાં દહનક્રિયા હતી કે દફનક્રિયા ?
૧૮. ઈસુને જોયા કે નહિ ? વાણી સાંભળી કે નહિ ?
૧૯. 'પુત્રપ્રસવ દ્વારા તારણ પામી શકાય ?'

૨૦. ચોવીસ વડીલો કોણ ?

૨૧. ચાર પ્રાણીઓ શું સૂચવે છે ?

૨૨. માણસનો આત્મા અસ્તિત્વમાં ક્યારે આવે છે ?

૨૩. એલિયા યોહાનના રૂપમાં ફરી આવ્યો એ સાચું છે ?

૨૪. પ્રભુ ઈસુની પોતાની સાક્ષી પૂરતી ગણાય કે નહિ ?

૨૫. પ્રભુ ઈસુનો સ્વીકાર ન કરનાર પાપીઓનો ન્યાય ક્યારે ?

૨૬. શા માટે ભવિષ્યવાણીઓનો અભ્યાસ ?

૨૭. "મૂએલાં પોતાના મૂએલાંને દાટે" એટલે શું ?

૨૮. બાપ્તિસ્મા અને તારણ (મુક્તિ) પ્રશ્ન ૪૦ (પૃ. ૧૦૩-૧૧૦ ઉપર) ચાલુ

૨૯. પાપો શાનાથી ધોવાય ? - લોહીથી કે પાણીથી ?

૩૦. માગીઓ અને તારા બાબતમાં કેટલીક ગેરસમજૂતી

૩૧. 'યહોવા' શબ્દ નવા કરારમાં કેમ નથી ?

૩૨. પાઉલે જણાવેલાં દર્શન તથા પ્રકટીકરણ કોને થયાં ?

૩૩. સભાશિક્ષક ૧૨માંની ઉપમાઓ

૩૪. નોદ દેશમાં ક્યા લોકો હતા ?

૩૫. 'આત્મા' એટલે શું ?

૩૬. આપણે પોતપોતાનું તારણ પોતે જ સાધી લેવાનું છે ?

૩૭. પરીક્ષણમાં કોણ નાખે ? - શેતાન કે ઈશ્વર ?

૩૮. બે સુધારા
(૧) પ્રે.કૃ. ૧૯:૧૬, (૨) યશાયા. ૪૦:૨૮.

૩૯. બાઈબલમાં 'ડાયનાસોર' વિષે કંઈ જ નોંધ કેમ નથી ?

૪૦. બાપ્તિસ્મા અને તારણ (મુક્તિ) [પ્રશ્ન ૨૮ (પૃ.૭૨-૭૩થી ચાલુ]

૪૧. સમ (શપથ) ખાવા કે નહિ ?

## ભાગ-૫

૧. ખ્રિસ્તવિરોધી કોણ છે ?

૨. જગતના અંતની શી નિશાની ?

૩. ઉત્પત્તિ ૪૯:૧૦નો શો અર્થ થાય ?

૪. ગણના ૨૪:૧૭માં બલઆમ કોના વિષે કહે છે ?

૫. "એક કાનો અથવા એક માત્રા જતી રહેશે નહિ." એટલે શું?

૬. "અનંતકાળનો નાશ" એટલે શું ?

૭. આપણાં પ્રભુમંદિરો (દેવળો) પવિત્ર સ્થળો છે ?

૮. "આકાશમાંના રાજય પર બળાત્કાર" એટલે શું ?

૯. માર્ક ૬:૧માં અમુક ભાગ કેમ પડતો મૂકાયો છે ?

૧૦. નાતાલ અને X-Masનો અર્થ શો ?

૧૧. યહોવા કોણ ?

૧૨. 'ઓરડી' કે 'ઓરડીઓ' (ઉત્પત્તિ ૬:૧૪).

૧૩. નૂહના વહાણમાં આટલાં બધાં પ્રાણીઓ-પંખીઓ સમાઈ શકે ખરાં ?

૧૪. ખ્રિસ્તનો અભિષેક ક્યારે થયો ?

૧૫. મૂસાના શબની શી તકરાર હતી ? (યહૂદા ૧:૮) (જૂઓ નં ૨૮)

૧૬. પિત્તળના ઢાળેલા સમુદ્રનું માપ ખોટું ?

૧૭. પ્રભુના પુનરાગમનની હજી વાર છે ?

૧૮. "અગાઉ થયેલાં પાપ" ક્યાં ? (રોમન ૩:૨૫).

૧૯. પત્નીએ પતિને આધીન રહેવું ?

૨૦. 'મંડળી' એટલે શું ?

૨૧. પ્રાર્થના કોને સંબોધવી ?

૨૨. શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? શું એમની કબર કાશ્મીરમાં છે ?

૨૩. શું પ્રભુ ઈસુ ભારત આવ્યા હતા ? (ચાલુ)

૨૪. પ્રભુ ઈસુ ભારત બે વખત આવ્યા ?

૨૫. 'આદિકરણ' એટલે શું ? (પ્રકટી. ૩:૧૪)

૨૬. 'નાશ' એટલે શું ? (યોહાન ૩:૧૬)

૨૭. યહૂદીઓના પંથો અને ન્યાયની અદાલતો

૨૮. મૂસાના શબ વિષે તકરાર (જુઓ નં. ૧૫)

૨૯. 'અંકુર' એટલે શું ?

૩૦. 'બે પર્વતો વચ્ચેથી ચાર રથો' શું છે ? (ઝખા. ૬:૧-૮).

૩૧. "શિનઆર" ક્યો દેશ ?

૩૨. ઝખાર્યા ૧૩:૮-૯માં ત્રીજો ભાગ શું છે ?

૩૩. 'હુસ્સાબ' એટલે શું (નાહૂમ ૨:૭)

૩૪. "સિયોન ખેતરની પેઠે ખેડાશે"આ ભવિષ્યવચન ક્યા સમય માટે છે ?

૩૫. યશાયા ૬૧:૪-૫માં કોની પુનઃસ્થાપના વિષે આપ્યું છે ?

૩૬. "સમયોની સંપૂર્ણતાની વ્યવસ્થા" ક્યારે ?

૩૭. પ્રકટીકરણ ૧:૪માંના "સાત આત્મા" શું છે ?

૩૮. આપણે સ્વર્ગમાં ત્રૈએક ઈશ્વરને જોઈશું ?

૩૯. યાકૂબના કુટુંબના કેટલાં માણસ મિસર ગયાં ?

૪૦. યહોશાફાટનું બે પ્રકારનું વર્તન-એમાં ખરું કયું ?
૪૧. યૂસફને ઈસુની પૂર્વછાયા ગણી શકાય ?
૪૨. યિર્મેયા કે ઝખાર્યા ? (માથ્થી ૨૭:૯)
૪૩. સિરકો શું છે ?
૪૪. નિકોલાયતીઓ અને બલઆમ શું છે ?
૪૫. પ્રભુ ઈસુએ ક્યારે બાપ્તિસ્મા આપ્યું ?
૪૬. સ્વર્ગમાં જમવાનું હશે ?
૪૭. લગ્નના પોશાક વગરનો માણસ
૪૮. આકાશના રાજ્યની ચાવીઓ પિતરને આપી છે ?

## ભાગ-૬

૧. "ઊંઘેલા સંતોનાં ઘણાં શરીર ઊઠયાં"
૨. સિત્તેર કે બોત્તેર શિષ્યો મોકલ્યા ?
૩. મૃત્યુ બધાંને માટે છે ?
૪. ફારગતી પછી લગ્ન થઈ શકે ?
૫. પગ ઢાંકવા !
૬. સીતર્સ !
૭. યુરાક્યુલોન !
૮. ૨ શમુએલ ૨:૨૭
૯. ૨ શમુએલ ૩:૯
૧૦. પુંમૈથુનીઓ !
૧૧. પ્રાર્થના માત્ર ખાનગી ઓરડીમાં જ થઈ શકે ?
૧૨. "બાઈબલ" એટલે શું ?

૧૩. પીતરને સ્વર્ગમાં તથા પૃથ્વી પર બાંધવા છોડવાની સત્તા છે?
૧૪. બાઈબલમાં વારંવાર આવતા 'અધિકારીઓ' અને 'સત્તાધારીઓ' કોણ ?
૧૫. કેટલા ઈઝરાયલીઓ મિસરમાંથી નીકળ્યા ?
૧૬. ઈસુ ખ્રિસ્ત કે ખ્રિસ્ત ઈસુ ?
૧૭. પ્રકટીકરણની સાત મંડળીઓ હાલ હયાત છે ?
૧૮. ઈશ્વર એક ? કે બે ?
૧૯. અયૂબનો બનાવ ક્યારે બન્યો ?
૨૦. પ્રભુ ઈસુ સ્વર્ગથી આવેલા અને ઈશ્વરપુત્ર હતા તેની શી ખાતરી ?
૨૧. "તારા પોતાના ટાંકામાંથી પાણી પી," એટલે શું ?
૨૨. 'ફળ' એટલે શું ?
૨૩. "અઝાઝેલ માટેનો બકરો" એટલે શું ?
૨૪. ઈસુને પવિત્ર આત્મા મળ્યો, અને ઈસુએ પવિત્ર આત્મા મોકલ્યો તે વિષે.
૨૫. 'સાન્હેદ્રિન' એટલે શું ?
૨૬. બદામડીનો ફણગો !
૨૭. પ્રબોધકોના પુત્રો !
૨૮. "તેને ભયના રાજાની હજૂરમાં લાવવામાં આવશે."
૨૯. બેલ્યાલ !
30. તામ્મૂઝ !
3૧. ખોળો ખંખેરી નાખવો !
3૨. માહેર-શાલાલ-હાશ-બાઝ !

૩૩. શું પ્રભુની ઇચ્છા પ્રમાણેની જ પ્રાર્થના સાંભળવામાં આવે છે ?

૩૪. સર્વ ઈસુને નામે ક્યારે ઘૂંટણે પડશે, અને દરેક જીભ ક્યારે કબૂલ કરશે કે 'ઈસુ ખ્રિસ્ત પ્રભુ છે' ?

૩૫. જો ઈશ્વર દુષ્ટતા જોઈ શકતા નથી, તો શેતાન કેવી રીતે તેમની હજૂરમાં જાય ?

૩૬. ઈશ્વરની પ્રતિમામાં સંતોષ !

૩૭. મૃત્યુ પછી સુવાર્તા સાંભળવાની તક મળે ખરી ?

૩૮. અબ્રાહમનાં સંતાન આકાશના તારાઓ અને રેતીના કણ જેટલાં હતાં ખરાં ?

૩૯. "ઈશ્વરનું રાજ્ય" અને "આકાશનું રાજ્ય" એ બે એક જ કે અલગ અલગ ?

૪૦. સાત મંડળીઓનાં નામનો અર્થ શો ?

૪૧. બાઇબલમાં આપેલા ત્રણ પ્રકારના દિવસોનો શો અર્થ થાય છે ?

૪૨. હિબ્રૂ. ૬:૧-૨નો શો અર્થ થાય ?

૪૩. ફિલિપી ૩:૧૭-૨૦માં જણાવેલા બધા ખ્રિસ્તીઓ તારણ પામશે ?

૪૪. પીતરના પહેલા પત્રના ૧:૪માં આપેલા "વતન"નો અર્થ શો ?

૪૫. ઘંટી કે ગધેડાઘંટી ?

૪૬. સાપ ધૂળ ખાય છે ?

૪૭. પ્રકટીકરણના બે સાક્ષીઓ કોણ ?

૪૮. સાત વર્ષના વિપત્તિકાળમાં પૃથ્વી પર પવિત્ર આત્મા હશે ? અને ખ્રિસ્તને અનુસરનારા લોકો હશે ?

૪૯. શા માટે પ્રભુ મૂસાને મારી નાખવા ઇચ્છે છે ?

૫૦. ગેથસેમાનેમાં પિતાના હાથે પ્યાલો અને પ્રભુ ઈસુનું કષ્ટ !

૫૧. માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરા ?

## ભાગ-૭

૧. ધનભંડાર સમું અજાયબ મૃત સરોવર

૨. શિષ્યોને પવિત્ર આત્મા ક્યારે મળ્યો ?

૩. શું પુત્રપ્રસવ દ્વારા સ્ત્રી તારણ પામી શકે ?

૪. 'જીવનનું પુસ્તક' શું છે ?

૫. દુઃખ અથવા અનિષ્ટના પ્રશ્નોનો શો ખુલાસો ?

૬. સાપ ધૂળ ખાય ?

૭. ઈસુએ "આવીને પોતાને ખાલી કર્યો" એટલે શું ?

૮. પાઉલને "દેહમાં કાંટો" એ શું હતું ?

૯. ઈશ્વરને જાતિ હોઈ શકે ?

૧૦. સિત્તેર અઠવાડિયાં સંબંધીનું ભવિષ્યવચન

૧૧. "સંપૂર્ણ થયું" એટલે શું ?

૧૨. ઈસુની કૂખ વીંધી તે આપણે માટે જરૂરી હતું ?

૧૩. પ્રેમ અને હત વચ્ચે શો તફાવત ?

૧૪. કુરાનમાં ઈસુના જન્મ વિષે

૧૫. વેંગણાનું મહત્ત્વ શું ?

૧૬. "ખ્રિસ્તી સંપૂર્ણતા" એટલે શું ?

૧૭. માથ્થીના પહેલા અધ્યાયમાં આપેલી વંશાવળી વિષે

૧૮. "પાપીઓ અને દાણીઓ" કોણ ?

૧૯. સમરૂનીઓ કોણ હતા ?

૨૦. "જગતનો અધિકારી" કોણ ?

૨૧. ગાઝાપટ્ટીમાં બનતા બનાવો અને ભવિષ્યવાણીઓનો શો સંદર્ભ છે ?

૨૨. સૂર્ય કાળો અંધકારરૂપ થઈ જશે કે સાતગણો પ્રકાશિત બનશે?

૨૩. પુનરુત્થાનનાં શરીરો

૨૪. પુનર્જન્મ વિષે વધારે ખુલાસો

૨૫. દેહના નાશને સારુ શેતાનને સોંપવો એટલે શું ?

૨૬. મરણકારક પાપ એટલે કેવું પાપ !

૨૭. ખ્રિસ્તને સોંપાયેલા માણસના પાપનું પરિણામ

૨૮. ઈશ્વર તરફથી દુષ્ટ આત્મા ?

૨૯. "ઈસુ ભારતમાં કદી જ આવ્યા નથી ?"

૩૦. પૃથ્વીને ૬૦૦૦ વર્ષ ક્યારે પૂરાં થશે ?

૩૧. પ્રભુ ઈસુનો જન્મ કઈ સાલમાં થયો ?

૩૨. ગગનગમન વિષે પ્રભુ ઈસુએ કેમ કશું કહ્યું નથી ?

૩૩. સાચે જ જમણો હાથ કાપી નાખવો ?

૩૪. ઈસુનું નામ જૂના કરારમાં નથી ?

૩૫. પહેલી તેમ જ છેલ્લી ભૂલ કઈ ?

૩૬. આત્મઘાત કરનારો સ્વર્ગે જાય કે નર્કે ?

૩૭. ખ્રિસ્તી કન્યા એટલે કોણ ?

૩૮. ઈઝરાયલનાં ભજનસ્થાન ક્યાં અને કેટલાં ?

૩૯. જૂઠું બોલનાર આત્માને ઈશ્વર સફળતા બક્ષે ?

૪૦. પ્રભુ ઈસુએ પુનરુત્થાન બાદ પોતાને અડવાનું મરિયમને કેમ ના પાડયું ?

૪૧. રાહાબ જૂઠું બોલી તોયે તેનો બચાવ કેમ થયો ?

૪૨. ત્રીજે દિવસે કબરે જવાની પ્રથા કેવી રીતે થઈ ?

૪૩. સભામાં સ્ત્રીઓએ માથે ઓઢવાની વાતમાં દૂતોની વાત શા અર્થમાં લાવવામાં આવી છે ?

૪૪. જટામાંસી એટલે શું ?

૪૫. જુદા જુદા સમયે આવેલા મજૂરોને સરખું વેતન ?

૪૬. ઈશ્વર તરફથી દુષ્ટ આત્મા હોઈ શકે ?

૪૭. નૂહના વહાણમાં લેવા માટે જેમ પશુઓના શુદ્ધ-અશુદ્ધ ભાગ પાડયા, તેમ પક્ષીઓના પાડયા કે નહિ ?

૪૮. કપાળ ભૂષણ એટલે શું ?

## ભાગ-૮

૧. ઈશ્વર તરફથી દુષ્ટ આત્મા હોઈ શકે ?

૨. નૂહના વહાણમાં લેવા માટે જેમ પશુઓના શુદ્ધ-અશુદ્ધ ભાગ પાડયા, તેમ પક્ષીઓના પાડયા કે નહિ.

૩. કપાળભૂષણ એટલે શું ?

૪. ઉરીમ અને તુમ્મીમ શું છે ?

૫. બાઈબલમાં અમુક સંખ્યાને મહત્વ

૬. જયેષ્ઠપણું વેચાતું લઈ શકાય ?

૭. ગાલીલમાંથી કોઈ પ્રબોધક નથી ?

૮. ભલુંભૂંડું જાણવાનું અને જીવનનું વૃક્ષ એટલે શું ?

૯. ભલું ભૂંડું જાણવાના વૃક્ષ વિષે વધુ

૧૦. ભલું ભૂંડું જાણવાના વૃક્ષ વિષે વધુ
૧૧. મેલ્ખીસેદેક કોણ છે ?
૧૨. નાતાલ ઉજવવી કે ન ઉજવવી ?
૧૩. ઈશ્વરનું સદેહ થવું એટલે શું ?
૧૪. પ્રથમજનિત
૧૫. 'ય'ને બદલે 'જ' કેમ ?
૧૬. શરીર પર પ્રભુ ઈસુનાં ચિહ્નોની છાપ
૧૭. દિવસની વ્યાખ્યા
૧૮. યાકોબની ઉંમર અને વસવાટ
૧૯. ઈઝરાયલ પ્રજાની મિસર ગુલામી ૪૦૦ વર્ષની કે ૪૩૦ વર્ષની ?
૨૦. ધુમાતી સગડીને બળતી મશાલ એ શું છે ?
૨૧. પ્રકટીકરણના ૨૪ વડીલો કોણ ?
૨૨. સૂર્ય અને ચંદ્ર થંભી જાય શું ?
૨૩. મૃત્યુ પામેલાંની સદ્ગતી કે શાંતિ માટે પ્રાર્થના કરી શકાય?
૨૪. શારોન ક્યાં આવ્યું ?
૨૫. શું પ્રભુ ઈસુ આખા જગતને માટે મોકલવામાં આવેલ કે ફક્ત ઈઝરાયલ લોકો માટે જ ?
૨૬. વ્યાજ લેવું-આપવું વ્યાજબી છે ?
૨૭. બાપ્તિસ્મા
૨૮. પવિત્ર આત્માનો માણસ સાથેનો ટૂંક મુદતી અને કાયમી વસવાટ
૨૯. ખ્રિસ્ત બંદીખાનામાં ગયા કે પારાદૈસમાં ?

૩૦. "બે હજાર ત્રણસે સાંજ સવાર" એ ક્યા સમયની ગણતરી છે ?

૩૧. ૧૨૯૦ દિવસ અને ૧૩૩૫ દિવસની ગણતરી શી છે ?

૩૨. અનીતિવાનની પ્રાર્થના સાંભળવામાં આવે ?

૩૩. માથા પર હાથો મૂકવાની ક્રિયા

૩૪. અબ્રાહામનાં સંતાન આકાશના તારાઓ અને રેતીના કણ જેટલાં હતાં ખરાં ?

૩૫. અયૂબનો વ્યાધિ ક્યો ?

૩૬. જ્યુબિલી

૩૭. પુરીમ પર્વ

૩૮. ભૂંડાઈના હયાતી ઈશ્વર કેમ ચાલવા દે છે ?

૩૯. ખ્રિસ્તી માણસનો આત્મા ક્યાં જાય છે ?

૪૦. ઉપવાસની જરૂર ખરી ?

૪૧. યરેખો શહેર ક્યારે જિતાયું ?

૪૨. પ્રેરિત પાઉલનાં લખાણો અઘરાં છે ?

૪૩. "અંત સુધી ટકી રહેશે તે ધારણ પામશે" એટલે શું ?

૪૪. ઈસુના પગે અત્તર ચોળતી 'એક પાપી સ્ત્રી' અને 'મરિયમ' એ બંને એક જ સ્ત્રી છે ?

૪૫. ઈશ્વરનું ફારૂનનું હ્રદય હઠીલું ક્યું ?

૪૬. વિપત્તિના દિવસોમાં મંદિર ફરી બંધાશે ?

૪૭. પુંમૈથુન એ પાપ છે ?

૪૮. ઉદ્ધાર કરે એવું એક જ નામ.

# ભાગ-૯

૧. યરેખો શહેર ક્યારે જિતાયું ?

૨. પ્રેરિત પાઉલનાં લખાણ અઘરાં છે ?

૩. "અંત સુધી ટકી રહેશે તે તારણ પામશે" - એટલે શું ?

૪. "જો જગા તૈયાર કરીશ..." એ સંશયાર્થ કેમ ?

૫. ઈસુના જન્મ સમયની વસતી ગણતરી ક્યારે થઈ ?

૬. પ્રભુ ઈસુને ભાઈબહેનો હતાં ?

૮. લોહીની સગાઈમાં લગ્ન લાભદાયી કે હાનિકર્તા ?

૯. રણશિંગડાના પર્વ વખતે ચાંદીનાં રણશિંગડાં કે ઘેટીના શિંગના રણશિંગડા વગાડવામાં આવતાં ?

૧૦. પૃથ્વી ઉપર પ્રભુ ઈસુનું એક હજાર વર્ષનું રાજ્ય કેવું હશે ?

૧૧. "માંસ તથા રક્ત" ઈશ્વરના રાજ્યોનો વારસો પામી શકતાં નથી.

૧૨. પવિત્ર આત્માનું "બાપ્તિસ્મા" અને "ભરપૂરીપણું" એટલે શું ?

૧૩. ઈશ્વરે આકાશ તથા પૃથ્વી છ દિવસમાં બનાવ્યાં કે છ યુગમાં?

૧૪. શું બાઈબલનાં બધાં જ વિધાનો ચોક્કસ ખરાં છે ?

૧૫. પૃથ્વીની ઉંમર કેટલી ?

૧૬. ઈશ્વરની પ્રેરણાથી બાઈબલ લખાયું, એટલે શું ?

૧૭. ઈઝરાયલપુત્રો જાંગના સાંધા પરનો સ્નાયુ ખાતા નહોતા ?

૧૮. "એક કુશી સ્ત્રી" - એ કોણ ?

૧૯. મેલ્ખીસેદેક કોણ હતો ?

૨૦. ઈશ્વરના શબ્દ યા વચનોને બાઈબલમાં આપેલી ઉપમાઓ.

૨૧. કુંવારી દ્વારા પ્રભુ ઈસુનો જન્મ.
૨૨. દક્ષિણ ભારતની મંડળી કઈ તરફ જઈ રહી છે ?
૨૩. 'જુઓ, હું થોડીવારમાં આવું છું' એનો ખુલાસો.
૨૪. બીજા સાત અશુદ્ધ આત્માઓને લઈને પાછા આવેલા અશુદ્ધ આત્મા વિષેનો ખુલાસો
૨૫. "ત્રીજે દિવસે" કે "ત્રણ દિવસ પછી" ?
૨૬. પ્રભુ ઈસુના તહોમતનામાના શબ્દો
૨૭. સાબ્બાથ શાળા
૨૮. પાસ્ટરેટ
૨૯. અતર્ક્ય
૩૦. યહોવા
૩૧. વંશાવળીઓ - માથ્થી અને લૂકમાં
૩૨. લાવરીઓ
૩૩. પ્રભુ ઈસુના સિત્તર શિષ્યો કે બોંતેર ?
૩૪. પ્રભુ ઈસુને કેટલા લાગે ક્રૂસ પર જડવામાં આવ્યા ?
૩૫. "તે અધઃસ્તાનમાં ઊતર્યો" એટલે શું ?
૩૬. "તે અધઃસ્તાનમાં ઊતર્યો" એટલે શું ? (ચાલુ)
૩૭. "તે અધઃસ્તાનમાં ઊતર્યો" એટલે શું ? (ચાલુ)
૩૮. પ્રભુ ઈસુનાં ચિત્ર કે ક્રૂસ ઘરમાં રાખવાં એ મૂર્તિપૂજા છે ?
૩૯. દેવ કે ઈશ્વર કે પરમેશ્વર
૪૦. ઈસુબાપ કહેવાય ?
૪૧. 'ભગવાન' શબ્દ વાપરી શકાય ?
૪૨. યહૂદીઓનાં બાર કુળ કે તેર ?

૪૩. "હવે યહોવા દેવનાં બનાવેલાં ખેતરનાં સર્વ જાનવરો કરતાં સર્પ ધૂર્ત હતો ?"

૪૪. 'ઈસ્વીસન' ક્યારથી શરૂ થઈ ?

૪૫. તીડો ખાઈ શકાય ?

૪૬. માતા મરિયમ 'નિષ્કલંક' અને 'નિષ્પાપ' હતાં ?

૪૭. માતાના લોહી દ્વારા પ્રભુ ઈસુમાં પાપ પ્રવેશ્યું નહિ હોય ?

૪૮. "તે વિશ્રામવાર (સાબ્બાથ) મોટો હતો." યોહાન ૧૯:૩૧.

૪૯. પ્રભુ ઈસુના જીવન સંબંધી બહારની સાક્ષી

૫૦. પરીક્ષણ, પરીક્ષા, પ્રલોભન, કસોટી

૫૧. પ્રભુ ઈસુને પરીક્ષણ આવી શકે ?

૫૨. પ્રભુ ઈસુનાં પરીક્ષણો

૫૩. 'અમને પરીક્ષણમાં ન લાવ.'

૫૪. "પ્રભુ ઈસુને નામે માગીએ છીએ."

## ભાગ-૧૦

૧. મા-બાપ, ભાઈ-બહેન અને પત્નીનો દ્વેષ કરવાનું કેમ કહ્યું છે ?

૨. 'છોકરો' અને 'પુત્ર' ! યશાયા ૯:૬

૩. મોશે - ઉત્પત્તિના પુસ્તકનો લેખક ?

૪. આકાશ અને પૃથ્વી ક્યારે બનાવ્યાં ?

૫. 'યહોવાનો દૂત'

૬. ઉત્પત્તિના સાત દિવસ કેટલી લંબાઈના ?

૭. જળપ્રલયનો વિસ્તાર કેટલો ?

૮. ‘આકાશનું રાજ્ય’ એટલે શું ?’

૯. નૂહના દીકરાઓથી થયેલી નવી દુનિયા

૧૦. બાઈબલના મર્મો

૧૧. આકાશના રાજ્યના મર્મો દર્શાવતાં દષ્ટાંતોના ખુલાસા (માથ્થી ૧૩)

૧૨. ‘અનંતકાળનો નાશ’ એટલે શું ?

૧૩. ‘તારણ’ વિષે કેટલાક ખુલાસા

૧૪. ઈશ્વર આફત મોકલે છે ?

૧૫. કેટલાક ખુલાસા

સિમોન કનાની (માર્ક ૩:૧૮)

વિધિયાનુસાર (માર્ક ૭:૩)

‘અને જ્યારે જોગવાઈનો દિવસ આવ્યો ત્યારે’ (માર્ક ૬:૨૧)

કર્તા-હર્તા (૧ કોરિંથી ૧૧:૬)

૧૬. પ્રભુ ઈસુની કૂખમાં ભાલો

૧૭. ‘સર્વ પ્રજાઓને સાક્ષીરૂપ થવા સારુ રાજ્યની આ સુવાર્તા આખા જગતમાં પ્રગટ કરાશે, અને ત્યારે જ અંત આવશે.’ (માથ્થી ૨૪:૨૭).

૧૮. શેતાન ક્યાંથી આવ્યો ?

૧૯. શેતાન વિષે વધુ માહિતી

૨૦. ગેથસેમાનેમાંનાં જૈતૂન વૃક્ષો જ્યાં પ્રભુ ઈસુએ પ્રાર્થના કરેલી.

૨૧. મંડળી અને પેટા-ચર્ચ સંસ્થાઓ

૨૨. દશાંશ કોને કેટલું આપવું ?

૨૩. અત્રે રજૂ કરેલા ચારેય પ્રશ્નો અને તેના જવાબો જુદા જુદા સ્થળે આવેલાં લખાણોને લગતા છે.

૨૪. યરેખોનો કોટ કેવી રીતે તૂટયો ?

૨૫. ઈઝરાયલ લોકોએ ઓળંગેલો સમુદ્ર

૨૬. "સૂર્ય અંધકારરૂપ અને ચન્દ્ર લોહીરૂપ થઈ જશે."

૨૭. યુફ્રેટિસ નદી અને પ્રભુનું પુનરાગમન

૨૮. સસલું વાગોળે છે ? (લેવીય ૧૧:૬)

૨૯. ઉત્પત્તિના પહેલા અને બીજા અધ્યાયમાં "સૃષ્ટિની ઉત્પત્તિનાં બે વૃત્તાંત છે." - એ ખરી વાત ?

૩૦. રાહેલ મૂર્તિપૂજક હતી ? ઉત્પત્તિ ૩૧:૩૪.

૩૧. લ્યુસિફર

૩૨. પ્રભુ ઈસુ મહિમાવંતા શરીર ઊઠયા કે ભૌતિક (પ્રાણી) શરીરે?

૩૩. શરીર, પ્રાણ અને આત્મા એટલે શું ?

૩૪. ઈશ્વરને જોઈને કોઈ માણસ જીવતો રહી શકે ?

□

# લેખકનાં પુસ્તકો

- બોલતા આંકડા(અનુવાદ)
- શબગુફાનો શહિદ(અનુવાદ)
- વધસ્તંભની વાટે(પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઈલમાં
- ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
- બાઈબલ કોણે લખ્યું ? ડ્રામા
- ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગ(અનુવાદ)
- ચોથા માગીની કથા(અંગ્રેજીને આધારે)
- અજાયબ ભવિષ્યવચનો - મુક્તિ યોજનાનાં સાત પર્વ
- ઈસુ જીવન દર્શન - સચિત્ર(બાળકો માટે)
- અનોખી ઇઝરાયલ પ્રજા(ચાર આવૃત્તિ)
- બાઇબલ અભ્યાસ(બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ ભાગ ૧ થી ૧૦) પહેલા અને બીજાનું પુનર્મુદ્રણ
- માનવીના દુઃખમાં ઈશ્વર ભાગ લે ખરો ?(ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ
- યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ?(બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન(પુનર્મુદ્રણ)
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઇઝરાયલ અને બાઈબલ(બીજી આવૃત્તિ)
- ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ(ચાર્ટસ)
- માર્ગદર્શિકા(ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ)
- બાઇબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ(ભાગ ૧)
- બાઇબલનો વિવેચનપૂર્ણ માહિતીકોશ(ભાગ ૨)
- જોષ જોવાનું પાપ(બીજી આવૃત્તિ)
- બાઇબલનો શબ્દકોશ
- આપણાં મધુરાં ગીતોના અધૂરા ઇતિહાસ (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- ઈસુના પગલે પગલે
- અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ (શ્રીમતી જયવંતીબહેનના સહયોગથી)
- બાઇબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં નામ
- માણસના મૃત્યુ પછી તેના શરીર અને આત્માનું શું થાય છે ?
- તમારા સંજોગોના સંચાલક
- ખાલી કબરનો ચુકાદો
- વિશ્વવ્યાપી જળપ્રલય